વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૦મું
માર્ચ : ૨૦૨૫
અંક : ૫૬૨

મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૬૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**ચાલી પીચકારી, ઉડયો ગુલાલ**
**રંગો વરસે વાદળી, લીલો, લાલ**
**હોળીના તહેવારની શુભકામના**



: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય


- શ્રી ચંદ્રકાંત ગોગરીને કેમેક્સિલ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજાયા ........ ૫
- અમેરિકા રહેતા કચ્છીની દાતારી. વતન માટે ૧૭ કરોડ રૂપિયાનું દાન ........ ૬
- અદાણી ફાઉન્ડેશન : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આભાર પત્ર ........ ૭


### તંત્રી લેખ


- મુખ્યત્વે સમાજના સર્વ રીપોર્ટના આધારે ........ **અશોક મહેતા** ........ ૮
- યુવા વિકાસ સમિતિ : ધૂળેટી ઉત્સવનો કાર્યક્રમ ........ ૯
- જિંદગીની યાદગાર જાત્રાનું સંભારણું ........ ૯
- વયસ્ક સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ........ ૧૦
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૧૧
- ઉડતી નજરે ........ ૧૨
- 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો ........ ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૧૪
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૧૬
- અતીતના ઓવારેથી : મણકો-૧૯ ........ ૧૭
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૩ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ........ ૨૩
- *Nano Nine* શબ્દ રમત-૨૧૬ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ........ ૨૫
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૭૪) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ........ ૨૭
- પ્રતિભાવ ........ ૨૮
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ........ ૩૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ........ ૩૨


## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો


- મણકો-૨૬ : ૩૨ લક્ષણા સરદાર વલ્લભભાઈ
  મણકો-૨૭ : સુખનો અનુભવ કેવી રીતે? ........ **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ........ ૩૪


### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો


- મણકો-૧૫ : પ્રફુલ્લચંદ્ર ચાકી ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ........ ૩૫


### એરિસ્ટોક્રેટ્સ


- પ્રકરણ-૧૨ : ઓસવાલ શ્રેષ્ઠી – ૫ ........ **દેવેન્દ્ર પટેલ** ........ ૩૬


### ૨૦૨૫-૨૬નું બજેટ


- નાણામંત્રી નિર્મલા સીતારમણે ૮મી વખત દેશનું બજેટ રજૂ કર્યું ........ **ડૉ. મિહિર એમ. વોરા** ........ ૩૮


### વિટંબણા


- ઉકેલ માંગતો કોયડો : દેશમાં રહેવું કે પરદેશમાં? ........ **ભવેન કચ્છી** ........ ૪૧


### માતૃભાષા


- ૨૧મી ફેબ્રુઆરી : માતૃભાષા દિન ........ **મહેન્દ્ર દોશી** ........ ૪૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**શિક્ષણ**
● પ્રા. શિક્ષણ : ગઈકાલ અને આજ અનુભવની એરણે પરિવર્તનની પાંખે ........ **જગદીશચંદ્ર છાયા** ..... ૪૫

**વિચાર મંથન**
● અંગ્રેજ સમયનો જેલ સુધારણા કાયદો જ સુધારણા માંગે છે ........ **ડૉ. નાનક ભટ્ટ** ..... ૪૬

**અડાલજ વાવ**
● ગુજરાતમાં આવેલી રૂડીબાઈની વાવ ........ **મનીષ જોશી 'મૌન'** ..... ૪૮

**સંસ્થા પરિચય**
● અધ્યાત્મથી કૌશલ્યતા મેળવવાનું શિક્ષણ : શ્રી રામકૃષ્ણ સેવા ભવન, શ્રી શારદા નિકેતન : બીદડા .... **નરેશ અંતાણી ● સંજય પી. ઠાકર** ..... ૪૯

**વ્યક્તિ વિશેષ**
● અંધત્વ નિર્મૂલન માટે અડધી સદીથી કાર્યરત ડૉ. બી.કે. જૈન (બુધેન્દ્ર વોરા)ને પદ્મશ્રી સન્માન ........ **રોહિત શાહ** ..... ૫૧
● રજવાડી માણસ : બુદ્ધિચંદભાઈ મારૂ ........ **વસંત મારૂ** ..... ૫૩

**વિવિધતા**
● જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૧૦ ........ **દૃષ્ટિ મહેતા ● યેશા મહેતા** ..... ૫૪

**અવિસ્મરણીય પાઠ**
● સાધુનો ઈન્ટરવ્યુ ........ **પ્રેષક : નવનીત પટેલ** ..... ૫૬

**માનવતા**
● જેટલું આપશો તેના કરતાં વધુ પાછું મેળવશો ........ **સંકલન : રીતેશ અરવિંદ પોલડિયા** ..... ૫૭
● સત્ય ઘટના : ઋણાનુબંધ ........ **બકુલ પ્રજાપતિ** ..... ૫૮

**તંદુરસ્તી**
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૨ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૫૯
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● હર્નીયા (Hernia) ........ **ડૉ. તપન શાહ** ..... ૬૧
● ન્યુરોપથી (Neuropathy) ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૬૨

**તીર્થ દર્શન**
● દર્શન-૭૨ : શ્રી નાકોડા તીર્થ (શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાન)
● દર્શન-૭૩ : શ્રી સાચોર તીર્થ (શ્રી મહાવીર ભગવાન) ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૬૩

**જૈન દેરાસરો**
● કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૫ ........ **મહેન્દ્ર લખમશી મોતા** ..... ૬૪

**આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્ય**
● કાડજો પિરભાવ (સમયનો પ્રભાવ) ........ **કેતના છેડા 'કેતુ'** ..... ૬૫

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

# શ્રી ચંદ્રકાંત ગોગરીને કેમેક્સિલ લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજાયા

## ઔદ્યોગિક સાથે સામાજિક વિકાસમાં યોગદાનને બિરદાવાયું



**શ્રી ચંદ્રકાંત ગોગરી**

*મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - ભારત સરકાર દ્વારા સંચાલિત બેઝીક કેમિકલ્સ, કોસ્મેટીક્સ તથા ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (કેમેક્સિલ)એ આ વર્ષે આરતી ઈન્ડસ્ટ્રીઝના સંસ્થાપક ચંદ્રકાંત ગોગરીને વિઝનરી લીડર તથા સમાજસેવક તરીકે લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડથી નવાજ્યા છે. માંડવી તાલુકાના ગામ નાના ભાડિયામાં જન્મેલા ચંદ્રકાંત ગોગરીએ પ્રાથમિક શિક્ષણ ગામમાંથી મેળવી મુંબઈમાંથી કેમિકલ એન્જિનિયરની પદવી મેળવી હતી.*

*ધનવંતીબેનની અંગત બચતમાંથી રૂા. ૫૦૦૦ની લોન લઈને ૧૯૭૫માં શરૂ કરેલ આરતી ઈન્ડસ્ટ્રીઝને પોતાના જ્ઞાન, ધગશ, નિર્ણય શક્તિ અને ટીમવર્કથી ભારતની ટોપ-૧૦ ઈન્ડસ્ટ્રીઝ પૈકીના એકના સ્થાને પહોંચાડી છે.*

*ઔદ્યોગિક સફળતાની સાથે એમણે ગાંધીજીના ટ્રસ્ટીશિપના 'સર્વજન સુખાય, સર્વજન હિતાય' સિદ્ધાંતને આત્મસાત્ કર્યો છે. ભારતના અનેક રાજ્યોમાં જ્યાં કોઈ ન પહોંચે એવા ગ્રામીણ કે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, જળસંચય, આરોગ્ય, આજીવિકા ઈત્યાદિ ક્ષેત્રે આરતી પરિણામલક્ષી સેવાકાર્યો કરી રહી છે. કચ્છભરમાં જળસંચયના કાર્યમાં તેઓ અગ્રેસર રહ્યા છે. નાના ભાડિયા ગામમાં તુલસી વિદ્યામંદિર નામે માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળા, મુંદ્રામાં પરપ્રાંતના ઔદ્યોગિક શ્રમિકોના બાળકો માટે વલ્લભ વિદ્યાલય નામે હિંદીભાષી શાળા, રતનપર-ખડીરમાં રામકૃષ્ણ વિદ્યાસંકુલ તથા ભચાઉમાં કન્યા શાળાના વહીવટમાં આરતી ઈન્ડસ્ટ્રીઝ અગ્રેસર છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ ઈત્યાદિ રાજ્યોમાં અવિરતપણે સેવાકાર્યો ચાલી રહ્યા છે.*

*શિક્ષણ માધ્યમે આગળ ધપી રહેલ આરતી પરિવારની ત્રીજી પેઢી આ સંસ્કાર વારસાને સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે. આગામી દિવસોમાં બિહારના નાલંદામાં તીર્થંકર મહાવીર હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર નામે મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનો લાભ આજુબાજુના લાખો દરિદ્ર નારાયણોને મળશે.*

# અમેરિકા રહેતા કચ્છીની દાતારી. વતન માટે ૧૭ કરોડ રૂપિયાનું દાન.

## ૧૧ કરોડના ખર્ચે રોબોટીક રીહેબિલિટેશન સેન્ટર, ૧૪ કરોડના ખર્ચે પેરા મેડિકલ કોલેજનું નિર્માણ થશે. બીદડા સર્વોદય ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત માંડવીના દાતાએ ૨ મિલિયન અમેરિકી ડોલર દાન આપ્યું

*ડોલરની કમાણી માટે ૧૦૪ ભારતીય ગેરકાયદેસર રીતે અમેરિકા ગયા હતા. તેમાં ૩૩ ગુજરાતીઓ પણ હતા. તાજેતરમાં તમામને ભારત પરત મોકલવામાં આવ્યા છે. તો બીજી તરફ ધંધાર્થે અમેરિકામાં સ્થાયી થયેલા કચ્છના દાતા પરિવારો વતન માટે ઉદાર હાથે દાન આપ્યું છે અને બીદડા સર્વોદય ટ્રસ્ટના બે નવા પ્રોજેક્ટ માટે ૨ મિલિયન અમેરિકન ડોલર એટલે કે ૧૭ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.*

*મૂળ માંડવીના મનુભાઈ રવિલાલ શાહ વર્ષો પહેલા અમેરિકા સ્થાયી થયા હતા. બીદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા કરાતી સેવાકીય પ્રવૃત્તિમાં વધારાના બે નવા સેવાયજ્ઞના પ્રોજેક્ટથી પ્રભાવિત થઈ તેમણે ૨ મિલિયન અમેરિકી ડોલર દાન આપ્યું છે. ૧૧ કરોડના ખર્ચે રોબોટીક રીહેબિલિટેશન સેન્ટર બનશે અને ૧૪ કરોડના ખર્ચે પેરા મેડિકલ કોલેજ સહિત ૨૫ કરોડના ખર્ચે નિર્માણ થશે. જેના માટે કચ્છી દાતા મનુભાઈએ ૧૭ કરોડનું દાન આપીને 'પંછી પાની પીને સે ઘટે ન સરીતા નીર, દાન દિયે ધન ના ઘટે સહાય કરે રઘુવીર' ઉક્તિને કચ્છી માડુએ સાર્થક કરી ડોલરનો વરસાદ વરસાવ્યો છે. માંડવીના મનુભાઈ શાહના લગ્ન મુંદ્રાના ગાંગજી પારેખની પુત્રી ચંદ્રિકાબેન સાથે થયા હતા. ૧૯૭૦માં તેમણે અમેરિકા જઈને કેલિફોર્નિયામાં એમ.એસ.આઈ. કંપનીની સ્થાપના કરી હતી. પથ્થર ઉદ્યોગ સાથે સંકળાયેલા આ ઉદ્યોગપતિની આજે ૫૭ દેશોમાં શાખા છે. તેઓ ૩૭૦૦ ગુજરાતીઓને રોજગાર આપી રહ્યા છે. તેઓ મુંદ્રાના અદાણી પોર્ટ પરથી દરરોજ ૮૦ કન્ટેઈનરમાં ગ્રેનાઈટ અને માર્બલ એક્સપોર્ટ કરે છે. તેમના પુત્રો રાજ અને રૂપ બિઝનેસ સંભાળી રહ્યા છે. પિતા-માતા પુત્રો અને પુત્રવધૂ સેવા અને દાનમાં પણ આગળ છે. સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ ચલાવી સેવા સમર્પણ મનાવી કરુણા સાથે જોડાઈ રહ્યા છે.*

*વતન છોડી અમેરિકાને કર્મભૂમિ બનાવનારા વિદેશમાં જૈન જિનાલય બનાવવા સાથે શિક્ષણ અને નિરાધારોના આધાર બનીને કેટલાય લોકો માટે રોટલો અને ઓટલોના આધાર બની પોતાની મૂડી વિદેશમાં સેવાકાર્યના દાનનો સદુપયોગ કરી કચ્છી જગડુશા તરીકેની ઓળખ ઊભી કરનારા જૈન દંપતિ કચ્છને ગૌરવ સાત સમુંદર પાર અપાવી રહ્યા છે.*

*શાહ હેપ્પીનેસ ફાઉન્ડેશન, એલ્યુમિનેશન ફાઉન્ડેશન દ્વારા ગરીબ દર્દીની સારવાર અર્થે દર્દીઓના હમદર્દી બનતા મનુ એન્ડરિકા અમેરિકી નામની ઓળખ ધરાવતા બંને કચ્છી દાતાઓ દર વર્ષે ૧ લાખ ડોલરનો દાન કરવાનો સંકલ્પ લીધો હોવાથી વર્ષ ૨૦૨૪-૨૫ માટે બીદડા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન વિદેશમાં નામ ધરાવતી સંસ્થાના ચેરમેન વિજય છેડા સાથે પરિચિત હોવાથી ૨ મિલિયન અમેરિકી ડોલર દાન કરીને દાતાએ વતન પ્રત્યેનું ઋણ ચૂકવ્યું હોવાથી બીદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શાહ કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામના તમામ ટ્રસ્ટી મંડળ દ્વારા દાતાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.*

adani
Foundation

*તા. ૧૨-૦૨-૨૦૨૫*

*પ્રતિ,*
*અધ્યક્ષશ્રી,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# આભારપત્ર

*મહોદયશ્રી,*

*અદાણી ફાઉન્ડેશન તરફથી શુભેચ્છાઓ...*

ગત તારીખ ૩જી ફેબ્રુઆરીના રોજ અદાણી ગ્રુપ તરફથી જીતભાઈ અદાણીના લગ્ન પ્રસંગ નિમિત્તે અદાણી ગ્રુપ તરફથી ૫૦૦ જેટલી દિવ્યાંગ બહેનો કે જેઓએ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના વર્ષમાં લગ્ન કરેલ છે તેવી દરેક દિવ્યાંગ બહેનોને મામેરા રૂપે રૂા. ૧૦.૦૦ લાખ FD સ્વરૂપે આપવામાં આવ્યા છે.

આ પ્રસંગે અદાણી ફાઉન્ડેશન દ્વારા કચ્છ જિલ્લાના દરેક ગામમાંથી આવી બહેનોની શોધખોળ કરી અને ૧૧ જેટલા યુગલને અમદાવાદ લઈ આવવામાં આવેલ. અમદાવાદ શહેરમાં આ દિવ્યાંગોને રાત્રી રોકાણ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીગણને એક નાની રજૂઆત કરતાં તાત્કાલિક નિર્ણય લઈ કચ્છથી આવેલ આ તમામ દિવ્યાંગ બહેનો માટે નિઃશુલ્ક ૧૩ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ. જેથી આ બહેનોને આપના પ્રત્યે આભારની લાગણીનો અહેસાસ થયેલ.

આથી આ તમામ બહેનો અને અદાણી ફાઉન્ડેશન આપનો – શ્રી પ્રતાપભાઈ, શ્રી કે.ડી. શાહ, શ્રી કૃષ્ણકાંત મોદી અને સમગ્ર ટ્રસ્ટ મંડળનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

*સહી/-*
*અદાણી ફાઉન્ડેશન*
*મુંદ્રા - કચ્છ*

તંત્રી લેખ

# મુખ્યત્વે સમાજના સર્વે રીપોર્ટના આધારે...

અશોક મહેતા

બહેનશ્રી લીલાબેન વીસારિયાના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોના સર્વે રીપોર્ટની વિગતો આપણે 'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૨૫ના અંકમાં વિસ્તૃતપણે નિહાળી ગયા.

તેઓના સર્વે રીપોર્ટ અનુસાર અમદાવાદના કચ્છી જૈન પરિવારો ભાગ્યે જ એવા હશે કે જેઓ આર્થિક રીતે નીચેની કક્ષામાં આવી શકે.

ઉપરોક્ત રીપોર્ટના અનુસંધાને સમાજના પરિવારોનું સાંસ્કૃતિક તથા અન્ય બાબતે ઉત્થાન થાય તેવા પ્રકારના વિવિધ સૂચનો બહેનશ્રી લીલાબેને નીચે મુજબ કરેલ છે. તેઓશ્રીએ ૩ થી ૬ વર્ષના બાળકો માટે, ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકો માટે, ૧૫થી ૩૦ વર્ષના યુવકો માટે, ૩૦થી ૬૫ વર્ષની વયજૂથના લોકો માટે અને ૬૫ વર્ષથી ઉપરની વયજૂથના બુઝુર્ગો માટે વિવિધ પ્રકારના સૂચનો કરેલ છે કે જેની શરૂઆત કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વિચારી રહેલ છે.

સમાજના પરિવારો આર્થિક રીતે વધુને વધુ ઉન્નતિ સાધી શકે તે માટે શું કાર્યવાહી કરવી જોઈએ તે આર્થિક નિષ્ણાતોની સલાહ લઈને સમાજ આગળ વિચારી શકે. સમાજ માટે આ એક અગત્યની કાર્યવાહી ગણનાપાત્ર રહેશે... અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારો જ આ સંસ્થાને વિસ્તૃત સ્વરૂપના ડોનેશન્સ આપી શકે તે લેવલે આ પરિવારો પહોંચી શકે તેવી ભાવના આ સંસ્થા સ્વાભાવિકપણે સેવી રહેલ છે.

## એક અન્ય બાબત :

ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના પ્રમુખ શ્રી જે. જે. રાવલ હાલમાં જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડને મળેલ હતા.

ડૉ. જે. જે. રાવલનું સૂચન હતું કે જો આ સમાજ દ્વારા એસ્ટ્રોનોમિ પાર્ક, બ્રહ્માંડ દર્શનની ટનલ, સાયન્સ પાર્ક, સોલાર ઓબ્ઝર્વેટરી, સ્ટાર ઓબ્ઝર્વેટરી, ઈલેક્ટ્રો માઈક્રોસ્કોપ જેવી પ્રવૃત્તિઓ કચ્છમાં કરી શકાય તો તેઓ આ સમાજના આ પ્રોજેક્ટ ઊભો કરી આપવાની સંપૂર્ણ જવાબદારી નિભાવી શકશે. જમીન સિવાય આ પ્રોજેક્ટની કિંમત રૂા. ૫ કરોડ જેટલી થઈ શકે.

આ સૂચનને પણ ભવિષ્યમાં વિચારણા હેઠળ મૂકી શકાય.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની હાલની વિવિધ પ્રવૃત્તિઓ સમાજના પરિવારો માટે તો ચાલી જ રહેલ છે પરંતુ તે સિવાયની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

- ૩ જગ્યાએ અતિથિ ભવન.
- ૪ જગ્યાએ મેડિકલ સેન્ટર.
- ૩ જગ્યાએ ડાયાલિસિસ સેન્ટર.
- ૧ જગ્યાએ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર.

ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં પણ વધારો થાય તેવી અભ્યર્થના.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# યુવા વિકાસ સમિતિ

## ધૂળેટી ઉત્સવનો કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા શુક્રવાર, તા. ૧૪-૦૩-૨૦૨૫ના રોજ ધૂળેટીના ઉત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સમાજના તમામ સભ્યો ભાગ લઈ શકે છે. ધૂળેટીના આ પ્રોગ્રામ બાદ આપણે સૌ સાથે મળી બપોરનું ભોજન લઈ છૂટા પડીશું.

*કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.*

| | |
|---|---|
| *તારીખ* | *: શુક્રવાર, તા. ૧૪-૦૩-૨૦૨૫* |
| *સ્થળ* | *: શ્રી કચ્છી જૈન ભવન - પાલડી* |
| *સમય* | *: સવારે ૯.૦૦થી ૧૨.૦૦* |
| *રજિસ્ટ્રેશન ચાર્જ* | *: રૂા. ૧૦૦/- (રીફંડેબલ)* |

*(જે સભ્ય હાજર રહેશે તેને રીફંડ કરવામાં આવશે.)*

**ખાસ નોંધ** : કોઈ પણ સભ્યએ પોતાનો કલર લાવવાનો રહેશે નહીં.

રજિસ્ટ્રેશન માટે ૯૮૨૫૬ ૮૭૭૪૧ ઉપર 'ફોન પે' અથવા બાજુમાં આપેલ સ્કેનર દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. રજિસ્ટ્રેશન તા. ૧૩-૨-૨૦૨૫ના રોજ બપોરે ૧ વાગ્યા સુધીમાં કરાવવાનું રહેશે.

*વધુ વિગત માટે સંપર્ક :*

*ડૉ. કેતન શાહ : મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*

**ડો. કેતન શાહ, કન્વીનર – યુવા વિકાસ સમિતિ**

## સુચના

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દરેક સમિતિઓના કન્વીનરશ્રીઓ, અન્ય દરેક સભ્યશ્રીઓ તથા લેખકશ્રીઓ વગેરેને વિનંતી કે તેઓ જે વિગતો "મંગલ મંદિર"માં પ્રસારિત કરવા માંગતા હોય તે વિગતો આગળના મહિનાની મોડામાં મોડા ૨૨ તારીખ સુધીમાં મોકલી આપે. ત્યારબાદ આવેલી વિગતોને ત્યાર પછીના મહિનાના "મંગલ મંદિર"માં પ્રસારિત કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.*

*– તંત્રી મંડળ*

# જિંદગીની યાદગાર જાત્રાનું સ્મરણ

**(જૈન અપંગ દિવ્યાંગો માટે ઉત્તમ તક... લાભ લો...)**

## સમ્મેદ શિખરજી તીર્થયાત્રા - ૨૦૨૬
## ૨૨મી નિઃશુલ્ક યાત્રા

- *યાત્રાના સહયોગી : માતુશ્રી ઉમરાવબાઈ પુખરાજજી જેઠમલજી જૈન - બાલી*
- *યાત્રા પ્રસ્થાન : ૨ જાન્યુઆરી, ૨૦૨૬*
- *યાત્રા પૂર્ણ : ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬*
- *યાત્રા આયોજક : શ્રી મણિભદ્ર વીર (દિવ્યાંગ સેવા) ભક્તિ મંડળ - મુંબઈ*

મુંબઈ - પાયધુની સ્થિત શ્રી મણિભદ્ર દિવ્યાંગ સેવા કેન્દ્ર દ્વારા દર વર્ષે ૧લી જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી દરેક ફિરકાના દિવ્યાંગ - અપંગ જૈન વ્યક્તિને વિના મૂલ્યે, સારી વી.આઈ.પી. રહેવા-જમવાની સગવડ સાથે, ડોળીનો ખર્ચ પણ સંસ્થા દ્વારા – જાત્રા કરાવે છે. સંસ્થાના કાર્યકરો તથા સેવાભાવી સભ્યો દ્વારા અપંગોને પૂરી તકેદારી સાથે બસ કે ગાડીમાં બેસાડવા, સેવા-પૂજા કરાવવી તથા વ્હીલચેરની સગવડ તથા રૂમોમાં રહેવાની સારી સગવડ સાથે આ સંસ્થાના કાર્યકરો નિઃસ્વાર્થભાવે સેવા આપે છે.



*અમરીશ કે. સંઘવી*

હું – અમરીશ કે. સંઘવી અમદાવાદ રહું છું અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સર્વિસ કરું છું. આ વર્ષે ૧લી જાન્યુઆરી ૨૦૨૫ના મેં તથા મારી પત્નીએ આ યાત્રાનો લાભ લીધો હતો. આ યાત્રા મારા જીવનની ઉત્તમ યાદગાર યાત્રા છે. સંસ્થાનાં દરેક કાર્યકરો દિલથી સેવા કરતા હતા. મારી આ યાત્રા નિર્વિઘ્ન અને યાદગાર હતી. માટે આપ પણ આપના સ્નેહી સ્વજન કે ગ્રુપમાં અપંગ કે દિવ્યાંગ વ્યક્તિને લાભ અપાવશોજી.

*અમરીશ કે. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨*

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ તરફથી માતૃભાષા દિન નિમિત્તે શનિવાર, તા. ૨૨-૨-૨૦૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સૌને આવકારીને માતૃભાષાની મહત્તા સમજાવેલ હતી. ત્યારબાદ અનુસ્વારની એક રમત રમાડેલ હતી.

ત્યારબાદ ૯૦ ગુજરાતી કવિતાઓ અને ગીતોની એક વિશિષ્ટ હાઉસી રમાડેલ હતી. વડીલોએ આ હાઉસીનો ખૂબ જ આનંદ ઉઠાવ્યો હતો.

આજરોજ (૧) શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ, (૨) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને (૩) શ્રી તલકશી ઉમરશી ગોગરીની વર્ષગાંઠ કેક કાપીને ઉજવવામાં આવેલ હતી. આ ઉપરાંત શ્રી નરેન્દ્ર રસિકલાલ મહેતા અને રક્ષા નરેન્દ્ર મહેતાના લગ્ન જીવનની ચાલીસમી મેરેજ એનિવર્સરી ઉજવવામાં આવેલ હતી.

હાઉસીની રમત બાદ ગુજરાતી ગીતો અને ગરબાની રમઝટ બોલાવવામાં આવેલ હતી. શ્રી દિનેશ રાજદીપ, શ્રી શ્યામ પટેલ, શ્રી ભાસ્કર ત્રિવેદી, અર્પણા ભટ્ટ અને નીલમ શાહ – આ ગાયક કલાકારોએ સુંદર મજાના સૂરો રેલાવ્યા હતા.


***આજના કાર્યક્રમ માટે નીચે પ્રમાણેની સ્પોન્સરશિપ મળેલ હતી.***

- ★ *રૂા. ૫,૦૦૦/- શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ*
- ★ *રૂા. ૨,૫૦૦/- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર*
- ★ *રૂા. ૨,૫૦૦/- શ્રી તલકશી ઉમરશી ગોગરી*
- ★ *રૂા. ૨,૫૦૦/- શ્રી નરેન્દ્ર રસિકલાલ મહેતા અને રક્ષા નરેન્દ્ર મહેતા*

અંતમાં સૌ ઊંધીયા જલેબીના ભોજનની મજા માણી છૂટા પડ્યા હતા.



*સમિતિના સભ્યો સાથે ગાયક કલાકારો*



*વર્ષગાંઠ નિમિત્તે કેક કાપતા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર*



*વર્ષગાંઠ નિમિત્તે કેક કાપતા શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ*



*લગ્ન જીવનની ચાલીસમી એનીવર્સરી નિમિત્તે કેક કાપતા શ્રી નરેન્દ્ર રસિકલાલ મહેતા અને રક્ષા નરેન્દ્ર મહેતા*



કાર્યક્રમ નિમિત્તે ઉપસ્થિત રહેલા વડીલો



કાર્યક્રમ નિમિત્તે ઉપસ્થિત રહેલા વડીલો

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## સરનામા ફેરફાર

- **મિલન વસંત સ્વચંદ મહેતા**
  બી-૫, શાર્દુલ એપાર્ટમેન્ટ,
  પારેખ હોસ્પિટલની સામે,
  શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૮૪૬૦૧ ૮૦૯૯૬, ૭૬૦૦૭ ૩૯૭૨૦
- **કેતન તારાચંદ વેલજી રતાણી**
  બી-૭૦૨, અવધ હેબિટેટ,
  સિલ્વર બ્રુક પાસે, એસ.પી. રીંગ રોડ,
  શીલજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
  મો. ૭૬૦૦૦ ૧૫૬૮૩

## અવસાન નોંધ

- *સોમવાર, તા. ૩-૨-૨૦૨૫*
  શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં આયુર્વેદિક વૈદ્ય તરીકે સેવા આપતા શ્રીમતી ગાર્ગીબેન વસાવડાના મોટા ભાઈ **કીર્તિભાઈ ચુનીલાલભાઈ સંઘોઈ (ક.વી.ઓ.) (સુરેન્દ્રનગર – કચ્છમાં કપાયા)**નું આજ રોજ ગાર્ગીબેનના અમદાવાદના નિવાસ સ્થાને દુઃખદ અવસાન થયેલ છે.
- *મંગળવાર, તા. ૧૮-૨-૨૦૨૫*
  શ્રી નીરજભાઈ હસમુખભાઈ શાહના પિતાશ્રી **હસમુખભાઈ લાલચંદભાઈ શાહ (ઉં.વ. ૮૫)**નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ યોજના

રૂા.૨,૦૦,૦૦૦/- શ્રી સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબીલ - પાલીતાણા

### જનરલ ડોનેશન

રૂા. ૫૦,૦૦૧/- શ્રી પ્રીતેશ ચંદુલાલ એકલવેના - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

**ખાતાનું નામ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

**બેંક :**

કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]

**IFSC કોડ :**

**CNRB0017007**

## ઉડતી નજરે.... *માસ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ..... **૭૩૭**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ..... **૭૭**<br>● બોડી ચેક-અપ ..... **૨૯૧**<br>● સોનોગ્રાફી ..... **૧,૧૧૮**<br>● ટી.એમ.ટી. ..... **૫૮**<br>● ઑપરેશન ..... **૯**<br>● ઈકો ..... **૨૭૭**<br>● અન્ય ..... **૭,૨૪૭** | **૯,૮૧૪** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● લાભ લેનારી વ્યક્તિઓ ..... **૭૩૪**<br>● કેન્ટીન ..... **૪,૩૯૦** | **૫,૧૨૪** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● પુરુષો ..... **૯૮**<br>● સ્ત્રીઓ ..... **૨૯**<br>● બાળકો ..... **૮** | **૧૩૫** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૧૯** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ..... **૨,૩૮૨**<br>● મ્યુઝિયમ ..... **૧,૨૨૦**<br>● કેન્ટીન ..... **૪,૨૦૫**<br>● જલારામ અન્નક્ષેત્ર ..... **૫૪૦**<br>● ડિસ્પેન્સરી ..... **૭૯** | **૮,૪૨૬** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૬૭૯** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર** ***તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ ..... **૨૨૫**<br>● સોનોગ્રાફી ..... **૨૪૮**<br>● ઑપરેશન ..... **૧૬**<br>● માઈનોર ઓ.ટી. ..... **૯**<br>● ફિઝિયોથેરાપી ..... **૨,૦૧૦**<br>● અન્ય ..... **૫,૨૫૯** | **૭,૭૬૭** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૩૦૪** |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ **૧૧૯**<br>● સોનોગ્રાફી ........ **૨૪**<br>● બોડી ચેક-અપ ........ **૧૨૩**<br>● ઈકો ........ **૬**<br>● અન્ય ........ **૪૮૮** | **૭૬૦** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ **૨૬૧**<br>● સોનોગ્રાફી ........ **૧૨૪**<br>● ફિઝિયોથેરાપી ........ **૩૩૦**<br>● ડેન્ટલ ........ **૧૫૪**<br>● બોડી ચેક-અપ ........ **૪૯**<br>● 2-D ઈકો ........ **૨૦**<br>● પેથોલોજી ........ **૨૧૯**<br>● ઈ.સી.જી. ........ **૯૯**<br>● ટી.એમ.ટી. ........ **૨૦**<br>● ઑપરેશન ........ **૩**<br>● અન્ય ........ **૨૯૦** | **૧,૫૬૯** |
| *માસ જાન્યુઆરી – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | | **૩૪,૬૯૭** |

## ‘મંગલ મંદિર’માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧’’ સાઇઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઇઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઇઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

*__નોંધ :__ દરેક વિઝીટીંગ કાર્ડ સાઇઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨૭-૧-૨૦૨૫**

- ભવનના રૂમોને લગતા નિયમોને સુધારવા અને પેસેન્જરોને વધારે સારી સુવિધા મળે એ અંગે હોદ્દેદારો અને અમુક રોજ આવતા ટ્રસ્ટીઓ અને મેનેજરોની મીટિંગ પાલડી ભવન ઉપર મળી હતી.

**તા. ૨૮-૧-૨૦૨૫**

- હોદ્દેદારો અને ભવન સમિતિની મીટિંગ આજે પાલડી ભવન ઉપર મળી હતી. એમાં તા. ૨૭-૧-૨૦૨૫ની મીટિંગમાં લેવાયેલા નિયમોની ચર્ચા કરી, થોડા નિયમોમાં ફેરફાર કરેલ. મેનેજરોને ખાસ સૂચનાઓ આપેલ કે રૂમો ફાળવવા માટે કરેલ નિયમોને કાઉન્ટર ક્લાર્કો બરાબર Follow કરે.

**તા. ૪-૨-૨૦૨૫**

- 'પ્રકાશ સમીક્ષા'ના તંત્રી CA હીરાચંદ દંડ અને શ્રી દિલીપ નાગડા (Retd. Income Tax Commissioner) એ ભવનની મુલાકાત લીધેલ અને હાલની સામાજિક પરિસ્થિતિ, શિક્ષણ, મેડિકલ અને કચ્છના વિકાસ અંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ અને શ્રી કે.ડી. શાહ સાથે ચર્ચા કરેલ.

**તા. ૮-૨-૨૦૨૫**

- આજ રોજ સોનગઢ બોર્ડિંગના અમદાવાદ ડિવિઝનના વિદ્યાર્થીઓ સાથે ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહે વિવિધ વિષયે ચર્ચા કરેલ હતી.

**તા. ૯-૨-૨૦૨૫**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની અલગ અલગ મીટિંગો શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી અને એજન્ડા અનુસાર નિર્ણયો લેવામાં આવેલ હતા

## પાલડી મેડિકલ સેન્ટર

**તા. ૨૬-૧-૨૦૨૫**

- આજ રોજ પાર્વતીબેન ત્રિકમદાસ ભાનુશાલી (કચ્છ બેરોચી)ના સહયોગથી "પાર્વતી સોનોગ્રાફી સેન્ટર"નું શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી પરિવારના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તે પ્રસંગે શ્રી જય ભાનુશાળી અને અંજલી અંશ પરીખ તથા સર્વે હોદ્દેદારો, મેડિકલ કન્વીનરશ્રી, કો-કન્વીનરશ્રી અને સમાજના સભ્યો હાજર રહ્યા હતા.

**તા. ૧૦-૨-૨૦૨૫**

- પાલડી મેડિકલ સેન્ટર માટેનું Clinical Establishment Act માટેનું ૧ વર્ષનું પ્રોવિઝનલ સર્ટીફિકેટ મેળવ્યું. સરકારના ધારાધોરણ મુજબ દરેક ક્લિનિક - હોસ્પિટલ વગેરે માટે આ જરૂરી છે. જે ન લેવામાં આવે તો સરકારશ્રી દંડનીય કામગીરી કરી શકે છે.

**તા. ૧૫-૨-૨૦૨૫**

- મુંબઈ નિવાસી હસમુખભાઈ શાહ દ્વારા આયુર્વેદની પંચકર્મ સારવારથી પ્રભાવિત થઈને આયુર્વેદ વિભાગ માટે રૂા. ૨૫,૦૦૦/-નું ડોનેશન મળેલ છે.

**તા. ૧૭-૨-૨૦૨૫**

- તા. ૩-૩-૨૦૨૫થી તા. ૮-૩-૨૦૨૫ સુધી સર્જીકલ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન સવારે ૧૦.૩૦થી ૧૨.૦૦ અને બપોરે ૩.૩૦થી ૫.૦૦ દરમિયાન યોજવામાં આવેલ છે.

**તા. ૧૮-૨-૨૦૨૫**

- તા. ૮ માર્ચ – રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરની જાગૃતિ માટે તા. ૮-૩-૨૦૨૫થી તા. ૧૫-૩-૨૦૨૫ દરમિયાન ગાયનેક ડૉક્ટર દ્વારા ફ્રી તપાસ અને રાહત દરે મેમોગ્રાફી તથા પેપ્સ સ્મિઅર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

**તા. ૨૦-૨-૨૦૨૫**

- તબીબી સેવા સમિતિના મેમ્બરની પ્રેરણાથી શ્રીમતી આરતી સતીષ શાહ - અડાલજ તરફથી રૂા. ૩,૦૦૦/-નું ડોનેશન આપવામાં આવ્યું.

**તા. ૧૮-૨-૨૦૨૫ તથા તા. ૨૧-૨-૨૦૨૫**

- ફિઝીયોથેરાપી વિભાગમાં કામ કરતા શ્રીમતી મંજુલા પરમાર અને કિરણ પટેલ દ્વારા ફિઝીયોથેરાપીની સારવાર દરમિયાન એક દર્દીની પડી ગયેલી હીરાની બુટ્ટી અને સોનાનું પેન્ડન્ટ પરત કરેલ હતા. તેમની આ સત્યનિષ્ઠા બદલ મેડિકલ સેન્ટર ગૌરવ અનુભવે છે.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૨-૨-૨૦૨૫**

- આજ રોજ જાન્યુઆરી-૨૦૨૫ માસનો ટોટલ મંથલી ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતો. જેમાં કુલ ૭૭૬૭ દર્દીઓએ લાભ લીધેલ હતો. ૩૦૪ ડાયાલિસિસ, ૨૨૫ જેટલા હેલ્થ ચેક-અપ, ૨૪૧ સોનોગ્રાફી, ૧૬ મોતિયાના ઑપરેશન, ૯ માઈનોર સર્જરી તથા ૨૦૧૦ દર્દીઓએ ફિઝીયોથેરાપી વિભાગમાં સારવાર લીધેલ હતી.

**તા. ૩-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે કાઉન્ટર ક્લાર્ક અને લેબોરેટરી ટેકનિશિયનના ઈન્ટરવ્યૂ લીધેલ હતા.

**તા. ૮-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મીત પટેલ દ્વારા મોતિયાના ૩ ઑપરેશન, ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના બે ઑપરેશન તથા ડૉ. પ્રકૃતિ ખેતાન દ્વારા મોતિયાના ૧ ઑપરેશન થયેલ હતા.
- આજ રોજ ડૉ. નીલ પટેલ (જનરલ સર્જન) દ્વારા બોપલ ખાતે દર મંગળવાર, ગુરૂવાર અને શનિવારના સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે ઓ.પી.ડી. ચાલુ કરેલ છે.

**તા. ૧૦-૨-૨૦૨૫**

- આજ રોજ બજાજ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા સેન્ટરમાં ચાલતા ડાયાલિસિસ વિભાગનું ઈન્સ્પેક્શન થયેલ હતું.

**તા. ૧૩-૨-૨૦૨૫**

- આજ રોજ PCPNDT ના રીન્યુઅલ માટે AMC દ્વારા ઈન્સ્પેક્શન થયેલ હતું.

**તા. ૧૫-૨-૨૦૨૫**

- આજ રોજ 'ગુજરાત સમાચાર'માં કાઉન્ટર ક્લાર્ક, ઓ.પી.ડી. આસિસ્ટન્ટ, હાઉસ કિપીંગ સ્ટાફ તથા ઓ.ટી. આસિસ્ટન્ટ માટે જાહેરાત આપવામાં આવેલ હતી.

**તા. ૧૮-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા કાઉન્ટર ક્લાર્ક માટેના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતા.

*પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે,*
*પણ પરસેવે નહાય તે કિસ્મત બદલી શકે છે.*

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૧-૨-૨૦૨૫ અને તા. ૩-૨-૨૦૨૫**

- કુલ ૧૫ કંપનીઓમાં મુલાકાત લેવામાં આવી અને જે તે જવાબદાર વ્યક્તિઓને મળીને જાન્યુઆરી-૨૦૨૫ના બીલ તેમજ સેન્ટરમાં આવતા પેશન્ટની સર્વિસ બાબતે ચર્ચા કરવામાં આવી અને બીજી કંપનીના પણ કોન્ટેક્ટ કરી આપવામાં મદદ કરવા વિનંતી કરવામાં આવી.

**તા. ૫-૨-૨૦૨૫ અને તા. ૮-૨-૨૦૨૫**

- કેમેક્સ વેલનેસ, મેઘા કંપની, પાર્શ્વમ ફિલ્ટ્રેશન પ્રા.લિ. અને ફોકસ લાઈટીંગ પ્રા.લિ. કંપનીની મુલાકાત લેવામાં આવી અને ડિસેમ્બર-૨૦૨૪ અને જાન્યુઆરી-૨૦૨૫ના બાકી નીકળતા બીલનું પેમેન્ટ લેવામાં આવ્યું.
- પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે ROમાં પ્રેશર પંપનો પ્રોબ્લેમ હતો. તે નવો નંખાવીને ચાલુ કરાવવામાં આવ્યું.

**તા. ૧૦-૨-૨૦૨૫**

- આજ રોજ કુશલ પોલીમર્સ - ચાંગોદર ખાતે કંપનીમાં શ્રી દીપર પરીખ - HR ને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી.
- કિટેન એન્ટરપ્રાઈઝ - રજોડા ખાતે કંપનીના ડાયરેક્ટર શ્રી પરેશ પારેખ તેમજ HR અલ્પેશ મહેતાને મળી સેન્ટર વિશે સંપૂર્ણ માહિતી તેમજ જરૂરી ડોક્યુમેન્ટ્સ આપવામાં આવ્યા અને ટાઈ-અપ કરવા બાબતે ભલામણ કરવામાં આવી.
- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી અનિલ શાહે સેન્ટરની મુલાકાત લીધી અને પ્રતીક વ્યાસ સાથે કામ બાબતે ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું.

**તા. ૧૧-૨-૨૦૨૫**

- આજ રોજ મેઘા કંપની - મોરૈયા ખાતે શ્રીકાંતભાઈ - જનરલ મેનેજર અને એક્યુવેલ મેડિક્સ પ્રા.લિ. - ચાંગોદર ખાતે ડાયરેક્ટર શ્રી મેહુલ ઠક્કરની મુલાકાત લેવામાં આવી અને કંપનીના વર્કરના મેડિકલ ફિટનેસ કરાવવા બાબતે મીટિંગ કરીને ચાર્જિસ સમજાવ્યા અને ક્વોટેશન આપવામાં આવ્યા.

**તા. ૧૨-૨-૨૦૨૫**

- આજ રોજ કિટેન એન્ટરપ્રાઈઝીસ કંપનીની મુલાકાત લીધી અને અગાઉ થયેલ ચર્ચા મુજબ કંપનીએ સેન્ટર સાથે ટાઈ-અપ કર્યું. જેનો લેટર લેવામાં આવ્યો. કંપનીના વર્કરોએ સારવાર માટે સેન્ટરમાં આવવાનું શરૂ કરેલ છે.

**તા. ૧૩-૨-૨૦૨૫**

- આજ રોજ સલામતી સિક્યોરીટી એજન્સી અને હેમટેક ઈન્ડસ્ટ્રીઝના વર્કરની મેડિકલ ફિટનેસની ફાઈલ તેમજ સર્ટીફિકેટ આપવાનું કામ કરવામાં આવ્યું. ત્યારબાદ નજીકના વિસ્તારમાં ત્રણ કંપનીની મુલાકાત લેવામાં આવી અને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી.
- મોરૈયા ગ્રામ પંચાયત ખાતે મુલાકાત લીધી અને સ્ટાફના પ્રોફેશનલ ટેક્સ, જે આપેલ હતા તેની પહોંચ લેવાનું કામ પૂરું કરવામાં આવેલ છે.

**તા. ૧૪-૨-૨૦૨૫ થી તા. ૧૭-૨-૨૦૨૫**

- વિનાયક પેકેજિંગ સોલ્યુશન - ચાંગોદર ખાતે કંપનીના ડાયરેક્ટર ચેતન પટેલને મળવામાં આવ્યું અને તેમની કંપનીના વર્કરોની મેડિકલ સારવાર સેન્ટરમાં શરૂ કરવામાં આવેલ છે.
- રામદેવ ફુડ્સ કંપનીમાં એડમિન ઓફિસર અનિલ પટેલને મળવામાં આવ્યું. તેમના કહેવા મુજબ સેન્ટર ૨૪ કલાક કાર્યરત નથી તેથી ટાઈ-અપ નથી કરવું. પરંતુ ઈમરજન્સી સારવાર માટે સેન્ટર ઉપર પેશન્ટને મોકલશે.
- હેમટેક ઈન્ડસ્ટ્રીઝ અને હેમસ્ટાર ફિલામેન્ટ્સ કંપનીમાં ડિસેમ્બર-૨૦૨૪ અને જાન્યુઆરી-૨૦૨૫નું બીલ પેમેન્ટ લેવામાં આવ્યું અને ૪ વર્કરોના મેડિકલ ફિટનેસ સર્ટીફિકેટ આપવામાં આવ્યા.
- સેનોલેટ લાઈફકેર કંપનીના ૩ વર્કરોના મેડિકલ સર્ટિફિકેટ એચ.આર. રજનીભાઈને આપવામાં આવ્યા.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૬-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ અને સેન્ટર પર સર્વ રોગ નિદાન ફ્રી કેમ્પ કરવા માટે સૂચન કર્યું.

**તા. ૧૩-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ અને સર્વ રોગ નિદાન કેમ્પની તારીખ અને માર્કેટીંગ કેવી રીતે કરવું તે બાબતના સૂચનો કર્યા.

**તા. ૧૮-૨-૨૦૨૫**

- આજ રોજ ચેતનભાઈ ધરોડના રેફરન્સથી શ્રી નીરવ પટેલ અને શ્રી વીરજીભાઈ પટેલે સેન્ટરની મુલાકાત લીધી હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૮-૦૧-૨૦૨૫થી તા. ૧૫-૦૨-૨૦૨૫ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ભવાનજી રવજી નાગડા | અમદાવાદ | ૦૫-૦૨-૨૫ |
| ૨. | હિંમતલાલ જે. વિઠલાણી | મુંબઈ | ૦૭-૦૨-૨૫ |
| ૩. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૧૦-૦૨-૨૫ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ઈંદુબેન મનુભાઈ પટેલ | અમદાવાદ | ૦૩-૦૨-૨૫ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મિલન વસંત સવચંદ મહેતા | અમદાવાદ | ૨૫-૦૧-૨૫ |
| ૨. | અભિષેક દીપકભાઈ મહેતા | અમદાવાદ | ૨૫-૦૧-૨૫ |
| ૩. | પરેશગર એસ. ગુસાઈ | આદિપુર | ૨૭-૦૧-૨૫ |
| ૪. | મંજુલા ડી. મૈશેરી | મુંબઈ | ૦૬-૦૨-૨૫ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | હિરેન કુંવરજી છેડા | હુબલી | ૧૪-૦૨-૨૫ |

## દોસ્તી : સંબંધોની આરતી

*જે જીવાડે છે હોંશથી એનું નામ દોસ્તી*
*દોસ્ત મળે છે ને ત્યારે ઉંમર ઓગળી જાય છે*
*બાળપણના દોસ્ત જોડે ઉંમર બાળપણની થઈ જાય*
*યુવાનીના દોસ્ત જોડે ઉંમર યુવાન થઈ જાય અને*
*પાછલી ઉંમરે મળેલા મિત્રો જોડે દોસ્તી ટેકો બનીને ઉભી રહે.*
*દોસ્તી છે જ એવી*
*આપણે જેવા છીએ એવા આપણને સ્વિકારી લે એવી*
*આપણી ભૂલો કાઢીને પણ આપણને પ્રેમ કરે એવી*
*ખૂબ ઝઘડ્યા પછી છૂટા પડીએ*
*અને બીજા દિવસે રાહ ન જોતા હોઈએ*
*છતાંય જેનો ફોન આવે એનું નામ દોસ્તી.*
*દોસ્તી એ બીજું કશું નથી સંબંધોની આરતી છે.*
*જેનું અજવાળું આ પાર અને આ પાર – બંનેને ઝળાહળા કરે છે.*

*રચયિતા : અંકિત ત્રિવેદી*
*પ્રેષક : નવનીત પટેલ*

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૯

*'અતીતના ઓવારેથી'ના મણકા-૧૯ના આ વિભાગમાં 'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૦૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ નીચે મુજબના લેખો અહીં ફરીથી પ્રસારિત કરીએ છીએ :*

*(૧) કચ્છને આંગણે ઉદ્યોગોને આવકાર. ગાંધીધામ મધ્યે ઔદ્યોગિક સેમિનારનો અહેવાલ.*

*(૨) ઔદ્યોગિક સેમિનારની ફળશ્રુતિ.*

*કચ્છમાં થયેલ જાન્યુઆરી-૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છને બેઠું કરવા જે ઔદ્યોગિક રાહતો આપવામાં આવી તેના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે અમદાવાદ, મુંબઈ અને ગાંધીધામમાં જે ઔદ્યોગિક સેમિનારોનું આયોજન કર્યું તેમાં ગાંધીધામ સેમિનારની માહિતી અહીં ફરીથી પ્રસારિત કરવામાં આવેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ભૂતકાળની પ્રવૃત્તિઓનું વાંચન કરી આપણું મન પ્રફુલ્લિત થઈ જશે.*

*– તંત્રી મંડળ*

## કચ્છને આંગણે ઉદ્યોગોને આવકાર
## ગાંધીધામ મધ્યે ઔદ્યોગિક સેમિનારનો અહેવાલ

**શુક્રવાર, તા. ૨૩-૯-૨૦૦૫**

• હંસરાજ ઠાકરશી કંસારા •

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - ગાંધીધામ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજારના સંયુક્ત ઉપક્રમે કચ્છમાં ઉદ્યોગો સંદર્ભે, ઈફ્કો ઓડિટોરિયમ - ગાંધીધામ ખાતે શુક્રવાર તા. ૨૩-૯-૦૫ના રોજ એક દિવસીય સેમિનારનું સફળ આયોજન થયું. આ સેમિનારના સ્પોન્સરર તરીકે પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો અદાણી ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ અને ગુજરાત એન.આર.ઈ. ઓસ્ટ્રેલિયા પ્રા. લિ. - અમદાવાદ તેમજ કો-સ્પોન્સરર તરીકે આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈ અને સુઝલોન ગ્રૂપ - પૂણેનો સહકાર પ્રાપ્ત થયો.

૨૩મી સપ્ટેમ્બરની ઉષ્માસભર સવારે, ૯.૦૦ વાગ્યાથી, ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કો-ઓપરેટિવની ઉદયનગર વસાહતના હરિયાળા કેમ્પસના વિશાળ અને સુવિધાજનક કોમ્યુનિટી હોલની લોંજ, આમંત્રિત સેમિનાર પાર્ટીસીપન્ટ્સની અવરજવરથી ધમધમતી હતી. હોલના મુખ્ય દ્વારે ખડી કરવામાં આવેલ કમાન, આમંત્રિતોને સેમિનાર સ્થળનું દૂરથી જ સૂચન કરતી હતી. ત્યાંથી છેક હોલના પશ્ચિમ દ્વાર સુધી પાથરેલી લાલ જાજમ સેમિનારમાં ભાગ લેવા આવનાર ઉદ્યોગપતિઓ, ઉદ્યમીઓ, તજજ્ઞો, કચ્છમાં કાર્યરત સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં સક્રિય સરકારી ઉચ્ચ અધિકારીઓનું સ્વાગત અને સભાગૃહનો દિશા નિર્દેશ કરતી હતી. જોતજોતામાં કોમ્યુનિટી હોલની પશ્ચિમ લોંજ મહેમાનોથી ભરાઈ ગઈ, ત્યાં ગોઠવેલી રજિસ્ટ્રેશન વ્યવસ્થા પ્રમાણે મહેમાનોને સરળતાથી તેમના આગમનની નોંધ કરાવી. મહેમાનોને સેમિનાર સામગ્રી સાથે, પૂર્વ નિયોજિત બેઠક વ્યવસ્થા મુજબ એમની નિર્ધારિત સીટનો નંબર અને હરોળ દર્શાવતું કાર્ડ આપવામાં આવ્યું. ત્યારબાદ સૌ મહેમાનોએ લોંજમાં ગોઠવેલી અસ્સલ કચ્છી ઢબના ચા-નાસ્તાની મહેમાનગતિ માણી અને સાથે સાથે સેમિનાર આરંભ પૂર્વેના આ સમયનો અરસ-પરસ પરિચય કેળવવા, સેમિનારમાં ચર્ચાનાર વિષયો વિશે અનૌપચારિક ચર્ચા કરવામાં અને પરિચિતો સાથે હળવી પળો ગાળવામાં હર્ષભેર વિતાવ્યો.

બરાબર ૧૦ વાગે માનનીય વિશિષ્ટ અતિથિ - ગુજરાત રાજ્યના ઉદ્યોગ, ખાણ અને ખનિજ પદાર્થોના રાજ્યમંત્રી આદરણીય શ્રી અનિલભાઈ પટેલ તથા પાણી પુરવઠા રાજ્યમંત્રી આદરણીય શ્રી હરજીવનભાઈ પટેલ પધાર્યા. એમની સાથે અન્ય માન્ય મહેમાનોમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સલાહકાર સમિતિના માનદ્ સદસ્ય શ્રી સુરેશચંદ્ર મહેતા, સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી અને ધારાસભ્યો સર્વશ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રીમતી નીમાબહેન આચાર્ય, શ્રી

નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી છબીલદાસ પટેલ તથા શ્રી ગોપાલભાઈ ધુઆ પણ પધારેલ હતા.

અન્ય માનવંતા મહેમાનોમાં અદાણી ગ્રૂપના શ્રી વસંતભાઈ અદાણી તથા શ્રી જયેશભાઈ બુચ, ગુજરાત એન.આર.ઈ.ના શ્રી મનીષભાઈ લોહિયા તથા અન્યો, આશાપુરા ગ્રૂપના શ્રી પીયૂષભાઈ વોરા, એન્કર ગ્રૂપના શ્રી દામજીભાઈ શાહ તથા શ્રી ધનજીભાઈ શાહ, યુરો સીરામિક્સ ગ્રૂપના શ્રી નેણશી લધા ગાલા તથા અન્ય અનેક ઉદ્યોગપતિશ્રીઓ પધારેલ હતા.

ઉદ્યોગખાતાના જોઈન્ટ કમિશનર શ્રી આર. પી. મહેતા, ડેપ્યુટી કમિશનર (ઈન્ડસ્ટ્રીઝ) શ્રી ડી. ઓ. શાહ, ભુજ અર્બન ડેવલપમેન્ટના શ્રી કૌશિક થાનકી, કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન શ્રી એ. જનાર્દનરાવ, ઈફકોના જનરલ મેનેજર શ્રી શ્રીવાસ્તવ, સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર (કેનાલ) શ્રી એસ. જે. દેસાઈ, ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડના શ્રી જાડેજા વગેરે અધિકારીશ્રીઓ પણ આ સેમિનારમાં ઉપસ્થિત રહેલ હતા.

સભાગૃહમાંના સ્ટેજના પશ્ચિમ ખૂણે એન્કર ડેસ્ક પર બિરાજમાન શ્રીમતી ફાલ્ગુનીબહેન શાહે એમના દૂરદર્શન 'સંવાદદાતા' તરીકેના અનુભવી તથા મધુર સ્વરે શિસ્તબધ્ધ અને શિષ્ટતાપૂર્ણ શબ્દોમાં સહુ મહેમાનોનું ભાવભર્યું અભિવાદન કર્યું. સહુ પોતપોતાની નિર્ધારિત સીટ પર ગોઠવાયા.

ઉદ્‌ઘાટન સમારોહના આરંભે માનવંતા મહેમાનોએ સેમિનાર આયોજકો, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન ડો. ચંદ્રકાંત દેઢિયા, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઉપપ્રમુખ શ્રી અનિલકુમાર જૈન તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રી દીપેશભાઈ શ્રોફ સાથે સ્ટેજ પર સ્થાન ગ્રહણ કર્યું. આયોજકોએ સહુ મહેમાનોનું પુષ્પગુચ્છ વડે સન્માન કર્યું. સમારોહનો શુભારંભ ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ માનનીય ઉદ્યોગમંત્રીશ્રી દ્વારા દીપ પ્રાગટ્યથી થયો. ત્યારબાદ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન ડો. ચંદ્રકાંત દેઢિયાએ એમના સ્વાગત પ્રવચનમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉદ્‌ભવની પૃષ્ઠભૂમિનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. એમણે કચ્છના નવતર સ્વરૂપે સર્જેલી ઔદ્યોગિક વિકાસની સંભાવનાઓ, કચ્છમાં વસતા લોકો અને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક ઉદ્યમીઓ વચ્ચે સંવાદની આવશ્યક્તાઓને લક્ષમાં લઈ ઉદ્યોગીઓને ઉદ્યોગ એકમ સ્થાપનામાં પડતી મુશ્કેલીઓ તથા વીજળી અને પાણીની અછત ભોગવતા કચ્છની સ્થાનિક પ્રજાના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોના સમાધાન હેતુ - ઉદ્યમીઓ તથા સ્થાનિક લોક પ્રતિનિધિઓ તથા સ્વયંસેવી સંસ્થાઓ વચ્ચે સંવાદિત અને સહમતિની પૂર્તિ હેતુ આયોજિત આ સેમિનાર, ઉદ્યોગોની લાંબાગાળાની પર્યાવરણીય અસરોનો પણ વિચાર કરશે. કાઉન્સિલના અન્ય સભ્ય શ્રી હસમુખ ગઢેચાએ સેમિનારના હેતુ - Aims & Objects વિશે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે ઉદ્યોગો અને સ્થાનિક લોકો વચ્ચે લાંબાગાળાના પરસ્પર હિતોનું ધ્યાન રહે તે માટે આવા સેમિનારો દ્વારા માર્ગદર્શક સૂચનો મળી શકે છે.

કચ્છના સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં કચ્છના સમુચિત વિકાસ માટે ઔદ્યોગિકીકરણની આવશ્યક્તા સ્વીકારતાં, ઉદ્યોગોની સ્થાપના કચ્છના વિવિધ ભાગોમાં વિવેકપૂર્વક વિસ્તરણ કરી, કચ્છની સમસ્ત પ્રજાને ઉદ્યોગિકીકરણનો લાભ મળે તે લક્ષમાં લેવા પર ભાર મૂક્યો. ઉદ્‌ઘાટન સેશન દરમ્યાન અન્ય વક્તાઓમાં ફોકીયાના પ્રમુખ શ્રી દીપેશભાઈ શ્રોફે ઔદ્યોગિક વિકાસમાં સ્થાનિક માનવ સંશાધન તાલીમ પર વિશેષ ધ્યાન આપવા ભલામણ કરી. ધારાસભ્ય શ્રી બાબુભાઈ શાહે કચ્છમાં અન્ય ભારતીય ક્ષેત્રો જેવી સામાજિક વિષમતા નથી તેથી ઉદ્યોગોના વિકાસ માટે આ વિસ્તાર વધારે અનુકૂળ રહેશે તેવું જણાવ્યું. માનનીય શ્રી સુરેશચંદ્ર મહેતાએ ઔદ્યોગિક વિકાસ માટે ભૂકંપ અગાઉ થયેલા પ્રયાસોના સફળ પરિમાણસમા ભૂકંપ પૂર્વે સ્થાપિત ઉદ્યોગોનો દાખલો આપી, નવા ઉદ્યમીઓને પણ તેમના સાહસોમાં સફળતા મળશે તેવો સંકેત આપ્યો.

ત્યારબાદ મુખ્ય અતિથિ પાણી પુરવઠા રાજયમંત્રી માનનીય શ્રી હરજીવનભાઈ પટેલે એમના પ્રવચનમાં કચ્છને ગુજરાતના વિશિષ્ટ પ્રદેશ તરીકે બિરદાવ્યું અને કચ્છમાં પાણીની અછતના નિવારણ હેતુસર રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે તેની ખાતરી આપતા જણાવ્યું કે કચ્છ માટે ફાળવાયેલાં નર્મદા નીરની પ્રાથમિકતા "પેય જળ" તેમજ સિંચાઈ હેતુની છે તેથી ઉદ્યોગો માટે આવશ્યક પાણીની લગભગ એક તૃતીયાંશ વ્યવસ્થા સરકાર હસ્તે વિચારાધીન છે, જેના અંતર્ગત, વધારાની પાઈપ લાઈન નાંખવામાં આવશે. પરંતુ ઉદ્યોગો માટે વધતી જતી જરૂરિયાતોના કાયમી ઉપાય, ઉદ્યોગોએ જાતે સાથે મળીને 'સાંઘી ઈન્ડસ્ટ્રીઝ'ની માફક ડી-સેલિનેશન પ્લાન્ટ જેવું આયોજન કરવું આવશ્યક છે.

માનનીય શ્રી હરજીવનભાઈના ઉદબોધન બાદ શ્રી સુરેશચંદ્ર મહેતાના વરદ્ હસ્તે "સેમિનાર સ્મારિકા"નું વિમોચન કરવામાં આવેલ હતું અને મંચ પર બિરાજમાન માનવંતા મહેમાનોને આ સ્મારિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. મહેમાનગણ રસપૂર્વક આ "સ્મારિકા"ના અકેક પાના ફેરવીને નિહાળતા દૃષ્ટિગોચર થતા હતા.

ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં ઉદ્યોગમંત્રી માનનીય શ્રી અનિલભાઈ પટેલે ભૂકંપભગ્ન કચ્છને બેઠું કરવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા અપાયેલી રાહતોનો મુખ્ય ઉદ્દેશ અહીંની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાનું છે, સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવાનું છે. મંત્રીશ્રીએ ઉદ્યોગપતિઓને જણાવ્યું

કે કચ્છમાં ઉદ્યોગોની સ્થાપના માટે મિડીયમ તથા લાર્જ સ્કેલના લગભગ ૨૦૦ પ્રોજેક્ટો દ્વારા કુલ રૂા. ૩૦,૦૦૦ કરોડનું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ થવાની વકી છે. એના આધારે મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી સમયમાં આર્થિક વૃધ્ધિદરમાં ગુજરાતમાં સુરત પછી બીજે નંબરે કચ્છ હશે. મંત્રીશ્રીએ ઉદ્યોગપતિઓને એમને થનારા વિપુલ લાભમાં સ્થાનિક લોકોને હિસ્સેદાર બનાવવા પર ભાર મૂક્યો અને કહ્યું કે અહીંના લોકોને આવશ્યક તાલીમની સુવિધાઓ તથા રોજગારીના અવસરો પૂરા પાડવા તેમજ કચ્છમાં માળખાગત સુવિધાઓની આવશ્યક્તાનુસાર વૃધ્ધિમાં એમણે સાથ આપવો જોઈએ.

કચ્છના અર્થતંત્રને ફરીથી સાબદું કરવા માટે આવશ્યક ઉદ્યોગિકીકરણ વિશે રાજયની પ્રતિબધ્ધતાની ખાતરી આપતા ઉદ્યોગ રાજયમંત્રી શ્રી સેમિનારના સમાપન સુધી હાજર રહ્યા હતા અને તેમણે ઉદ્યોગપતિઓ અને તજજ્ઞો સાથે ખુલ્લા હૃદયે ચર્ચા વિચારણામાં ભાગ લીધો હતો. એમની સાથે આવેલા વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પણ સેમિનારની ટેક્નીકલ સેશન્સની કાર્યવાહી ફેસિલિટેટર તેમજ રિસોર્સ પર્સનની ભૂમિકા અદા કરી ઉપસ્થિત પાર્ટીસીપન્ટ્સને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અગાઉથી આયોજિત વ્યવસ્થા મુજબ માનનીય શ્રી અનિલભાઈ પટેલનું વક્તવ્ય પૂરું થવાનું હતું ત્યારે સમસ્ત સભાખંડમાં ઉપસ્થિત સહુ સભ્યોને ''સ્મારિકા - સૂવેનિયર''નું વિતરણ કરવામાં આવેલ હોતાં સમસ્ત હોલ તાળીઓથી ગૂંજી ઊઠ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારોહની આભારવિધિ બાદ આ 'સ્મારિકા' તૈયાર કરવામાં જેમનો મુખ્ય ફાળો રહેલ હતો તેવા શ્રી હંસરાજભાઈ કંસારાએ આ 'સ્મારિકા' બાબતે સભાગૃહને વ્યવસ્થિત માહિતી પૂરી પાડેલ હતી.

સેમિનારની ત્યારબાદની ત્રણે સેશન ટેક્નીકલ હતી કે જેમાં તજજ્ઞોએ તેમના અભ્યાસપૂર્ણ સંશોધનો, તારણો, મંતવ્યો રજૂ કર્યા હતા અને તેથી કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગો - એકમોની સફળતાની વિગતોના માહિતીપૂર્ણ ગ્રાફિક્સ પ્રેઝન્ટેશને સેમિનારમાં ભાગ લેનારાઓને છેવટ સુધી જકડી રાખ્યા હતા.

પ્રથમ સેશન ''કચ્છમાં ઔદ્યોગિક વિકાસ'' અંગેનું હતું કે જેના કન્વીનરપદે કંડલા પોર્ટ ટ્રસ્ટના ચેરમેન શ્રી એ. જનાર્દનરાવ બિરાજમાન હતા. સેશનનું પ્રથમ વક્તવ્ય ભુજ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના શ્રી કૌશિક થાનકીએ આપેલ હતું. જેમણે પોતાના વક્તવ્યમાં કચ્છની ઔદ્યોગિક ક્ષમતા વિશે આંકડાકિય માહિતી સાથેનું વિહંગાવલોકન પ્રસ્તુત કરેલ હતું. ત્યારબાદ ખાનગી ક્ષેત્રે સ્થપાયેલા મુંદ્રા ખાતેના ''ફ્રી પોર્ટ તથા ઔદ્યોગિક ઝોન''ની આર્થિક વિકાસના એન્જિન તરીકે બંદરીય સુવિધાઓ તથા ઉપલબ્ધ સેવાઓનું ગ્રાફિક્સ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જેની વિગતો અદાણી ગ્રૂપના શ્રી એસ. વિજય દ્વારા અંગ્રેજીમાં પ્રસ્તુત કરવામાં આવેલ હતી, જેનું તત્સમયે ગુજરાતી ભાષાંતર શ્રી જયેશભાઈ બુચ દ્વારા આપવામાં આવ્યું હતું, જેને સેમિનારમાં ભાગ લઈ રહેલા બધા જ સભ્યોએ રસપૂર્વક નિહાળ્યું હતું. ત્યારબાદ આશાપુરા ગ્રૂપના શ્રી પીયૂષ વોરાએ ખનીજ આધારિત ઉદ્યોગો વિષે, વારાહી ગ્રૂપના શ્રી દીપકભાઈ પંડ્યાએ કચ્છના સમગ્ર વિકાસમાં લઘુ ઉદ્યોગોના સ્થાનનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી અરજણભાઈ કાનગડે મીઠા ઉદ્યોગ તેમજ મીઠા આધારિત બાય પ્રોડક્ટ્સની વિપુલ સંભાવનાઓ પર પ્રકાશ પાથર્યો હતો અને સાથે સાથે મીઠા ઉદ્યોગની ટ્રાન્સપોર્ટ સમસ્યા પ્રત્યે અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. છેલ્લે શ્રી વિનોદભાઈ બિંદલીસે ટીમ્બર આયાત ઉદ્યોગની સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવાની વિપુલ સંભાવનાઓ પ્રત્યે ધ્યાન દોર્યું હતું. સાથે સાથે ટીમ્બર ઉદ્યોગના પ્રાણસમાન સૉ મિલ પરના નિયંત્રણોની સમસ્યાઓનું વર્ણન કર્યું હતું.

પ્રવચન આપનાર સર્વ તજજ્ઞોનું કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સેક્રેટરી શ્રી પ્રતાપભાઈ દંડે મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરેલ હતું અને આ પ્રથમ સેશનની સમાપ્તિ બાદ એક કલાકના લંચ વિરામ માટે સહુ વિખેરાયા હતા.

ઈફકોના જનરલ મેનેજર શ્રી શ્રીનિવાસને ટેક્નીકલ સેશન-૨ નું કન્વીનરપદ સંભાળેલ હતું કે જેમાં ''કચ્છમાં ઉદ્યોગોના ઉજ્જવળ ભાવિ'' વિશે રસપ્રદ ચર્ચા કરવામાં આવેલ હતી. આ ચર્ચાનો આરંભ ઉદ્યોગક્ષેત્રે સફળતાના નવા શિખરો સર કરતા શ્રી નેણશીભાઈ ગાલાએ કરેલ હતો.

યુરો સીરામિક્સના અધ્યક્ષ અને મૂળ ભચાઉના વતની અને ખૂબજ નાની વયના સફળ ઉદ્યોગપતિ કે જેઓએ પોતાના જીવનમાં સંઘર્ષ આદરીને આ સ્થાને પહોંચેલ છે તેવા શ્રી નેણશી લધાભાઈ ગાલાએ પોતાના વક્તવ્યની શરૂઆત નીચે મુજબનું એક દૃષ્ટાંત આપીને કરેલ હતી.

***એક ચકલી હતી. તેણે એક મહેલની અંદર કોઈ એક ખૂણામાં પોતાનો માળો બાંધેલ હતો. બનવાકાળ હતું અને તે મહેલને આગ લાગી. બધી વસ્તુ ભસ્મીભૂત થવા લાગી. ચકલીને વિચાર આવ્યો કે જે મહેલમાં મારો માળો છે તે મહેલ આ રીતે આગમાં બળી નષ્ટ થતું હોય તો મારી ફરજ છે કે મારે કંઈક કરવું જોઈએ. તે બાજુના તળાવ પર ગઈ. પોતાની ચાંચમાં પાણી ભરી લાવી અને તે આગ પર પાણી ઠાલવવા લાગી. તેના અવિરત આવા પ્રયાસોથી કોઈએ પૂછ્યું કે ચકલીબહેન તમારી ચાંચમાં પાણી ભરાય કેટલું? આગ પર તે ઠલવાય કેટલું? અને પાણીના આ જથ્થાથી આગ બુઝાય કેટલી?***

***ચકલીબહેને જવાબ આપ્યો કે ભાઈ મને પણ ખબર છે કે મારા પ્રયાસથી આ આગ કેટલી કાબૂમાં આવી શકશે! પરંતુ***

*ભવિષ્યમાં જ્યારે આ બાબતનો ઈતિહાસ લખાશે ત્યારે મારું નામ આગ લગાવવાની યાદીમાં નહીં પરંતુ આગ બુઝાવવાની યાદીમાં હશે.*

*"કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"ના પ્રયાસો આજ રીતે કચ્છના સમગ્રગ્રાહી ડેવલપમેન્ટ માટેના છે અને તેમના કાર્યો ખૂબજ સરાહનીય રહેવા પામેલ છે. ભવિષ્યમાં જ્યારે આ બાબતનો ઈતિહાસ લખાશે ત્યારે તેનું નામ કાર્યો કરનારની યાદીમાં હશે, વિરોધ કરનારની યાદીમાં નહીં.*

શ્રી નેણશીભાઈ ગાલાએ એમના યુરો સીરામિક્સના ઉદ્યોગ વિષે માહિતી આપવા ઉપરાંત કચ્છમાં વિપુલ માત્રામાં ઉપલબ્ધ ચાઈના ક્લેની, સિમેન્ટ ઉદ્યોગ માટેની જરૂરિયાતોને લક્ષમાં લેતાં ઘણી શક્યતાઓ વિશે જણાવ્યું હતું.

ગુજરાત રાજયના જીઓલોજી વિભાગના નિવૃત્ત અધિક નિર્દેશક અને જાણીતા ખનીજ તજજ્ઞ શ્રી જે. વી. ભટ્ટે ત્યારબાદ ખનીજ આધારિત ઉદ્યોગોને "મૂલ્ય વૃધ્ધિ" વિશેના અને તે અંગે ઉપલબ્ધ દેશ-વિદેશની વિપુલ માર્કેટ તથા અધિક નફાની શક્યતાઓનું રસપ્રદ વર્ણન કર્યું હતું. જો કે એ બધી જ શક્યતાઓની પૃષ્ઠભૂમિમાં પાણીની અછત કરતાં પણ વધુ અછત ઉદ્યમીની ઈચ્છા શક્તિની છે તેમજ ટેક્નોલોજીની જાણકારી દેશમાં જ ઉપલબ્ધ હોવા છતાં તેની જાણકારી મેળવવા પ્રત્યેની ઉદ્યમીઓની ઉદાસીનતા કારણભૂત છે, તે વિશે વિગતવાર દાખલા આપી ચર્ચા કરી હતી.

એક્સલ ગ્રૂપના શ્રી મનોજ ગોહિલે કચ્છના ઔદ્યોગિક વિકાસમાં પર્યાવરણની અસરો જાળવી કેમિકલ ઉદ્યોગો વિશેની રજૂઆત કરેલ હતી. વીનિયર તથા પ્લાયવુડ એસોસિએશનના પ્રમુખ શ્રી ડી. કે. અગ્રવાલે કચ્છમાં વુડ ઈન્ડસ્ટ્રીઝની હરણફાળની માહિતી આપતાં જણાવેલ કે કચ્છમાં કંડલામાં થતાં માત્ર ઈમ્પોર્ટ કરેલ ટીમ્બર પર જ આ ઉદ્યોગ અવલંબિત હોવાથી સૉ-મિલ પર મૂકવામાં આવેલ નિયંત્રણો કંડલા - ગાંધીધામ સંકુલ પરથી વહેલી તકે હટાવી લેવામાં આવે તે આજની ખાસ જરૂરિયાત પર ભાર મૂકેલ હતો. ફોકીઆના સેક્રેટરી શ્રી રસિકભાઈ મામતોરાએ પશ્ચિમ કચ્છમાં ઔદ્યોગિક વિકાસની માહિતીસભર તથા અભ્યાસુ માહિતી રજૂ કરેલ હતી.

શ્રી શ્રીનિવાસને આ સત્રના અંતે સમાપન કરેલ હતું જે રસપ્રદ રહેવા પામેલ. સહુ વક્તાઓને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવેલ હતા. ત્યારબાદ ૧૫ મિનિટનો ટી બ્રેક પાડવામાં આવેલ.

ચાના વિરામ બાદ તૃતીય ટેક્નીકલ સેશનના કન્વીનરપદની જવાબદારી ઉદ્યોગ ખાતાના એડિશનલ કલેક્ટર શ્રી આર. પી. મહેતાએ સંભાળેલ હતી. એન્કર ડેવુ ઈન્ડસ્ટ્રીઝના શ્રી ધનજીભાઈ શાહે કચ્છમાં ઔદ્યોગિક વિકાસ વિશેની માહિતીની સચોટતાના દર્શન કરાવ્યા હતા અને આ ઔદ્યોગિક વિકાસના ભાવિની પણ તલસ્પર્શી રજૂઆત કરેલ હતી. મેટકોક મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના ઉપપ્રમુખ શ્રી તિવારીજીએ આ ઉદ્યોગના કારણે કચ્છની ઈકોનોમી પર પડતી અસરની આંકડાકીય વિગતો આપેલ હતી તથા આ ઈન્ડસ્ટ્રીઝના કારણે પર્યાવરણ પર કોઈ વિપરીત અસર ન થાય તેની સજાગતા રાખવાની તેઓશ્રીએ ખાતરી પણ ઉચ્ચારેલ હતી. એગ્રો ઈન્ડસ્ટ્રી કન્સલ્ટન્ટ શ્રી લલિતભાઈ મૈશેરીએ કચ્છમાં એગ્રો બેઈઝ ઈન્ડસ્ટ્રીઝની શક્યતાઓ વિશેની રસપ્રદ છણાવટ, તેના ગ્રાફિક્સ પ્રેઝન્ટેશન દ્વારા કરેલ હતી. જે ઉપસ્થિત શ્રોતાગણમાં ખૂબજ સારી અસરની છાપ પાડી ગયેલ હતી. એક્વાજલ ગ્રૂપના શ્રી રમેશભાઈ શાહે સેલ્સ ટેક્ષ પોલિસીની વિટંબણા હવે દૂર થઈ જશે તેની વિગતે રજૂઆત કરેલ હતી અને આ પોલિસી દસ વર્ષ સુધી લંબાવવામાં આવે તેવી જરૂરિયાત પર ભાર મૂકેલ હતો. અંતમાં કન્વીનરપદેથી આ સેશનની સમાપન નોંધ શ્રી આર.પી. મહેતાએ કરેલ હતી. સહુ વક્તાઓને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવેલ હતા.

ટેક્નીકલ સેશનના સફળ સંચાલન બાદ માનનીય ઉદ્યોગમંત્રીશ્રીએ એમના સમાપન વક્તવ્યમાં ઉદ્યોગપતિઓને કચ્છમાં મૂડી રોકાણ કરવાના અને ઉદ્યોગો સ્થાપવાના એમના પ્રયાસોનું તથા ઈચ્છાશક્તિનું સ્વાગત કરતાં કહ્યું કે કચ્છમાં ઉદ્યોગોને જે સવલતો અને સુવિધાઓ છે તે નજરે, સ્વયંસેવી સંસ્થા સંચાલિત સ્થાનિક લોકોને હિતો જાળવવા જરૂરી વ્યવસ્થા ઊભી કરે તે જરૂરી છે, જેથી આવનારા ઉદ્યોગો પ્રત્યે સ્થાનિક લોકોને વિશ્વાસ બેસશે અને એમનો સહકાર મળી રહેશે.

મંત્રીશ્રીના સમાપન સંબોધન પછી શ્રી સુરેશચંદ્ર મહેતાએ કચ્છના ઔદ્યોગિકીકરણ વિશેનું એમનું 'વિઝન' સ્પષ્ટ કર્યું હતું. એમના મતે પાણીનો પ્રશ્ન માત્ર કચ્છને નથી. એમણે ખાડીના દેશોના દાખલા ટાંક્યા, ત્યાં પણ પાણી ન હોવા છતાં, ત્યાંના ઉદ્યોગ તેમજ વાણિજયનો વિકાસ થઈ રહ્યો છે. પાણીના વિકલ્પો ઉપલબ્ધ છે અને તેનો ભરપૂર ઉપયોગ કરવાનું આપણા હાથમાં જ છે, જે માટે તેઓશ્રીએ ઉદ્યોગોને સંયુક્ત પ્રયાસો કરવા અપીલ કરેલ હતી.

અંતમાં ફોકીઆના માનદ્ મંત્રી શ્રી નિમીષ ફડકેએ પધારેલા વિશિષ્ટ અતિથિઓ, માનવંતા મહેમાનો, ઉદ્યોગપતિઓ, તજજ્ઞો, કંડલા પોર્ટ ટ્રસ્ટ, ઈફકો તથા કંડલા ફ્રી ટ્રેડ ઝોનના અધિકારીશ્રીઓ, ઉદ્યોગ મંત્રાલયના તથા સરકારશ્રીના અન્ય વિભાગોના વરિષ્ઠ અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિત સમુદાયનો ખાસ આભાર માન્યો હતો. **ઈફકોએ વિના મૂલ્યે તેના ઓડિટોરિયમ, ગેસ્ટ હાઉસ તથા અન્ય જે વ્યવસ્થા પૂરી પાડી તે બદલ પણ તેમણે ઈફકોનો ખાસ આભાર માન્યો હતો.** ■

# ઔદ્યોગિક સેમિનારની ફળશ્રુતિ

■ અશોક મહેતા ■

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - ગાંધીધામ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજાર દ્વારા સંયુક્તપણે આયોજિત એક ઔદ્યોગિક સેમિનાર ગાંધીધામ મધ્યે આવેલ ઈફકો ઓડિટોરીયમમાં શુક્રવાર તા. ૨૩-૯-૨૦૦૫ના દિવસે યોજાઈ ગયો. ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી અનિલભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, ધારાસભ્યો શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રીમતી નીમાબહેન આચાર્ય, શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા, કંડલા પોર્ટ ટ્રસ્ટના શ્રી એ. જનાર્દનરાય, ઈફકોના જનરલ મેનેજર શ્રી શ્રીવાસ્તવ, અદાણી ગ્રૂપના શ્રી વસંતભાઈ અદાણી તથા શ્રી જયેશ બુચ; એન્કર ગ્રૂપના શ્રી દામજીભાઈ શાહ, યુરો સીરામિક્સના શ્રી નેણશી લધા ગાલા, ગુજરાત એન.આર.ઈ. કોકના શ્રી મનીષ લોહિયા, આશાપુરા ગ્રૂપના શ્રી પીયૂષભાઈ વોરા, એક્સેલ ગ્રૂપના શ્રી દીપેશભાઈ શ્રોફ, રત્નમણિ ગ્રૂપના શ્રી જયંતીભાઈ સંઘવી, કચ્છના ડી.ડી.ઓ. શ્રી કૌશિક થાનકી, ઉદ્યોગ વિભાગના જોઈન્ટ કમિશનર શ્રી આર. પી. મહેતા, જી.ઈ. બોર્ડના શ્રી જાડેજા, સરદાર સરોવર નર્મદા નિગમના શ્રી એસ. જે. દેસાઈ વગેરે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમજ કચ્છમાં સ્થપાયેલ અનેક ઉદ્યોગોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આ સેમિનાર દરમ્યાન કચ્છના વિકાસના પ્રશ્ને અનેક વિષયે ચર્ચા કરવામાં આવી. વક્તાઓમાં અનેક ટેક્નીકલ નિષ્ણાતો હતા અને તેઓએ જે વક્તવ્ય રજૂ કર્યું તેનો સાર ભાગ એ હતો કે કચ્છ હજુ પણ વધુ વિકાસ તરફ આગળ ડગ ભરી શકે. સરકારશ્રી તથા ઉદ્યોગપતિઓ આ બાબત કયા કયા પગલાં લઈ શકે? હજુ પણ કયા કયા વિભાગોમાં વિકાસ તરફની હરણફાળ ભરી શકાય તેમ છે? ટેક્નીકલ નિષ્ણાતોના કેટલાક વક્તવ્ય ખૂબજ ઉચ્ચ ક્વોલિટીના હતા.

સેમિનારના અંતે સાંજના સમયે આખા દિવસની ચર્ચાને અંતે શ્રી અનિલભાઈ પટેલે તથા શ્રી સુરેશભાઈ મહેતાએ બહુજ સારી રીતે મૂલવણી કરી અને ભવિષ્યમાં આ સેમિનારની ફળશ્રુતિ સ્વરૂપે કયા કાર્યો તરફ દિશાચિન્હ મૂકી શકાય તેની અર્થસભર રજૂઆત કરી.

ત્યારબાદની અનેક દિવસોની ચર્ચા વિચારણાના અંતે આ સેમિનારના ફળ સ્વરૂપે નીચે મુજબની કાર્યવાહી થઈ શકે તેવું તાત્પર્ય કાઢવામાં આવ્યું :

૧. કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના મૂડી રોકાણથી એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીની સ્થાપના થઈ શકે કે જે લીગ્નાઈટ બેઈઝ ૫૦૦ મેગાવોટનું પાવર સ્ટેશન સ્થાપે અને આધુનિક ટેક્નીકનો ઉપયોગ કરી દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તિત કરી, તે પાણી ઉદ્યોગો તથા ખેતી માટે જરૂરિયાત મુજબના લોકોને ચાર્જેબલ ધોરણે સપ્લાય કરે. કચ્છની પાવર ગ્રીડ આ સંસ્થા સંભાળી શકે. પાણી માટેની જરૂરી પાઈપ લાઈનો પણ તે નાંખી શકે. લગભગ રૂપિયા ૫૦૦૦ કરોડના મૂડી રોકાણથી આ કાર્યો થઈ શકે. કે.ડી.સી., જી.સી.સી.આઈ. તથા ફોકીયાએ આ બાબતે કેટાલીસ્ટ તરીકે આગળની કાર્યવાહી કરવી જોઈએ. ગુજરાત સરકારનો પૂરેપૂરો સહકાર મેળવવો જોઈએ.

૨. કચ્છમાં જે પ્રકારે મિનરલ્સ - ખનીજો (બેન્ટોનાઈટ, બોક્સાઈટ, સીલીકા, ચાઈના ક્લે વગેરે) ઉદ્‌ભવે છે તેના પ્રમાણમાં મિનરલ આધારિત ઉદ્યોગો ડેવલપ થઈ શકેલ નથી. વેલ્યુ એડેડ પ્રોડક્શન કચ્છના જે-તે વિભાગમાં ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થાય તો તે પ્રોડક્ટ મટીરીયલ અત્યારે જે બીજા દેશોમાંથી મંગાવવું પડે છે તે મંગાવવાની જરૂરિયાત ના રહે અને આ ઉત્પાદનની કિંમત સારી ઉપજી શકે. આ ઉદ્યોગોથી માંડવી - અબડાસા પટ્ટી પણ સારી ડેવલપ થઈ શકે. આ કાર્ય માટે માંડવી ચેમ્બર પોતાનો સારો એવો રોલ ભજવી શકે.

૩. કચ્છમાં સ્ટીલ, મીઠું, કોક, ઓઈલ, સૉ પાઈપ વગેરે પ્રકારના અનેક ઉદ્યોગો વિકાસ પામેલ છે. આ બધા ઉદ્યોગોના ફાઈનલ ઉત્પાદનના ભાવ સારા નીપજવા જોઈએ અને તેની માર્કેટ ડિમાન્ડ પણ સારી રહેવી જોઈએ. આ માટે દરેક પ્રકારના વિભાગના ક્લસ્ટર્સ બનાવી, ક્લસ્ટર નિષ્ણાતની સલાહ લઈ આગળ વધવું જોઈએ. એજ રીતે કેસર કેરી, ખારેક વગેરે બાગાયતી ઉત્પાદનોના પણ ક્લસ્ટર્સ બની શકે. કે.ડી.સી. આ બાબતે અગ્રીમ ભાગ ભજવી શકે.

૪. ઉદ્યોગો પોતાની સામાજિક જવાબદારી નિભાવવા તૈયાર હોય તેવું દેખાય છે. પરંતુ તેઓ આ માટે જરૂરી નાણાં પૂરા પાડી શકે. જાતે સામાજિક જવાબદારીના કાર્યો કરવા

કદાચ જરૂરી સમય ફાળવી ના શકે. ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ, કચ્છના વિવિધ વિભાગોમાં ચેક ડેમો, એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનની સ્થાપના, સારવાર કેન્દ્રો તથા હોસ્પિટલની સ્થાપના વગેરે કાર્યો આ વિભાગમાં કરી શકાય. આ અંગેની જવાબદારી કોઈ સામાજિક સંસ્થાઓએ અથવા એસોસિએશનોએ ઉપાડી લેવી જોઈએ.

૫. એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ કચ્છમાં સારા પ્રમાણમાં વિકાસ પામી શકે તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે. કેસર કેરી, ખારેક, ચીકુ, મીંદીયાવડ, કુંવરપાઠું, રત્નજયોત, ગાંડો બાવળ વગેરે આધારિત વેલ્યુ એડેડ પ્રોડક્શન આ ઉદ્યોગો અપનાવી શકે. આ બાબતના નિષ્ણાત શ્રી લલિતભાઈ મૈશેરીનું જ્ઞાન ખૂબજ ઉપયોગી નીવડી શકે. આ બાબત આગળ વધવા કે.ડી.સી. તથા આ પ્રકારની અન્ય સંસ્થાઓએ આગળ વધવું જોઈએ. સ્થાનિકે મુંદ્રાના શ્રી સુરેશભાઈ ઠક્કર તથા લાખપરના શ્રી મધુભાઈ માંકડે આ કાર્યોમાં આગળ વધવા જવાબદારી સ્વીકારેલ છે તે ખૂબજ આનંદની વાત છે.

૬. ગુજરાત રાજયના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તથા માંડવી વિભાગના ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી સુરેશચંદ્ર મહેતાની દીર્ઘદૃષ્ટિનો અહેસાસ તેમના મંતવ્ય દ્વારા ઉપસ્થિત સહુ પ્રતિનિધિઓને થયો. તેમના દૃષ્ટિકોણનો લાભ સમગ્ર કચ્છની જનતા લઈ શકે અને કચ્છને વિવિધ વિભાગોના ક્ષેત્રે આગળ લાવવા પ્રયાસ થઈ શકે.

અગર આવતા દિવસોમાં ઉપરોક્ત કાર્યો તરફ ડગ ભરી શકાય તો આ સેમિનાર માત્ર વક્તવ્યો નહીં પરંતુ અર્થસભર કાર્યો પાર પાડવાનું પ્રથમ ડગ છે તેવું સાબિત થઈ શકશે.

## કડવી ચીરનું સુખ!

*– કુમારપાળ દેસાઈ*

મહમૂદ ગઝનવીને પોતાના એક ગુલામ પર અત્યંત વિશ્વાસ હતો. રાત્રે પોતાના ખંડમાં એ કોઈ બેગમને સૂવા દેતો નહોતો, પણ આ વિશ્વાસપાત્ર ગુલામને સુવાડતો હતો. એને ડર રહેતો કે કદાચ કોઈ બેગમ દુશ્મન સાથે ભળી ગઈ હોય અને એની હત્યા કરી નાખે અથવા તો કોઈ બેગમ દ્વેષથી એને ઝેર પીવડાવી દે તો શું થાય?

એક વાર એક જંગલમાં આ ગુલામ સાથે શિકાર ખેલવા ગયેલો મહમૂદ ગઝનવી રસ્તો ભૂલ્યો. ખૂબ ભૂખ લાગી. પાસેનું ખાવાનું ખૂટી ગયું. એવામાં એક બગીચો જોયો. એના એક વૃક્ષ પર એક પાકેલું ફળ જોયું.

બાદશાહ અને ગુલામ બંને ખૂબ ભૂખ્યા હતા. મહમૂદ ગઝનવીએ એ ફળ તોડ્યું અને એનો પહેલો ટુકડો ગુલામને ખાવા આપ્યો. આમેય એ પોતાનું ભોજન લેતાં પહેલાં દરેક વાનગીમાંથી થોડું ગુલામને ખાવા આપતો અને પછી પોતે ભોજન લેતો. આથી ખોરાકમાં ઝેર ભેળવ્યું હોય તો પોતાને કશો વાંધો ન આવે. એમાં પણ આ ફળ કયા પ્રકારનું છે એની બેમાંથી કોઈને જાણ ન હતી. કોઈ ઝેરી ફળ હોય તો શું થાય?

મહમૂદ ગઝનવીએ ફળની પહેલી ચીરી કરીને ગુલામને આપી. ગુલામ એ ચીર ખાઈ ગયો અને બીજી માગી. પછી ત્રીજી, ચોથી અને પાંચમી ચીર ગુલામ માગતો જ ગયો અને મહમૂદ ગઝનવીએ એને આપી. હવે છેલ્લી ચીર રહી હતી. ગુલામે એ માગી. બાદશાહે પ્યારા ગુલામને કહ્યું, ‘આ એક બાકી રહેલી છેલ્લી ચીર તો મને ખાવા દે.’

ગુલામે કહ્યું, ‘ના માલિક. મને ખાવા દો, મને આપો.’ એમ કહીને બાદશાહના હાથમાંથી એ ચીર છીનવી લેવાની કોશિશ કરી.

મહમૂદ ગઝનવી અકળાયો. બાદશાહ સામે આવી ગુસ્તાખી! આ ગુલામને એની હેસિયત અને મારી ભૂખનો કશો ખ્યાલ નથી! આથી ગુલામ હાથમાંથી ચીર ઝડપે એ પહેલાં પોતે જ એને મોંમાં મૂકીને ખાવા લાગ્યા. તરત જ મોંમાંથી એ ચીર ફેંકી દેતા મહમૂદે કહ્યું, ‘અરે! આ તો કડવી ઝેર જેવી ચીર છે અને તું આટલી બધી ચીર ખાઈ ગયો? કહેવું તો હતું કે કડવું વખ ફળ છે. તું તો વધુ ને વધુ માગતો રહ્યો. જાણે કોઈ અમૃત ફળ ન હોય!’

ગુલામે કહ્યું, ‘બાદશાહ, જિંદગીમાં ઘણી મધુર ચીજો આપના હાથે આપી છે. એનાથી મારી જિંદગી રોશન થઈ છે. એકાદ કડવી ચીજ એ જ હાથ પાસેથી મળે તો તેમાં વાંધો શું? તમારા હાથે મને કેટલું બધું સુખ આપ્યું છે? હવે એની પાસેથી થોડુંક દુઃખ મળે તો તે પણ સદ્ભાગ્ય ગણાય. જે કંઈ આપના હાથના સ્પર્શથી મળે, તે બધાથી હું ધન્યતા અનુભવું છું.’

માનવી જીવનમાં પોતાના સ્વજનો પાસેથી સદૈવ સુખની આશા રાખે છે, કિંતુ પૂર્ણ સુખ કદી કોઈને પ્રાપ્ત થયું છે ખરું? સુખના સાગરમાં દુઃખની સરિતાનો સંગમ સંધાતો હોય છે. મધુર ફળોની સાથે ક્યારેક કડવી ચીર પણ ખાવી પડે છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૩

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચશ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયનો પ્રારંભ બે બંધુ બેલડીએ કર્યો : ______________ અને ______________ (મનુભાઈ, શંભુલાલ, કાંતિભાઈ, ગોવિંદભાઈ)

૨. અમદાવાદના પ્રથમ નગરશેઠ ______________ હતા. (શાંતિદાસ ઝવેરી, કસ્તુરભાઈ લાલભાઈ, પ્રેમાભાઈ)

૩. અમદાવાદનો ૬૧૫મો જન્મ દિવસ ______________ ના હતો. (૨૬-૨ / ૧૫-૨ / ૧૧-૧)

૪. સમાજના પરિવારના સર્વે રિપોર્ટ મુજબ સમાજના ______________ ટકા લોકો ભાડાના મકાનમાં રહે છે. (૧૦ ટકા, ૪૦ ટકા, ૩૫ ટકા)

૫. સુખ વહેંચવા સંગત જોઈએ... દુઃખ વહેંચવા ______________ જોઈએ. (ભજન, અંગત, રંગત)

૬. સ્ટ્રેસ એટલે મનની ઉર્મિતંત્રની અથવા શરીરની સામનો કરવાની ______________. (અસમર્થતા, ક્ષમતા, તાકાત)

૭. સુનિતા વિલિયમ્સ ______________ કલાક માટે સ્પેસથી બહાર રહ્યા. (૭.૦૦ / ૬.૩૦ / ૨.૦૦)

૮. ઉત્તરાયણના દિવસે અમદાવાદ રીવર ફ્રન્ટના ફલાવર શો ની ______________ લાખ લોકોએ મુલાકાત લીધી. (૧.૩૨ / ૨.૧૪ / ૧.૩૮)

૯. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં એક યાત્રિક રૂા. ______________ ભૂલી ગયા હતા. (૧૪,૫૦૦ / ૧૭,૫૦૦ / ૧૯,૫૦૦)

૧૦. આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના જ્ઞાનનું અભિમાન છે પણ કોઈને પોતાના ______________ નું જ્ઞાન નથી. (શિક્ષણ, અભિમાન, રૂપ)

## ● મણકા–૨૨ ના સવાલોના સાચા જવાબો ●

૧. શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ - માંડવી જિનાલયના મૂળ નાયક **શ્રી શાંતિનાથ** ભગવાન છે.

૨. લિવીંગ વિલ કોણ ક્યારે બનાવી શકે? **૧૮ વર્ષની ઉંમર કે એનાથી વધારે ઉંમર.**

૩. ભારતનો ઐતિહાસિક વિજય દિવસ **૧૬ ડિસેમ્બર** છે.

૪. કેનેડામાં **બે લાખ** કરતા વધુ તળાવ છે.

૫. તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનનું **૭૩** વર્ષે નિધન થયું.

૬. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ઇમારતનું લોકાર્પણ **તા. ૬-૧-૨૦૦૨** ના દિવસે થયેલ હતું.

૭. શ્રી દમયંતીબેન રમણલાલ ગાલાએ **૮૭** વર્ષની ઉંમરે ચક્ષુદાન તથા દેહદાન કર્યું.

૮. યુવા વિકાસ સમિતિ દ્વારા **૧૫ ડિસેમ્બર**ના રોજ ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવેલ.

૯. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેયર દ્વારા તેમના બજેટમાંથી આણંદજી કલ્યાણજી બ્લોકમાં રૂા. **૨૧** લાખ ફાળવવામાં આવ્યા.

૧૦. નવેમ્બર મહિનામાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ કુલ **૩૨,૨૩૭** વ્યક્તિઓએ લીધો.

***મણકા-૨૨ (મંગલ મંદિર ફેબ્રુઆરી-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. રેખાબેન પરમાર
૨. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩. જીતેન્દ્ર એમ. મકવાણા – ચાંગોદર, અમદાવાદ
૪. ધવલ એન. શાહ – ગાંધીનગર
૫. અશોક વી. શાહ – ગાંધીનગર
૬. મુકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ
૭. નીલમ હિતેશ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૮. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૯. અજય અશ્વિનભાઈ રાણા – કોચરબ, અમદાવાદ
૧૦. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૧. સ્મિતા શાહ – અમદાવાદ
૧૨. મિત વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૧૩. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૪. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૫. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૬. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૭. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૮. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૧૯. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૨૦. અમરીશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૧. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૨૨. રીધ્ધિ પરીખ – અમદાવાદ
૨૩. મીનાક્ષી પારેખ – પાલડી, અમદાવાદ
૨૪. ઝરણા પારેખ – અમદાવાદ
૨૫. નેહા પારેખ – અમદાવાદ
૨૬. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૭. દમયંતીબેન દિલીપ દંડ – અમદાવાદ
૨૮. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૨૯. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૩૦. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૩૧. નીતિન એચ. સંઘવી – ગાંધીનગર
૩૨. અરવિંદ જે. ભટ્ટ – બોપલ, અમદાવાદ
૩૩. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | **નીરવ મહેન્દ્રભાઈ જાદવ** | **– વેજલપુર, અમદાવાદ** | **મો. ૯૦૩૩૩ ૭૦૮૯૨** |
| ૨. | **જીતેન્દ્ર એમ. મકવાણા** | **– ચાંગોદર, અમદાવાદ** | **મો. ૬૩૫૧૦ ૬૮૯૭૬** |
| ૩. | **અશોક વી. શાહ** | **– ગાંધીનગર** | **મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯** |
| ૪. | **અજય અશ્વિન રાણા** | **– કોચરબ, પાલડી, અમદાવાદ** | **મો. ૮૧૪૧૭ ૦૭૨૬૫** |
| ૫. | **દિશા પટેલ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૭૧૨૮ ૭૩૨૦૩** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

## NanoNine® શબ્દ રમત-૨૧૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | | | | ૯ | ૧૦ | | | |
| ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | |
| | | ૧૫ | | | | | | ૧૬ | | | |
| ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | | | | |
| | | ૨૦ | | ૨૧ | | | | | | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | ૨૭ | | |
| | | | ૨૮ | | | | ૨૯ | | | | |
| ૩૦ | | ૩૦A | | | | ૩૧ | | | | | ૩૨ |
| | | ૩૩ | | | | | | | ૩૪ | ૩૪A | |
| ૩૫ | ૩૬ | | | ૩૭ | ૩૮ | | | | | ૩૯ | |
| ૪૦ | | | | ૪૧ | | | | | ૪૨ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ઘડાના ઘાટનો લોટો (૩)
૩. સોનાનો સિક્કો, સોનામહોર (૪)
૭. સીતાજીના પતિ (૨)
૮. આધાર, ભરોસો, વિશ્વાસ (૩)
૯. જાડો પ્રવાહી પદાર્થ, પ્રવાહી નીચે ઠરતો કચરો (૩)
૧૧. ઘરની બાજુની દીવાલ (૨)
૧૨. ત્રણ રતિ જેટલું તોલ, એક કઠોળ (૨)
૧૩. લીટી, રેખા, લાઈન (હિં) (૩)
૧૪. પર્ણ, પાંદડું (૨)
૧૫. ભૂત, પ્રેત (૩)
૧૬. ઓસડ, ઔષધ (૨)
૧૭. વીજળીનો પ્રવાહ (૩)
૧૮. દેવ-દેવી પ્રસન્ન થઈ આપે તે વચન (૪)
૨૦. બારી, ખીડકી, વિન્ડો (૪)
૨૨. ગુજરાતી શબ્દોમાં નકાર બતાવતો પૂર્વગ (૨)
૨૩. ગાડીમાં બેસનાર ઉતારુ (૩)
૨૫. મોકલેલું, વિદાય કરેલું (૩)
૨૬. પોકાર, બૂમ (૩)
૨૭. મોટર (ઇં) (૨)
૨૮. દિન, દહાડો (૩)
૨૯. કળાયુક્ત રચના કરનાર (૪)
૩૦. ચીવટ, સંભાળ (૩)
૩૧. યદુનો વંશજ (૩)
૩૩. વહાલો પુત્ર, બાળક (૨)
૩૪. દુર્ગંધ (૩)
૩૫. નોતરું, ઈજન, મિજબાની ગોઠ (૩)
૩૭. આયુષ્ય, જિંદગાની (૪)
૩૯. પ્રીતિ, ભાવ (૨)
૪૦. વાંદરો, કપિ (૩)
૪૧. ડોક (૪)
૪૨. ______ ના રોટલા શિયાળામાં ખવાય (૩)

### ઊભી ચાવીઓ

૧. ગ્રાહક, ખરીદી કરનાર (૩)
૨. એક સુગંધીદાર વનસ્પતિ (૩)
૩. ઈન્સાફની કચેરી, કોર્ટ (૪)
૪. દોરી વીંટવાની નાની ફાળકી (૩)
૫. કોહવાટ : બગાડો (૨)
૬. લાડમાં ઉછેરવું તે, લાલપાલ (૬)
૮. ગુંડો, ભિખારી, કંગાલ (૩)
૧૦. ડોક (૪)
૧૩. આંટો, ફેરો, ચક્કર (૩)
૧૫. તલાટી, એક અટક (૪)
૧૭. બી સાથેનું રૂ (૩)
૧૮. વનમાં વસતું તે (૪)
૧૯. દાન આપનારું સખી (૨)
૨૧. પૂના નજીક આવેલી જેલ (૪)
૨૨. ચિંતા, દિલગીરી દુઃખ વગેરે બતાવતો ઉદ્‌ગાર (૩)
૨૪. આકાશમાં વરાળનો ગોટો (૩)
૨૬. મસાલાવાળો ભાત (૩)
૨૭. પિતાના ભાઈ (૨)
૨૯. કદર કરનાર, ગુણજ્ઞ (૫)
૩૦. છળપ્રપંચ, કપટબાજી (૪)
૩૦A. જન્મારો, આયુષ્ય, ભવ (૪)
૩૨. ચોતરો, પંખીઓને માટે દાણા નાંખવાની જગ્યા, પરબડી (૪)
૩૪A. દેજ, દાયજો (૩)
૩૬. જંગલ, અરણ્ય (૨)
૩૭. અગ્નિ (૨)
૩૮. પતિ, કંથ, ભરથાર (૨)

*ભૂપેન્દ્ર નેણશી બાબરીયા તરફથી નેનો નાઈન સુડોકુ ક્રમાંક-૧૧૭૨ જાન્યુઆરી-૨૦૨૫ના જવાબ સમય મર્યાદા પછી મળેલ છે.*

*નોંધ : શબ્દ રમત તથા સુડોકુની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિર્ધારીત કરેલ સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૧૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | ર | ક્ષ | ર | | સુ | | ન | સી | હ | ત | |
| રં | જ | | જ | | વા | ટ | વો | | ર | સ | મ |
| જ | | બ | ક | વા | સ | | દિ | ન | | ર | સી |
| ન | મ્ર | | | માં | | | ત | ર | ફ | | હા |
| નિ | | | બા | ગ | બા | ન | | ક | ર | મ | |
| રા | ની | | ર | | જ | | ના | | જ | ન | મ |
| કા | ર | ના | મુ | | રી | | ના | ન | | હૂ | |
| ર | જ | ત | | દ | | | | જ | | સ | મ |
| | | | ર | મ | ત | | મ | ર | દ | | |
| લ | વા | દ | | ન | સ | | લ | | યા | દ | વ |
| | જ | સ | ત | | વી | | કા | મ | | | લ્લ |
| | | મ | જ | બૂ | ર | | ટ | ન | લ | | ભ |

*જાન્યુઆરી-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૩. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૪. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૫. પ્રવીણ દંડ – અમદાવાદ
૬. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૭. રીદ્ધિ પરીખ – અમદાવાદ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. ધનલક્ષ્મી મોતા – અમદાવાદ
૧૧. મીનાબેન ખરીદિયા – અમદાવાદ
૧૨. ઇંદુબેન પટેલ – અમદાવાદ
૧૩. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૪. ઝરણા પારેખ – અમદાવાદ
૧૫. નેહા પારેખ – અમદાવાદ
૧૬. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૭. નવલ નીસર – સુરત
૧૮. દમયંતી દંડ – અમદાવાદ
૧૯. પ્રભા શેઢિયા – વલસાડ
૨૦. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ
૨૧. કામિની શેઠ – અમદાવાદ
૨૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૩. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૪. પુષ્પા દેઢિયા – મુંબઈ
૨૫. કિંજલ શેઠ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) હંસાબેન ઠાકોર – અમદાવાદ
(૨) નવલ નીસર – સુરત
(૩) તૃપ્તિ સાવલા – અમદાવાદ

## મહિલાઓના નેતૃત્વ પર પસંદગી

એમેઝોન અને ગૂગલે ભારતમાં ટોપની પોસ્ટ પર પ્રીતિ અને દીપા નામની મહિલાઓને બેસાડ્યા.

ટોચ લેવલની બંને કંપનીઓએ મહિલાઓના નેતૃત્વ પર પસંદગી ઉતારી છે.

ગયા ડિસેમ્બરના અંતમાં ટેકનિકલ જાયન્ટ ગૂગલે કંપનીના ભારત ખાતેના વાઈસ પ્રેસિડેન્ટ અને કન્ટ્રી મેનેજરની પોસ્ટ પર પ્રીતિ લોબાનાને નિમ્યા હતા. જ્યારે જાન્યુઆરી-૨૦૨૫ના પહેલા અઠવાડિયામાં એમેઝોનના મીડિયા ડોર યુનિટના વડા તરીકે દીપા જાટકરને નિમ્યા હતા.

એમેઝોન અને ગૂગલ બંને વિશ્વની નામાંકિત કંપનીઓ છે. બંને કંપનીઓએ મહિલાઓના નેતૃત્વ પર પસંદગી ઉતારી છે. પુરુષ પ્રધાન માર્કેટમાં મહિલાઓ આગળ આવી રહી છે, જે પ્રસંશનીય કહી શકાય.

## દિલ્હી વિધાનસભા : ફેબ્રુઆરી-૨૦૨૫ની ચૂંટણી

દિલ્હી વિધાનસભાની ૭૦ સીટો માટે ૬૯૯ ઉમેદવારો ઉભા રહ્યા કે જેમાંથી ૫૫૫ ઉમેદવારોએ પોતાની ડિપોઝીટ પણ ગુમાવેલ હતી કે જે લગભગ ૮૦ ટકા થયા.

દિલ્હી વિધાનસભાની ૭૦ સીટમાંથી ભાજપને ૪૮ સીટ, આપને ૨૨ સીટ અને કોંગ્રેસને એક પણ સીટ ના મળી.

દિલ્હીમાં ચૂંટાયેલા ૭૦ ધારાસભ્યોમાંથી ૩૧ ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ થયેલ છે. આ ૩૧માંથી ભાજપના ૧૬ અને આપના ૧૫ ધારાસભ્યો છે.

ઉપરોક્ત ૩૧ ધારાસભ્યોમાંથી આપના ૧૦ અને ભાજપના ૭ ધારાસભ્યો સામે ગંભીર આરોપો ધરાવતા અને બિન જામીનપાત્ર ક્રિમિનલ કેસો છે.

*તમારી પ્રતિષ્ઠાની બરાબર સંભાળ રાખો, કારણકે એ તમારા કરતાં લાંબું જીવવાની છે.*

## NanoNine® Sudoku

**જાન્યુઆરી-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૨ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અજય રાણા – અમદાવાદ
૩. નીરવ જાદવ – અમદાવાદ
૪. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૫. નીલોફર શેખ – અમદાવાદ
૬. લુબનાબેન શેખ – અમદાવાદ
૭. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૮. જીયા સંઘવી – અમદાવાદ
૯. નયના કારાણી – અમદાવાદ
૧૦. આશિષ પરીખ – અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૨. સ્મિતા શાહ – અમદાવાદ
૧૩. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૪. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૧૫. ઇંદુબેન પટેલ – અમદાવાદ
૧૬. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૭. ઝરણા પારેખ – અમદાવાદ
૧૮. નેહા પારેખ – અમદાવાદ
૧૯. મિતેશ દેઢિયા – અમદાવાદ
૨૦. ધવલ એન. શાહ – ગાંધીનગર
૨૧. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૨. જ્યોતિ ગડા – અમદાવાદ
૨૩. અમન ગોસર – અમદાવાદ
૨૪. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૨૫. પ્રભા શેઠિયા – વલસાડ
૨૬. કામિની શેઠ – અમદાવાદ
૨૭. પુષ્પા દેઢિયા – મુંબઈ
૨૮. કસ્તુરબેન ગોસર – સાંગલી
૨૯. રીટા ગાંધી – અમદાવાદ
૩૦. દિનેશકુમાર વોરા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઇનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઇલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) હેમલતા દેઢિયા – અડાલજ
(૨) દિનેશકુમાર વોરા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

**ક્રમાંક - ૧૧૭૪**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | 2 | |
| 2 | 6 | | 8 | | | 3 | | |
| | | 9 | | 2 | 3 | 8 | | 5 |
| 1 | | 7 | | | | | 9 | 6 |
| | | | 1 | 6 | 7 | | | |
| 5 | 4 | | | 3 | | 1 | | 8 |
| 3 | | 8 | | 7 | | 6 | | |
| | | 1 | | | 2 | | 8 | 9 |
| | 7 | | 6 | | 8 | 5 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | 5 | | | 6 | | 3 |
| | | 5 | 8 | 3 | | | 1 | |
| 6 | 3 | | | | 9 | | 8 | |
| | | 6 | | 5 | 4 | | | 9 |
| 9 | | 2 | | | | 7 | | 6 |
| 5 | | | 9 | 6 | | 8 | | |
| | 2 | | 1 | | | | 6 | 8 |
| | 6 | | | 8 | 7 | 4 | | |
| 4 | | 8 | | | 3 | | 7 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | | 5 | | | 7 | | |
| | | 7 | | 2 | 8 | | | 5 |
| | | 8 | 1 | | | 3 | 2 | |
| 1 | 2 | | 7 | | 5 | 4 | | |
| 6 | | | | 3 | | | | 9 |
| | | 3 | | | 9 | | 7 | 1 |
| | 4 | 2 | | | 3 | 9 | | |
| 7 | | | 8 | 1 | | 5 | | |
| | | 5 | | 7 | | | 4 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | 7 | 8 | 1 | |
| 3 | 2 | 9 | | | | | | |
| | 1 | | 2 | | 4 | | 3 | 5 |
| 9 | 3 | | | | 8 | | | 7 |
| | 6 | | | 3 | | | 2 | |
| | | 4 | 1 | | 2 | | 6 | 9 |
| 6 | | 8 | 5 | | 3 | | 4 | |
| | | | | | | 5 | 8 | 6 |
| 1 | | 5 | 4 | 8 | | | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૭૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 5 | 7 | 6 | 2 | 1 | 4 | 8 |
| 8 | 2 | 4 | 9 | 1 | 3 | 7 | 6 | 5 |
| 6 | 1 | 7 | 8 | 4 | 5 | 3 | 2 | 9 |
| 4 | 6 | 3 | 5 | 2 | 1 | 9 | 8 | 7 |
| 2 | 7 | 8 | 3 | 9 | 6 | 4 | 5 | 1 |
| 9 | 5 | 1 | 4 | 7 | 8 | 2 | 3 | 6 |
| 7 | 3 | 6 | 1 | 5 | 4 | 8 | 9 | 2 |
| 1 | 4 | 2 | 6 | 8 | 9 | 5 | 7 | 3 |
| 5 | 8 | 9 | 2 | 3 | 7 | 6 | 1 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 7 | 5 | 2 | 6 | 1 | 8 | 4 |
| 6 | 4 | 5 | 9 | 1 | 8 | 3 | 7 | 2 |
| 8 | 2 | 1 | 4 | 3 | 7 | 9 | 5 | 6 |
| 2 | 3 | 6 | 7 | 4 | 5 | 8 | 9 | 1 |
| 9 | 5 | 8 | 2 | 6 | 1 | 7 | 4 | 3 |
| 1 | 7 | 4 | 8 | 9 | 3 | 6 | 2 | 5 |
| 4 | 1 | 2 | 3 | 8 | 9 | 5 | 6 | 7 |
| 7 | 6 | 9 | 1 | 5 | 4 | 2 | 3 | 8 |
| 5 | 8 | 3 | 6 | 7 | 2 | 4 | 1 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 7 | 6 | 5 | 1 | 2 | 9 | 3 |
| 9 | 1 | 3 | 4 | 7 | 2 | 8 | 6 | 5 |
| 2 | 6 | 5 | 9 | 8 | 3 | 1 | 7 | 4 |
| 5 | 2 | 1 | 8 | 9 | 4 | 7 | 3 | 6 |
| 6 | 3 | 4 | 5 | 2 | 7 | 9 | 8 | 1 |
| 7 | 9 | 8 | 1 | 3 | 6 | 5 | 4 | 2 |
| 1 | 7 | 6 | 2 | 4 | 8 | 3 | 5 | 9 |
| 3 | 4 | 9 | 7 | 1 | 5 | 6 | 2 | 8 |
| 8 | 5 | 2 | 3 | 6 | 9 | 4 | 1 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 9 | 4 | 6 | 2 | 1 | 7 | 8 |
| 7 | 2 | 1 | 3 | 9 | 8 | 5 | 4 | 6 |
| 4 | 8 | 6 | 5 | 7 | 1 | 9 | 2 | 3 |
| 3 | 5 | 7 | 8 | 1 | 6 | 2 | 9 | 4 |
| 6 | 4 | 8 | 9 | 2 | 5 | 3 | 1 | 7 |
| 1 | 9 | 2 | 7 | 3 | 4 | 8 | 6 | 5 |
| 8 | 7 | 5 | 1 | 4 | 9 | 6 | 3 | 2 |
| 2 | 1 | 3 | 6 | 5 | 7 | 4 | 8 | 9 |
| 9 | 6 | 4 | 2 | 8 | 3 | 7 | 5 | 1 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

## 'મંગલ મંદિર' વસંતઋતુમાં પાંગરતી પ્રકૃતિની જેમ પ્રજ્વલિત થાય છે

'મંગલ મંદિર'નો ફેબ્રુઆરી ૨૦૨૫નો અંક વસંતઋતુના આગમનના વધામણા જેવો કહી શકાય. મુખપૃષ્ઠ પર "રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો" કાવ્ય પંક્તિઓ સમયોચિત છે. તંત્રી સ્થાનેથી સમાજનાં પરિવારોનો સર્વે રીપોર્ટના તારણ પરથી સારું ચિત્ર ઉપસે છે. વયજૂથ પ્રમાણે વર્ગીકૃત કરી કરવામાં આવેલા સૂચનો પર ચિંતન જરૂરી છે. શ્રી રજનીકાંત પારેખ દ્વારા સમાજના સભ્યપદ તથા સભ્ય તરીકે મળતા લાભોની વિગતવાર માહિતી આપી છે, જે નવા આગંતુકો માટે અગત્યની છે. વયસ્ક સમિતિ દ્વારા બાલાસિનોર ડાયનાસોર પાર્ક તથા ગલતેશ્વર પ્રવાસનું વર્ણન સુંદર રહ્યું. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સૃષ્ટિ ઇનોવેશન સંસ્થા ગ્રામભારતી ગાંધીનગરના પ્રવાસનું વર્ણન તથા પ્રાકૃતિક ખેતીની સમજ આપવામાં આવી, તે બાબત નોંધનીય છે. ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ ૩૩,૬૪૯ હતી. જે દર્શાવે છે કે સારી અને ઉમદા પ્રવૃત્તિનો મહત્તમ લાભ લેવાઈ રહ્યો છે. 'સવાલ અમારા - જવાબ તમારો' વિભાગ વાચકોની વાંચન પ્રત્યેની રૂચિ કેળવે છે. સુડોકુ તથા શબ્દરમત જેવા વિભાગો પણ લોકપ્રિય છે. નિવૃત્તિ પછી સુખી જીવન જીવવાના ૩૬ જેટલા સૂચનો દરેક વયસ્કો માટે અપનાવવા જેવા છે. સમાજમાં થતા વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફને સ્થાન આપી તેને યાદગાર બનાવેલ છે.

ચૌલા કુરૂવા દ્વારા દેશ વિદેશના પ્રસંગો સંક્ષિપ્તમાં મહત્ત્વના સમાચારોનું કવરેજ હોય છે. નવનીત પટેલે સંયુક્ત કુટુંબ અંગે સુંદર કાવ્ય રજૂ કર્યું છે. રજનીકાંત પારેખ દ્વારા અમદાવાદના ૬૧૫મા જન્મ દિવસના લેખમાં અમદાવાદ અંગેની અજાણી વાતો વાંચવાલાયક છે. સ્વાધીનતા સંગ્રામમાં રામપ્રસાદ બિસ્મિલની કથા દિલધડક છે. અંગ્રેજ સલ્તનતની કાકોરી ટ્રેન લૂંટ તથા તેમાંથી મળેલ પૈસા ક્રાંતિકારી પ્રવૃત્તિમાં વાપરવા માથે કફન બાંધનાર હતા. શ્રી દેવેન્દ્ર પટેલના એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં અમદાવાદના પ્રથમ નગરશેઠ શાંતિદાસની ૭મી પેઢીના પૂર્વજ પદ્મસિંહ ક્ષત્રિય જાગીરદાર હતા તથા હરણના બચ્ચાના શિકાર બાદ જૈન સાધુના ઉપદેશથી જૈન ધર્મ અંગીકાર કર્યો તથા નગરશેઠ શાંતિદાસ ઝવેરીની દસમી પેઢી તે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવી અતિ રસપ્રદ તથા ઐતિહાસિક જાણકારી આ લેખ દ્વારા પ્રાપ્ત થઈ. મંગલ મંદિર વસંતઋતુમાં પાંગરતી પ્રકૃતિની જેમ પ્રજ્વલિત થાય છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

BJP wins Delhi! And that too with sweeping majority of votes! Most of the Indians wanted this to happen. This loss of AAP Party will have an impact on the forthcoming elections in Punjab and other states.

Congress party could not even get a single seat. This total washout, too would have an adverse effect on the Party's election prospects in other states.

Delhi has Hindus Muslims, Sikhs and Christians in the City.

The Voters have nageted the ruling AAP party and have favoured the BJP, indicating the failure of AAP govt. in keeping their promises of real development of the Union Territory.

Main Leadership being convicted, sent to Jail for looting the people of DELHI! Impure air, dirty drinking water and unclean filthy Yamuna River are other factors also.

Ok! BJP wins, now what next?

The Modi Govt. has to concentrate on welfare of the locals, addressing their grievances and planning real upliftment all around.

The AAP party leaders who are out on bail, granted by judiciary, must be back in Jail and reopen the suits against them for final verdict in their cases.

The going will not be easy for BJP as the AAP party sits in Opposition in State Legislative assembly. Modi, Amit Shah and Sitaraman are the ministers in key positions to bring back Delhi, in every sense, as the national capital, pride of India.

I am sure, Modi and co. will successfully do it very soon!

God bless India!

***Vasant 'Kutch Kesari' - Mumbai***

★

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ દ્વારા અપાતી તમામ પ્રકારની સેવા, જે

રીસેપ્શન કાઉન્ટરથી શરૂ થઈ, ડૉક્ટરોની સેવા તેમજ તેમના સહકાર્યકરોની સેવા લોકોપયોગી, માનવતાપૂર્ણ તથા ખૂબ જ સહકારમય હોય છે. દર્દીનું અડધું દુઃખ તો ત્યાં જ મટી જાય છે.

વધુમાં મારી ધર્મપત્ની ધર્મિષ્ઠા નિરંજન પટેલ દ્વારા બંને આંખના મોતિયાનું ઑપરેશન ૬ માસના ટૂંકા ગાળામાં કરાવ્યું છે. હવે બંને આંખે સરસ દેખાય છે તેમજ સરસ રીતે વંચાય પણ છે.

આમ સારી રીતે ઑપરેશન થવાના મૂળમાં ડૉક્ટરોનો સહયોગ, સહયોગી કાર્યકર્તાઓનો સહયોગ તથા માનવતાપૂર્ણ વર્તને ઘણો જ મોટો ભાગ ભજવ્યો છે.

હું આ ટ્રસ્ટનો ખરેખર ઋણી છું.

*નિરંજન પટેલ - અમદાવાદ*
*મો. ૯૯૯૮૬ ૭૩૩૦૧*

★

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે મંગલ મંદિરમાં નવેમ્બર અને ડિસેમ્બર માસમાં ડૉ. નવીન પારેખનો લેખ "દીકરીઓને સક્ષમ બનાવીએ" ભાગ-૧ અને ભાગ-૨ રૂપી પ્રગટ કર્યો છે. જે ખરેખર આજના જમાનામાં ઉંમરલાયક દીકરી અને તેના માતા-પિતાને ખૂબ જ સમજવા લાયક છે. જે ચાર મુદ્દા અલગ અલગ દીકરીને અને તેના માતા-પિતાએ ખૂબ જ સમજવા લાયક છે. બસ, આવી રીતે જ દીકરીઓને સમજણ અને સાવધાનીના લેખ વાંચવા મળી રહે તેની સમજણ પોતે રાખે તે ખૂબ જ જરૂરી છે. આ લેખ ખરેખર સમજવાલાયક છે.

*મુકેશ અમૃતલાલ શાહ - અમદાવાદ*
*મો. ૯૫૩૭૬ ૩૬૦૭૮*

★

***Shri Kutchi Vishram Gruh - Shahibaug***
***Excellent Stay accommodation in Guest House***

I would like to thank you for the excellent stay arrangements made for my grandson Ansh Basu, an engineering student along with his 11 colleagues from 25th January to 27th January for some event in Ahmedabad, in your Kutchi Vishram Gruh - Shahibaug, Ahmedabad. I am truly obliged for the hospitality shown by the staff of your Guest House.

The entire group of boys and girls including my grandson, were very happy with their experience in the Guest house. They found that, the place was very safe, peaceful, neat, clean and affordable. The staff was very kind and took good care of them.

On behalf of the entire group of boys, girls and their parents, I would like to once again thank you for the excellent arrangements made, especially Mr. Krishnakumar Modi.

***Chandrakant Velhal - Kandivali, Mumbai***
***M. 88507 55901***

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રહેવાનું થયું હતું. બહુ સારી રીતે રહ્યું. ભોજનશાળાનું જમવાનું સરસ હતું. રૂમ પણ ખૂબ સરસ હતા.

*મોહિત સંઘવી, રીતુ મોરબીયા - ભુજ, કચ્છ*
*મો. ૯૭૨૪૬ ૩૩૩૫૯*

★

***Shri Kutchi Vishram Gruh - Shahibaug***

Room were neat & clean. Staff is very co-operative. Place is very peaceful. Also rooms is available at reasonable price which is affordable and very peaceful here.

***– Anjar, Kutch***

## ગુજરાતમાં ૧૦ વધુ મેડિકલ કોલેજ

ગુજરાતને આગામી સમયમાં વધુ ૧૦ મેડિકલ કોલેજ મળશે. યુ.જી.માં ૧૫૦૦ સીટ અને પી.જી.માં ૧૦૦૦ સીટનો વધારો થશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં હવે વિવિધ પ્રકારના ટેસ્ટની સંખ્યા ૧૭થી વધીને ૬૩ પ્રકારની થઈ હોવાનો દાવો કરાયો.

અમદાવાદમાં બી.જે. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગ દ્વારા ત્રણ દિવસીય 'પેથેકોન બીજે-૨૦૨૫' સમારંભના સમાપન સમારોહમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ઉપરોક્ત વિગતો જણાવેલ હતી. ■


**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | :......... 100/- | ■ સફળતા | : .......... 75/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | :......... 100/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | : .......... 70/- |
| ■ આરોગ્યના અમૃત | :......... 150/- | ■ ગીત ગુંજન | : ....... 150/- |
| ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | :......... 100/- | ■ સાપસીડી | : ....... 250/- |

**WhatsApp**
**99130 12120**

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ **મહાકુંભમાં છેલ્લું અમૃત સ્નાન. ૬૨ લાખ શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી.**

સંગમ પર ૧૦ કિ.મી. સુધીની ભીડ. યોગીનું વહેલી સવારે ૩ વાગ્યાથી લખનઉ વોર રૂમમાં મોનિટરીંગ.
*(તા. ૩-૨-૨૦૨૫)*

★ **લંડનથી ફ્લાઇટમાં બે વાઘ લાવવામાં આવ્યા.**

પેસેન્જર ફ્લાઇટમાં ૬૮૫૬ કિ.મી.નું અંતર ૯ કલાકમાં કાપી લંડનથી બે વાઘ લવાયા. *(તા. ૩-૨-૨૦૨૫)*

★ **અમેરિકાએ ગેરકાયદે રહેતા ૩૩ ગુજરાતી સહિત ૨૦૫ ભારતીયોને પાછા મોકલ્યા.**

ઈમિગ્રન્ટ્સને લઈને વિમાન અમેરિકાથી રવાના થયું. આજે રાત્રે ભારત પહોંચે તેવી શક્યતા. *(તા. ૪-૨-૨૦૨૫)*

★ **સુરતમાં બનશે દેશનું પ્રથમ ગ્રીન રીચાર્જ સ્ટેશન.**

***જર્મનીની કંપની સાથે એમ.ઓ.યુ. ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો સોલાર પ્લાન્ટ બનાવાશે. સોલાર એનર્જીની વીજળીથી ઈ-બસો રીચાર્જ થશે.***

દેશનો સૌથી લાંબો BRTS રોડ હવે ૧૦૦% ઈલેક્ટ્રીક બસો માટે અનુકૂળ બન્યો છે. હવે આ રૂટની ઈલેક્ટ્રીક BRTS બસોની બેટરી જેની વેલિડિટી પૂર્ણ થઈ ગઈ હોય તેને પણ મહાનગરપાલિકા રીચાર્જ કરસે. *(તા. ૪-૨-૨૦૨૫)*

★ **વિદેશમાં શરણ લેવા માટે લોકો 'ગુજરાતમાં જીવને જોખમ છે' એવી એફિડેવિટ કરાવે છે.** *(તા. ૭-૨-૨૦૨૫)*

★ **મહાકુંભમાં મહાજામ. ૧૦-૧૨ કલાકથી લોકો ફસાયેલા.**

પ્રયાગરાજ જવાના રસ્તામાં ૨૫ કિ.મી. સુધીનો ટ્રાફિક જામ. સંગમ સ્ટેશન બંધ કરવું પડ્યું. *(તા. ૭-૨-૨૦૨૫)*

★ **'હું એકદમ રેડી છું, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી' : માયાભાઈ આહીરની તબિયતમાં સુધારો.**

ડાયરા દરમિયાન અચાનક બીમાર પડતાં સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા. *(તા. ૧૦-૨-૨૦૨૫)*

★ **અંબાણી પરિવારની ચાર પેઢીએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું.** આજે ૧.૨૩ કરોડ લોકોએ ડૂબકી લગાવી. પ્રયાગરાજમાં ટ્રાફિક જામની સ્થિતિ. *(તા. ૧૦-૨-૨૦૨૫)*

★ **આવતીકાલે વધુ ૧૧૯ ભારતીયો યુ.એસ.થી ડિપોર્ટ થશે.**

યુ.એસ.થી આવતી બીજી ફ્લાઇટમાં ૮થી ૧૦ ગુજરાતી. પંજાબના સૌથી વધુ. ત્રીજી ફ્લાઇટ શનિવારે અમૃતસર લેન્ડ થશે. *(તા. ૧૪-૨-૨૦૨૫)*

★ **સોનું પહેલીવાર ૮૭,૨૧૦ને પાર થયું.**

સોનું ઓલ ટાઈમ હાઈ. એક કિલો ચાંદીનો ભાવ રૂા. ૧,૯૪૫ વધીને રૂા. ૯૭,૪૯૪ થયો. *(તા. ૧૪-૨-૨૦૨૫)*

★ **મહાકુંભમાં અત્યાર સુધી રેકોર્ડબ્રેક ૫૦ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચ્યા.**

દુનિયાના કોઈપણ કાર્યક્રમમાં આટલી મોટી ભીડ એકઠી નથી થઈ. રાહુલ-પ્રિયંકા ૧૬મીએ જશે. *(તા. ૧૪-૨-૨૦૨૫)*

★ **રામ મંદિરના મુખ્ય પૂજારીની બેન્ડવાજા સાથે અંતિમ યાત્રા.** સત્યેન્દ્ર દાસને સરયુમાં જળસમાધિ આપવામાં આવી. અંતિમ દર્શન માટે હજારો લોકો ઉમટ્યા. *(તા. ૧૪-૨-૨૦૨૫)*

★ **દિલ્હી સ્ટેશન પર નાસભાગ. મહાકુંભ જતા ૧૮ લોકોના મોત.**

શ્વાસ રૂંધાવાથી જીવ ગયા. મૃતકોને છાતી-પેટમાં ઈજાઓ. ઘટનાસ્થળના CCTV ફૂટેજ સીલ. લાલુએ કહ્યું : ફાલતુ છે કુંભ. *(તા. ૧૬-૨-૨૦૨૫)*

★ **મહાકુંભમાં જબરદસ્ત ભીડ. પોલીસ ચેન બનાવી આગળ ચાલી રહી છે.**

જેથી કોઈ નાસભાગ ન થાય. ૧૦ કિ.મી. ચાલવું પડે છે. આજે ૮૨ લાખ લોકોએ ડૂબકી લગાવી. *(તા. ૧૬-૨-૨૦૨૫)*

★ **અમેરિકાએ વધુ ૧૧૬ ભારતીયોને દેશ પરત મોકલ્યા.**

પુરુષોને હાથકડી પહેરાવી. અમૃતસર એરપોર્ટ પરથી ૫ કલાકે ઘરવાપસી. ત્રીજી બેચ પણ આજે આવશે. *(તા. ૧૬-૨-૨૦૨૫)*

★ **સી-સેક્શન ડિલીવરીનો ક્રેઝ વધ્યો.**

*પ્રાઈવેટ હોસ્પિટલોમાં દર બે માંથી એક ડિલીવરી સિઝેરિયન. પ્રેગ્નન્સી દરમિયાન રાખો ૧૨ સાવચેતી.*

ભારત સરકારના ડેટા અનુસાર ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે ભારતમાં સી-સેક્શન ડિલીવરીના કેસ ૧૭.૨%થી વધીને ૨૧.૫% થઈ ગયા છે. પ્રાઈવેટ હોસ્પિટલોમાં આ કેસ બમણાથી વધુ છે. વર્ષ ૨૦૧૬માં ૪૩.૧% ડિલીવરીના કેસોમાં સી-સેક્શનની જરૂર હતી, જ્યારે ૨૦૨૧માં આ આંકડો વધીને

૪૯.૭% થયો. *(તા. ૧૭-૨-૨૦૨૫)*

★ **મહાકુંભનું પાણી સ્નાન માટે યોગ્ય નથી.**
સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે કહ્યું : પ્રયાગરાજનાં ૭૩ સ્થળથી પાણીનું ટેસ્ટીંગ કર્યું. NGTને રીપોર્ટ સુપરત કર્યો. *(તા. ૧૭-૨-૨૦૨૫)*

★ **મહાકુંભમાં જબરદસ્ત ભીડ. સંગમ તરફ જતા રસ્તા જામ.** અત્યાર સુધીમાં ૫૪ કરોડ લોકોએ ડૂબકી લગાવી. જુહી ચાવલાએ કહ્યું : જીવનની સૌથી શ્રેષ્ઠ સવાર. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **રાષ્ટ્રપતિ ભવનમાં કતારના અમીરનું સ્વાગત.**
*ગાર્ડ ઑફ ઑનર મળ્યું. પી.એમ. મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત શરૂ.*
મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદીએ કતારના અમીર તમિમ બિન હમદ અલ-થાનીનું સ્વાગત કર્યું. આ દરમિયાન તેમને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું હતું. કતાર અમીરે સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ મુલાકાત કરી. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **મહાકુંભ બતાવવા માટે ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાનો ઉડ્યા.** દર કલાકે ૮ ફ્લાઈટ્સ ઉડાન ભરી રહી છે. અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ ચાર્ટર પ્લેન ઉતર્યા. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **ટેસ્લાએ ભારતમાં ભરતી શરૂ કરી.**
કંપનીની ટૂંક સમયમાં ભારતમાં એન્ટ્રી થઈ શકે છે. હાલમાં જ મસ્ક અને મોદીની મુલાકાત થઈ હતી. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **અમેરિકાએ વધુ ૧૧૬ ભારતીયોને પરત મોકલ્યા.**
પુરુષોને હાથકડી પહેરાવી. મોદીની ડિપ્લોમસી ઉપર હવે સવાલો ઊભા થશે? ત્રીજી બેચ પણ આજે આવશે. *(તા. ૧૯-૨-૨૦૨૫)*

## વિદેશના સમાચાર

★ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેસ એક્સના સી.ઈ.ઓ. ઈલોન મસ્કને અવકાશમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોરને પાછા લાવવાનું કામ સોંપ્યું છે. બંને વૈજ્ઞાનિકો ગયા વર્ષે જૂનથી અવકાશમાં ફસાયેલા છે. *(તા. ૧-૨-૨૦૨૫)*

★ **ટ્રમ્પે કેનેડા-મેક્સિકો પર ૨૫% અને ચીન પર ૧૦% ટેરીફ લાદી.** વ્હાઈટ હાઉસે કહ્યું : આ દેશો દ્વારા ડ્રગ્સ મોકલવાના કારણે અમેરિકામાં લાખો લોકોનાં મોત થયા છે. *(તા. ૧-૨-૨૦૨૫)*

★ **મસ્કની ૮૪ હજાર કરોડમાં OpenAiને ખરીદવાની ઓફર.** કંપનીના CEO ઓલ્ટમેને કહ્યું. નો થેંક્યુ. ટ્વિટર વેચવું હોય તો કહો. *(તા. ૧૦-૨-૨૦૨૫)*

★ **ટ્રમ્પે તમામ દેશો પર ટેરીફ લગાવ્યા.** કહ્યું : ભારત ટેરીફ લાદવામાં સૌથી મોખરે. ૧૦૦% ટેરીફ લાદતાની સાથે જ BRICSનો અંત આવશે. *(તા. ૧૪-૨-૨૦૨૫)*

★ **PM મોદી સાથે મુલાકાત બાદ મસ્કનો ફરી ભારતને ઝટકો.** ભારતીય ચૂંટણીમાં યુ.એસ. ફન્ડિંગ બંધ કર્યું. અમેરિકાએ ભારતને ૧.૮૨ અબજ ડોલરની સહાય બંધ કરી. *(તા. ૧૭-૨-૨૦૨૫)*

★ **નેતન્યાહુએ કહ્યું : ટ્રમ્પની મદદથી ઇરાનને ખતમ કરીશું.**
ઇઝરાયલની યોજનાને કારણે ભારતના હજારો કરોડ રૂપિયા જોખમમાં છે. *(તા. ૧૭-૨-૨૦૨૫)*

★ **બાંગ્લાદેશમાં ૫ મહિનામાં ૩૨ હિંદુઓની હત્યા.**
૧૩ બળાત્કાર, મંદિરો પર હુમલાની ૧૩૩ ઘટના – લઘુમતી સંગઠનના રીપોર્ટમાં દાવો. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **બરફના વાવાઝોડામાં ટોરેન્ટોમાં ડેલ્ટા એરલાઇન્સનું વિમાન ઊંધું થયું.**
૧૮ ઘાયલ. લેન્ડિંગ દરમિયાન ટેકનિકલ ખામીના કારણે દુર્ઘટનાની આશંકા. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **યુદ્ધ મુદ્દે ટ્રમ્પ - ઝેલેન્સ્કી વચ્ચે વાગયુદ્ધ.**
ટ્રમ્પે કહ્યું : ઝેલેન્સ્કી સરમુખત્યાર છે. વાત માની લે, નહિંતર દેશ પણ નહીં બચે. ઝેલેન્સ્કીએ ટ્રમ્પને રશિયન દુષ્પ્રચારના શિકાર ગણાવ્યા. ટ્રમ્પે ઝેલેન્સ્કીને સામાન્ય કોમેડિયન અને તાનાશાહ કહ્યા. ટ્રમ્પે કહ્યું : તેઓ ચૂંટણી વિના જ રાષ્ટ્રપતિ. ઝેલેન્સ્કીએ કહ્યું : તેઓ ગેરસમજમાં જીવી રહ્યા છે. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **ટ્રમ્પના ભારતની ચૂંટણીઓમાં અમેરિકાના ફન્ડિંગ પર સવાલ.**ટ્રમ્પે કહ્યું : ભારત પાસે ઘણા પૈસા છે. શા માટે અમે દર વર્ષે ૧૮૨ કરોડ આપીએ? મસ્કે પ્રતિબંધ મૂક્યો હતો. *(તા. ૧૮-૨-૨૦૨૫)*

★ **અમેરિકાના ૬ રાજ્યમાં પૂર, ૧૪ લોકોના મોત.**
કેટલાક વિસ્તારોમાં તાપમાન માઇનસ ૬૦ ડિગ્રીએ પહોંચ્યું. ૯ કરોડ લોકો કરી રહ્યા છે તીવ્ર ઠંડીનો સામનો *(તા. ૧૯-૨-૨૦૨૫)*

★ **ટ્રમ્પ ચીન અને રશિયા પ્રત્યે મહેરબાન.**
તેના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પેસેન્જર વિમાનથી મોકલી રહ્યા છે. ભારતીયોને હાથકડી પહેરાવીને સેનાના વિમાનમાં – ટ્રમ્પનું બેવડું વલણ. *(તા. ૨૦-૨-૨૦૨૫)*

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

● સંકલન ●
રસીક ખીમજી મહેતા

## વિટામિન એટલે શું? તેનું શરીરમાં શું કામ છે?

તંદુરસ્ત અને રોગમુક્ત રહેવા માટે વિટામિનવાળા ખોરાક લેવાની સલાહ આપવામાં આવે છે. વિટામિનની ઉણપથી ઘણી શારીરિક તકલીફો અને રોગ પેદા થાય છે. આ વિટામિન શું છે તે જાણવા જેવું છે.

આપણા ખોરાકમાં ચરબી, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ વગેરે દ્રવ્યો હોય છે. ૧૨મી સદીમાં વિજ્ઞાનીઓએ એક નવું દ્રવ્ય શોધી કાઢ્યું છે કે જે રોગોથી બચાવે છે. તેને વિટામિન નામ અપાયું છે. ફળો, શાકભાજી, દૂધ વગેરેમાં થોડા પ્રમાણમાં વિટામિન હોય છે પણ તે મોટું કામ કરે છે. વિજ્ઞાનીઓએ ઘણા પ્રકારના વિટામિનો શોધી તેને એ, બી, સી, ડી, ઈ અને કે જેવા નામ આપેલ છે. વિટામિન શરીરમાં જઈ સીધી શક્તિ આપતા નથી પરંતુ પ્રોટીન અને એન્ઝાઈમ સાથે મળીને રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. વિટામિનનો શરીરમાં સંગ્રહ થતો નથી. એટલે તે દરરોજ ખાવા પડે છે.

વિવિધ વિટામિન વિવિધ કામો કરે છે. વિટામિન સી હાડકાને મજબૂત રાખે, તો વિટામિન એ આંખો માટે ફાયદાકારક છે. વિટામિન કે અને ઇ ચામડી માટે સારા છે. વિટામિન બી અને સી પાણીમાં ઓગળે, જ્યારે અન્ય ચરબીમાં ઓગળે છે. માત્ર ખોરાક જ નહીં, સૂર્યપ્રકાશ દ્વારા પણ ચામડીમાં વિટામિન-ડી તૈયાર થાય છે. વિજ્ઞાનીઓએ સંશોધનો કરીને કયા કયા ખાદ્ય પદાર્થોમાં કયા કયા વિટામિન હોય છે તે શોધી કાઢ્યું છે.

## ધૂળ અને માટી પણ કિંમતી છે

કોઈ નકામી વસ્તુને આપણે ધૂળ જેવી કહીએ છીએ. આપણે સહુ જાણીએ છીએ કે જમીન પર ફેલાયેલી માટીનું પડ સજીવ માટે અતિ કિંમતી - મહત્ત્વનું છે. માટી છે એટલે જ વનસ્પતિને ખોરાક મળે છે અને માણસને પણ ખોરાક મળે છે. એક મુઠ્ઠી માટીમાં પૃથ્વીની માનવ વસતી કરતાં વધુ બેક્ટેરીયા હોય છે. માટી જમીનમાં ઉતરતા પાણીને ગાળે છે. એટલે જ કૂવામાં ચોખ્ખું પાણી એકઠું થાય છે. માટીમાં ૨૫ ટકા હવા, ૪૫ ટકા ખનીજો અને ૫ ટકા ઓર્ગેનિક દ્રવ્યો હોય છે. માટી ખડકો તૂટીને બને છે. પૃથ્વીનું ઉપલું પડ માટીનું બનેલું છે. તેમાંય છ પડ હોય છે.

પૃથ્વી પર માટીના વિવિધ રંગ અને પ્રકાર જોવા મળે છે. મનુષ્ય અને સજીવોનું જીવનચક્ર માટીમાંથી શરૂ થાય છે. માટીમાં રહેલા બેક્ટેરીયા વનસ્પતિ માટે ઉપયોગી દ્રવ્યો બનાવે છે. માટીમાં કાંપ હોય છે. કાંપ ચીકણી માટી છે. ખૂબ જ સૂક્ષ્મ રજકણોનો બનેલો હોય છે. કાંપ જમીનમાં વનસ્પતિને પોષક દ્રવ્યોનો સંગ્રહ રાખે છે. કાંપવાળી જમીન વધુ ફળદ્રુપ હોય છે.

સૂર્યના તાપ, પવન અને વરસાદથી પૃથ્વી ઉપરના પર્વતો સહિત જમીનને લાગતા ઘસારાને કારણે માટી બને છે. પૃથ્વીની જમીનની સપાટી સતત બદલાતી રહે છે. ઉપયોગી અનાજ, કઠોળ વગેરેની ખેતી કરવા માટે જમીનની કાળજી રાખવી પડે છે. ઉપલું પડ દર વર્ષે ખેડીને ઉપરતળે કરવામાં આવે છે.

## ડોલ્બી સ્ટીરિયો સિસ્ટમ શું છે?

ફિલ્મોમાં અવાજની વધુ ગુણવત્તાવાળી ડોલ્બી સાઉન્ડ સિસ્ટમ જાણીતી છે. ડોલ્બી સિસ્ટમની શોધ ૧૯૬૭માં રેમન ડોલ્બી નામના અમેરિકને કરેલી છે.

ફિલ્મના સાઉન્ડમાંથી બિનજરૂરી ઘોંઘાટ આ સિસ્ટમ દૂર કરે છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન અવાજનું રેકોર્ડિંગ કરતી વખતે યંત્રોના ઝીણા અવાજ, પવનના સુસવાટા, પંખા કે એ.સી.ના સૂક્ષ્મ અવાજ પણ રેકોર્ડિંગમાં સામેલ થાય અને મૂળ અવાજને અસર કરે. ડોલ્બી સિસ્ટમ એક એવી ચીપ છે કે જે રેકોર્ડિંગ થયેલા અવાજને ચાળીને બિનજરૂરી ઘોંઘાટ દૂર કરી મૂળ અવાજને ચોખ્ખો કરે છે. ડોલ્બી સિસ્ટમના ઉપયોગથી અવાજનું રેકોર્ડિંગ સ્પષ્ટ અને અસરકારક થાય છે. મોટાભાગના રેકોર્ડિંગમાં ડોલ્બી સિસ્ટમનો જ ઉપયોગ થાય છે.

## ડિજીટલ પેનની અદ્‌ભુત ટેકનોલોજી

કાગળ ઉપર લખેલું લખાણ સીધું જ વાયરલેસ પદ્ધતિથી કમ્પ્યુટરમાં સ્ટોર કરી આપતી ડિજીટલ પેન આધુનિક ઈલેક્ટ્રોનિક સાધન છે. સામાન્ય પેન કરતાં થોડી ઘણી જાડી એવી આ પેનમાં ઈલેક્ટ્રોનિક સર્કિટ, ઓપ્ટીકલ ડિવાઈસ અને બ્લ્યુ ટૂથ હોય છે. તેનું કામ પણ જાણવા જેવું છે.

ડિજીટલ પેન આડી અને ઊભી લીટીઓવાળા ખાસ

પ્રકારના પેડ ઉપર ચલાવવી પડે છે. આ પેન કમ્પ્યુટર સાથે જોડી શકાય છે. બેટરીવાળી પેન સ્વતંત્ર રીતે કામ કરે છે. પેનમાં ખાસ પ્રકારની શાહી પણ હોય છે. એટલે જે પણ લખીએ તેને જોઈ શકીએ છીએ. તેની અણીની બાજુમાં ફોટો સેલ હોય છે. તે અણીની ગતિ અને દિશાની નોંધ લઈ માઈક્રોચીપને મોકલે છે. માઈક્રોચીપમાં તેના અક્ષરો બને છે અને તે બ્લ્યુ ટુથ દ્વારા કમ્પ્યુટરમાં જાય છે. આ અક્ષર ગ્રાફિક તરીકે સંઘરાય છે, ફોન્ટ તરીકે નહીં.

ડિજીટલ પેનના ઢાંકણમાં શાહીનું રીફિલ, ડોકિંગ કનેક્ટર, ઈન્ડિકેટર લાઈટ હોય છે. આ પેન ખિસ્સામાં રહી શકે તેવા અનુકૂળ આકારની હોય છે.

## આપણા પ્રાણદાતા સૂર્ય અંગે વિશેષ જાણકારી

સૂર્ય આપણો પ્રાણદાતા છે. તેના પ્રકાશથી જ રાત-દિવસ થાય છે, ઋતુચક્ર બને છે. વનસ્પતિ અને દરેક સજીવ તેની ઉર્જા થકી જ જીવે છે. આ સૂર્યનું કદ કેટલું છે? તે આપણી પૃથ્વી કરતાં કેટલો મોટો છે અને તે આપણાથી કેટલો દૂર છે તે જાણવું રસપ્રદ છે.

કોઈ જમ્બો વસ્તુના કદનો સાચો ખ્યાલ ત્યારે જ મળે જ્યારે તેને આપણી એકાદ પરીચિત ચીજ સાથે સરખાવીએ. અણુનો પ્રોટોન પરમાણુ કેવો હોય તે આપણે ધારી ન શકીએ. આને બદલે જો કહ્યું હોય કે વાક્યના છેડે મૂકાતા પૂર્ણ વિરામમાં પાંચસો અબજ પ્રોટોન સમાઈ શકે, તો વાત એકદમ સમજમાં આવી જાય છે.

***આપણે સૂર્યનો પણ આ જ રીતે પરિચય મેળવીએ.***

★ સૂર્યનો વ્યાસ ૧૩,૯૦,૦૦૦ કિ.મી. છે. પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરના ૩.૬ ગણા જેટલો છે. સૂર્યનું દળ કેટલું? વિશાળ ત્રાજવાના એક પલ્લામાં સૂર્ય મૂકો અને સામેના પલ્લામાં ૩,૩૦,૦૦૦ પૃથ્વીઓ મૂકવી જોઈએ ત્યારે જ ત્રાજવું સમતોલ બને.

★ વામન ગ્રહ પ્લુટો સહિત ગ્રહમાળાના બધા જ ગ્રહો સૂર્યમાં સમાઈ જાય અને ત્યાર પછી જેટલી જગ્યા બાકી રહે તેનો અભ્યાસ કરતાં સૂર્ય ૫૦૦ ગણો દળદાર છે.

★ સૂર્યમાળાનો ૯૯.૮૬૬ ટકા પદાર્થ સૂર્યમાં છે. બાકી રહેલા માત્ર ૦.૧૩૪ ટકા પદાર્થ. છતાં તેના વડે પૃથ્વી સહિત દરેક નાના મોટા ગ્રહો, લઘુ ગ્રહો, વામન ગ્રહો, ચંદ્ર, ધૂમકેતુઓ વગેરે બન્યા છે. કેટલું મોટું આશ્ચર્ય!

★ આગળ જણાવ્યા મુજબ સૂર્યનો વ્યાસ ૧૩,૯૦,૦૦૦ કિ.મી. છે. કેટલી પૃથ્વીઓને સાઈડ-બાય-સાઈડ ગોઠવીએ તો હરોળ કેટલી લાંબી બને? તેનો જવાબ છે – ૧૦૯ પૃથ્વીઓ.

★ સૂર્યપ્રકાશ ફોટોન કણોનો બનેલો છે. સૂર્યના કેન્દ્રમાં અથવા તો કેન્દ્ર પાસેના ફોટોન કણને સૂર્યની બહાર નીકળવામાં ૪૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ વર્ષ લાગે, પણ સૂર્યની બહાર નીકળ્યા બાદ પૃથ્વી પર તે માત્ર ૪૯૯ સેકંડમાં આવી પહોંચે છે.

## કલાઈ એટલે શું?

અગાઉના જમાનામાં રસોડામાં તાંબા અને પિત્તળનાં વાસણો વપરાતા. તાંબુ, એ શુદ્ધ ધાતુ છે જ્યારે પિત્તળ, એ તાંબા અને જસતના મિશ્રણમાંથી બનતી મિશ્ર ધાતુ છે. રસોઈ કરતી વખતે આ વાસણો ગરમ થઈ રસોઈમાં તેના દ્રવ્ય તાંબા કે પિત્તળના વાસણમાં દહીં, છાશ કે કોઈ ખાટી વસ્તુ રાખી મૂકીએ તો તેના એસિડ વચ્ચે રાસાયણિક પ્રક્રિયા થઈ તે વસ્તુને બગાડે છે. આ મુશ્કેલી નિવારવા તાંબા અને પિત્તળના વાસણની અંદરની સપાટી પર ટીનનું પાતળું પડ ચડાવવામાં આવે છે. તેને કલાઈ કહે છે. વાસણને ખૂબ ગરમ કરી તેમાં ટીનનો સળીયો અડાડી પીગળેલા ટીનને રૂના ગાભા વડે સપાટી પર ફેલાવી દેવાય છે. આ ક્રિયાને કલાઈ કહે છે. કલાઈ કરવાથી વાસણ ઉપર ચાંદી જેવી ચમકતી સપાટી બની જાય છે અને તે લાંબો સમય ટકી રહે છે. આજે પણ તાંબા - પિત્તળના કલાઈ કરેલા વાસણો જોવા મળે છે.

## અમદાવાદની
## પી.આર.એલ. (ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી)ની સિદ્ધિ

ઈસરોની સહયોગી સંસ્થા પી.આર.એલ.ના વિજ્ઞાનીઓએ પૃથ્વી કરતાં ૨૬૩ ગણો મહાકાય 'એક્ઝોપ્લેનેટ' શોધ્યો છે.

બે સૂર્યની વિશિષ્ટ સિસ્ટમમાં આવેલો અને સૂર્ય મંડળની બહારનો આ વિરાટ ગ્રહ તારા ફરતે એક પ્રદક્ષિણા ફક્ત ૫.૮૩ દિવસમાં પૂરી કરે છે.

## ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ

***ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કરવાની જાહેરાત***

માઈક્રોસોફ્ટ ભારતમાં ૩ અબજ ડોલરનું રોકાણ કરી ૧ કરોડ લોકોને તાલીમ આપશે.

માઈક્રોસોફ્ટ આ રોકાણ ક્લાઉડ કોમ્પ્યુટીંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓના વિસ્તાર માટે કરશે.

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૨૬ : ૩૨ લક્ષણા સરદાર વલ્લભભાઈ
# મણકો - ૨૭ : સુખનો અનુભવ કેવી રીતે?

● સંકલન ●
ડૉ. આશિષ ચોક્સી

## ૩૨ લક્ષણા સરદાર વલ્લભભાઈ

*સરદાર વલ્લભભાઈ માત્ર લોખંડી નહીં પણ બત્રીસ લક્ષણા ઈતિહાસ પુરુષ હતા.*

★ ૧૯૪૮માં સરદાર વલ્લભભાઈ અને તે વખતના બાંધકામ ખાતાના મંત્રી શ્રી ગાડગીલે અદ્‌ભુત હિંમત દાખવી. જમ્મુથી પઠાણકોટનું ૬૫ માઈલ લાંબું અંતર હતું, પણ તેમને જોડતો રસ્તો ન હતો. જો આ બે જગ્યા રોડમાર્ગથી જોડાય તો ભારતને યુદ્ધમાં ઘણો ફાયદો થાય તેમ હતું. આ રસ્તાની વચ્ચે ઘણાં નદી, નાળાં, ટેકરીઓ આવતાં. વજનદાર લશ્કરી સામાન પહોંચાડી શકાય અને યુદ્ધમાં ખૂબ જ ઉપયોગી થાય તેવો રસ્તો થોડાક જ દિવસોમાં તેમના માર્ગદર્શન હેઠળ બની ગયો. આ માટે કુશળ મજૂરો ત્યાં પહોંચાડ્યા. રાત-દિવસ મજૂરોએ ફ્લડ લાઈટમાં કામ કર્યું. આ રસ્તાના બાંધકામ ઝડપથી પતે તે માટે સરદાર પટેલ પોતે નજર રાખતા. આ રસ્તાને લીધે કાશ્મીર મેળવવાનું પાકિસ્તાનનું સ્વપ્ન રોળાઈ ગયું તેમ કહી શકાય.

★ બારડોલી સત્યાગ્રહ વખતે આદિવાસીઓની સભા હતી. તે વખતે તેમણે કહેલા શબ્દો : 'તાડ જેવું ઝાડ જેમાં એકપણ ડાળખી નથી હોતી, તેના પર બંદૂકની ગોળી પેઠે ચડી જનારો અને જંગલમાં વાઘ અને વરૂઓ જેવા હિંસક પ્રાણીઓ સાથે રહેનારો આદિવાસી અંગ્રેજો, શાહુકારો અને શોષકોથી ડરીને ચાલશે?' તેમની આ સમજાવટથી હજારો આદિવાસીઓ સ્વાતંત્ર્ય સંગ્રામ માટે લડવા તૈયાર થઈ ગયા.

● **છેલ્લો બોલ :**

ચં. ચી. મહેતાએ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે ખૂબ ગહન ચિંતન કર્યું હતું. તેમણે દર્શાવેલા સદ્‌ગુણો નીચે પ્રમાણે હતા : વ્યવહાર દક્ષ, કર્મવીર, કૃત નિશ્ચયી, કાર્યદક્ષ, પ્રેમાળ, નિર્મોહી, શક્તિશાળી વ્યવસ્થાપક, દઢ મનોબળ, શ્રદ્ધાવાન, જ્ઞાની, ક્ષમાશીલ, એકાગ્રી, ધૈર્યવાન, ઉત્સાહી, મિતભાષી, પ્રમાણિક, ત્યાગી, દીર્ઘ દૃષ્ટિવાન, વિનયી-વિવેકી, બહુશ્રુત, ઉદાર, વીર, નિર્ભય, ગંભીર, શાંત પ્રકૃતિ, ચતુર, સંયમી, ધર્મ પરાયણ, સહનશીલ, ગુરૂ ઉપાસનાયુક્ત, નિષ્કામી, વત્સલતા.

## સુખનો અનુભવ કેવી રીતે?

*સાધુસંતો, ફિલસૂફો અને કાઉન્સેલરોના મત પ્રમાણે સુખ કેવી રીતે મળશે?*

★ તમારા જીવનમાં જે આનંદના પ્રસંગ બન્યા છે તે વારંવાર યાદ કરો.

★ કોઈની તકલીફો ઓછી થાય, કોઈને ખુશી મળે, કોઈ તેમની ઈચ્છિત વસ્તુ મેળવી શકે તે માટે તમારાથી થતા બધા જ પ્રયત્નો કરો.

★ કોઈ શોખ કેળવો. તેમાં ખૂબ ઊંડાણમાં ઉતરો. તમારો શોખ તમારી ઓળખાણ બને તેવા પ્રયત્નો કરો.

★ સુખ અને દુઃખ મનની લાગણી પર આધાર રાખે છે. હસવાથી, હસાવવાથી અને હસી કાઢવાથી સારા-ખરાબ પ્રસંગોમાં સુખની લાગણીની આદત પડશે.

★ બાળકો, પત્ની અને વડીલોને તેમના પોતાના નિર્ણયો લેવાની સ્વતંત્રતા આપો.

★ જૂના મિત્રો, સહકર્મીઓ અને ભાઈ-બહેનોને તેમના જન્મદિવસે કે નાની-મોટી સિદ્ધિ માટે શુભેચ્છા પાઠવતા રહો. તે તમારો દિવસ યાદ રાખે કે ના રાખે તમે તેમને શુભેચ્છા પાઠવી તમારી ખુશી મેળવતા રહો.

★ કોઈ તમને હેરાન કરે, તમારું ખરાબ કરે તો પણ ગુસ્સો ટાળો. તે તમારું બુરું ઈચ્છે તો પણ તેના પ્રત્યે ધિક્કારની લાગણી ના રાખો. દુઃખદ પ્રસંગોને ભૂલવા પ્રયત્ન કરો. આ કામ અઘરું છે પણ પ્રયત્નો કરી ટેવ પાડવાથી ખૂબ હળવા રહેવાશે.

★ તમારી સાથે સંકળાયેલા, તમને મદદ કરતા, મનથી મોટા, પણ કામથી નાના દરેક માણસને કંઈક ને કંઈક મદદ કરતાં રહો. દા.ત. ઘરના કામે આવનાર માણસો, પટાવાળા, માળી, ઈસ્ત્રીકામ, ડ્રાઈવર તેમજ રસોઈ કરનાર.

★ રોજનું કાર્ય ધ્યાન રાખી પ્લાન બનાવીને કરો.

★ પ્રકૃતિ સાથે કોઈ પણ રીતે સંકળાયેલા રહો.

★ વધતી વય સાથે ભૌતિક સુખની યાદી ઓછી કરો.

● **છેલ્લો બોલ :**

અઠવાડિયામાં ૧૬૮ કલાક હોય છે. અઠવાડિયાની ૧૬૮ મિનિટની કોઈ પણ પ્રકારની નિયમિત કસરત તમારી વૃદ્ધાવસ્થાને શ્રેષ્ઠ બનાવશે. (રોજની ફક્ત ૨૪ મિનિટ)

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૧૫ : પ્રફુલ્લચંદ્ર ચાકી

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૦ ડિસેમ્બર, ૧૮૮૮*

*વીરગતિ : ૧ મે, ૧૯૦૮*

ક્રાંતિકારી પ્રફુલ્લચંદ્ર ચાકીનો જન્મ ૧૦મી ડિસેમ્બર ૧૮૮૮ના રોજ વર્તમાન બાંગ્લાદેશના બોગરા જિલ્લામાં થયો હતો. તેમનું મૂળ નામ પ્રફુલ્લકુમાર ચક્રવર્તી, પરંતુ ક્રાંતિકારી મિત્રો તેમને ટૂંકમાં પ્રફુલ્લ ચાકી કહીને બોલાવતા. પછીથી લોકોમાં પણ આ જ નામ ચાલ્યું. ૩૦ એપ્રિલ, ૧૯૦૮ના રોજ કિંગ્સ ફોર્ડને ખતમ કરવાના ષડયંત્રમાં ખુદીરામ બોઝ સાથે પ્રફુલ્લ ચાકી પણ સામેલ હતા. બોમ્બ ફેંકીને થોડે સુધી તો ભાગવામાં બેઉ સાથે જ રહેલા. પછીથી કોઈને શંકા ન પડે એ માટે બન્ને જુદા પડી ગયા. ખુદીરામ બેનીગાંવ તરફ ભાગ્યા તો પ્રફુલ્લે સમસ્તીપુરનો રસ્તો પકડ્યો. બીજે દિવસે તેઓ સમસ્તીપુર પહોંચ્યા. નાહીધોઈને ઈન્ટરક્લાસની ટિકિટ લઈને તેઓ હવે મુકામા જવા ઊપડયા. દુર્ભાગ્યવશ એ જ ડબ્બામાં પોલીસનો સિપાઈ નંદલાલ બેનરજી પણ બેઠો હતો. તે પોતાની રજા પૂરી કરીને સિંહભૂમિ પોલીસથાણે ફરજ પર હાજર થવા જઈ રહ્યો હતો. કિંગ્સ ફોર્ડના બંગલે જે બોમ્બ ફેંકાયો હતો એ ક્રાંતિકારીઓ દ્વારા ફેંકાયેલો પ્રથમ બોમ્બ હતો. આ અગાઉ દેશભરમાં કોઈએ આવું સાહસ નહોતું કર્યું. અંગ્રેજ સરકાર સ્તબ્ધ થઈ ગઈ હતી. છાપામાં પણ પાનાં ભરીને આ સમાચારો પ્રકાશિત થયા હતા. બોમ્બ ફેંકનાર શંકાશીલ વ્યક્તિનાં વિવરણ પણ તેમાં આપવામાં આવ્યાં હતાં. આ વિવરણના આધારે સિપાઈ નંદલાલ બેનરજીને સામે બેઠેલા યુવક પર શંકા પડી. છાપામાં બોમ્બ ફેંકનાર વિશે લખ્યું હતું તેમાંનું ઘણું બધું એ યુવકને મળતું આવતું હતું. તેણે હવે એ યુવક સાથે અજાણ્યા થઈ વાતો કરવા માંડી. પ્રફુલ્લ ચાકીને પણ તેના પર શંકા પડી. એટલે પછી જે સ્ટેશન આવ્યું ત્યાંથી તે ડબ્બો બદલીને બીજા ડબ્બામાં બેસી ગયા. આ દરમિયાન સિપાઈએ આ યુવક પર શંકા હોવાનો તાર મુજફ્ફરપુર મોકલ્યો અને ત્યાંનો આદેશ માગ્યો. આગળના સ્ટેશને તેને તાર દ્વારા જ સૂચના મળી કે શંકાશીલ માણસને પકડી લો. સિપાઈ નંદલાલ બેનરજી પાછો પ્રફુલ્લ ચાકી પાસે આવ્યો. શંકા પડતાં પ્રફુલ્લ ચાકી ભાગ્યા. પ્લેટફોર્મ પરથી બીજા સિપાઈઓએ પણ તેમનો પીછો કર્યો. કમનસીબે થોડે આગળ જતાં સામે જ સિપાઈઓની એક ટુકડીનો એમને ભેટો થઈ ગયો. ચારેબાજુથી ઘેરાઈ ગયા. કોઈ ઉપાય ન બચતાં એમણે પિસ્તોલ કાઢીને ગોળી ચલાવી, પરંતુ નિશાન ચૂકી ગયા. આ દરમિયાન પાછળ ઊભેલા એક સિપાઈએ પાછળથી તેમના હાથ પકડી લીધા. છટકવાનો હવે કોઈ વિકલ્પ બચ્યો નહોતો. આથી તેમને જીવતા પકડીને તેમના પર દમન ગુજારી ષડયંત્ર અંગેની માહિતી કઢાવવાનું અંગ્રેજ સરકારનું ધ્યેય પાર ન પડે તે માટે તેમણે પોતાના ઉપર જ બે ગોળી છોડી દીધી. એક ગોળી જડબામાં વાગી, બીજી કાંધના હાડકામાં. અને ૧ મે, ૧૯૦૮ના એ કમભાગી દિવસે ઘટનાસ્થળે જ તેમણે વીરગતિ વહોરી. ■

## નાણામંત્રી નિર્મલા સીતારમણે ૮મી વખત બજેટ...

**(અનુસંધાન : પાના નં. – ૪૦ ઉપરથી ચાલુ)**

આવી છે. નવી કર વ્યવસ્થા હેઠળ હવે ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ કર નહીં લાગે. પગારદાર લોકો માટે રૂ. ૭૫,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે આ છૂટ છે. ૧૨.૭૫ લાખ થઈ જશે.

નવી કર વ્યવસ્થાના સ્લેબમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જૂની કર વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે નવી કર વ્યવસ્થામાં આવકવેરા કાયદાની કલમ 87A હેઠળ ૧૨ લાખ રૂપિયા સુધીની છૂટ આપવામાં આવી છે, એટલે કે નવી કર વ્યવસ્થા હેઠળ સરકાર વાર્ષિક ૧૨ લાખ રૂપિયા સુધીની કમાણી કરનારાઓ માટે ૪ – ૮ લાખ રૂપિયા પર ૫% અને ૮-૧૨ લાખ રૂપિયા પર ૧૦% કર માફ કરશે. આનાથી કરદાતાને ૬૦ હજાર રૂપિયાનો ફાયદો થશે.

આનો અર્થ એ થયો કે જો કોઈની વાર્ષિક આવક ૧૨ લાખ રૂપિયાથી વધુ હોય તો તેની કર ગણતરીમાં ૪-૮ લાખ રૂપિયા પર ૫% અને ૮-૧૨ લાખ રૂપિયા પર ૧૦% કર ઉમેરવામાં આવશે. તે જ સમયે સરકાર ટુંક સમયમાં એક નવું કરવેરા બીલ લાવશે.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

*કોઈને પણ આપણે આપેલું દુઃખ, એ જ આપણા દુઃખનું કારણ છે.*

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૨ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૫

# ચિંતામણી મંત્રથી શાંતિદાસને અઢળક લક્ષ્મી પ્રાપ્ત થઈ

• લેખક •
દેવેન્દ્ર પટેલ

શાંતિદાસ ઝવેરી 'નગરશેઠ' કે 'કુશળ ઝવેરી' તરીકેની નામના પામ્યા તે પહેલાની એક દંતકથા છે.

એ વખતે સુરતમાં શ્રી નેમસાગર અને શ્રી મુક્તિસાગર ચોમાસુ ગાળતા હતા ત્યારે સુરતમાં બીજા એક શાંતિદાસ શેઠ રહેતા હતા. તેમને પુત્ર નહોતો. ગુરુ સમક્ષ પોતાના મનની વિટંબણા રજૂ કરી એટલે ગુરુએ ઉપાય બતાવ્યો : "આ માટે ચિંતામણી મંત્ર છે. તેની સાધના મંત્ર પ્રમાણે છ માસ સુધી કરવી જોઈએ. એક વખત ૧૨ હજાર, બીજી વખત છત્રીસ હજાર – એમ ઉત્તરોઉત્તર પાંચ વખત તેનો જાપ કરવો. આમ કરવાથી ધરણરાય – પદ્માવતી મનની મુરાદ પૂરી કરે."

સુરતના શાંતિદાસ શેઠે ગુરુને આ મંત્રની સાધના શરૂ કરવા વિનંતી કરી. ગુરુએ ચિંતામણી મંત્રની છ માસની આ સાધના શરૂ કરી. આરાધના પૂરી થઈ તે વખતે સંજોગોવશાત્ અમદાવાદના શાંતિદાસ ઝવેરી સુરતમાં પ્રભુદર્શન માટે ગયેલા હતા. તેઓ દર્શન કરી ગુરુ જ્યાં સુરતના શાંતિદાસ માટે મંત્ર સાધતા હતા ત્યાં વાચન કરવા ગયા. બન્યું એવું કે, ગુરુએ શરૂ કરેલી સાધનાનું ફળ આપવાનું આ જ મુહૂર્ત હતું. પ્રણામ કરવા આવેલા અમદાવાદના શાંતિદાસને જૈન ગુરુએ નામ પૂછ્યું : અમદાવાદના શાંતિદાસે કહ્યું : 'હું શાંતિદાસ નામનો વેપારી છું!'

ગુરુએ શાંતિદાસ નામ સાંભળતાં જ સુરતના શાંતિદાસના બદલે અમદાવાદના શાંતિદાસને મંત્ર સાધવા બેસાડી દીધા. મંત્ર પૂરો થતાં તેના અધિષ્ઠાપક શ્રી ધરણેન્દ્ર નાગના સ્વરૂપે આવ્યા. તેમની જીભ લપકારા કરવા માંડી. ગુરુએ જીભ ભેગી કરવા કહ્યું પરંતુ શાંતિદાસ શેઠને મૃત્યુની શંકા ઉપજવાથી ભય લાગ્યો એટલે શ્રી ધરણેન્દ્ર ત્યાંથી અદશ્ય થઈ ગયા.

ગુરુજીએ કહ્યું : "શાંતિદાસ, જો શંકા વગર જીભ ભેગી કરી હોત તો આ મંત્રના પ્રભાવથી તમે રાજા થાત. પરંતુ જીભ ભેગી થઈ ના હોવાથી એ ફળ થોડુંક ઓછું મળશે. એટલે કે રાજા થવાના બદલે તમને અઢળક લક્ષ્મી મળશે. મારા આશીર્વાદ છે ખાવ, ખર્ચો અને સુપાત્રે વાપરો!"

બસ એ દિવસથી સુરતના શાંતિદાસના બદલે અમદાવાદના શાંતિદાસ ઝવેરીને શ્રી ચિંતામણી મંત્ર ફળ્યો. ત્યારબાદ તેઓ અઢળક લક્ષ્મીના સ્વામી બન્યા અને ધનને તેમણે ધર્મકાર્યમાં સુપાત્રે ઉદારતાથી વાપર્યું.

કહેવાયું છે કે, શાંતિદાસ શેઠને મુનિએ ચિંતામણી મંત્ર આપ્યો હતો અને સિધ્ધ કર્યો હતો તે સ્થળ હાલ પણ સુરતમાં એક ભોંયરામાં છે.

નગરશેઠ શાંતિદાસ ઝવેરી શ્રી રાજસાગર સૂરિને પોતાના ગુરુ માનતા હતા.

નગરશેઠનું પદ પ્રાપ્ત કર્યા બાદ મહાજનોનું આગેવાનીપણું અને નગરશેઠ તરીકેની ફરજો બજાવતા. તેમનો ઘણો બધો સમય જતો હતો. વેપારનું ઊંડું જ્ઞાન, સારી સમજાવટ અને સ્નેહપૂર્વક ન્યાય કરવાની તેમની પદ્ધતિથી વાંધા-તકરારનો તેઓ સમજાવટપૂર્વક નિવેડો લાવતા. અમદાવાદની પાંજરાપોળનો વહીવટ પણ તેઓ સંભાળતા. છેક ૧૭મી સદીમાં તેઓ અમદાવાદના પહેલા નગરશેઠ કે 'લૉર્ડ મેયર'નું પદ પામ્યા હોઈ ઘણાં શ્રીમંતો તેમની અદેખાઈ પણ કરતા. ઝવેરાત તેમનો મુખ્ય વેપાર હોવા છતાં પાછળથી બીજા બધા વેપારધંધા પણ કર્યા હતા.

વેપારથી માંડીને રાજકારણમાં રસ લેતા હોવા છતાં પવિત્ર જૈન તીર્થોની વારંવાર યાત્રા કરતા હતા. એક શ્રાવક તરીકે નિયમિત ઉપાશ્રયે જઈ ગુરુનો ઉપદેશ સાંભળતા. વ્રત અને પચ્ચક્ખાણો કરતા. તેમણે અમદાવાદ, રાધનપુર, ખંભાત અને સુરતમાં ખરતરગચ્છના ઉપાશ્રયો બંધાવ્યા. ઈ.સ. ૧૯૧૪-૧૯૧૬માં તેમણે છ તીર્થમાં મહસનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. તેમના ભાઈ વર્ધમાન શેઠની સંમતિથી શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢવાનો નિશ્ચય કર્યો. એ જમાનામાં સંઘ કાઢવો સહેલો નહોતો. ખતરનાક જંગલો, બિહામણી ઝાડીઓ, ઉબડખાબડ રસ્તા અને ચોર લૂંટારૂઓના ભય વચ્ચે તેમણે અમદાવાદથી છ'રી પાળતો સંઘ કાઢ્યો છે. શત્રુંજય સુધી પહોંચવા માર્ગમાં જુદા જુદા પ્રદેશો. બાદશાહ જહાંગીરને તેમણે વિનંતી કરી. બાદશાહે તે વખતના અમદાવાદના સૂબા આઝમખાનને જૈનોના સંઘ માટે તમામ મદદ કરવા ફરમાનો કર્યા. આજમખાને સંઘના રક્ષણ માટે ૫૦૦ સૈનિકોનું સૈન્ય આપ્યું. સંઘની સાથે સેંકડો તંબુઓ લેવામાં આવ્યા. શાંતિદાસ શેઠે ત્રણ હજાર ગાડાંઓ તૈયાર કરાવડાવ્યા. સંઘમાં ૧૫ હજાર માણસો જોડાયા. દરેક માટે ઉતારાની તથા રસોઈની વ્યવસ્થા કરવામાં આવી. સાથે સાધુ-સાધ્વીઓનો પણ મોટો સમુદાય હતો. રોજ દેવદર્શનનો લાભ મળે તે માટે સાથે એક જિનાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી. આટલી મોટી સંખ્યા હોઈ રસ્તામાં કોઈ સાજું માંદું થાય તેથી સારવાર માટે વૈદ્યો

પણ રાખવામાં આવ્યા. રસ્તામાં જ્યાં જ્યાં ગાડાં પસાર થઈ શકે તેમ નહોતાં ત્યાં ત્યાં નવા માર્ગો બનાવવામાં આવ્યા. આટલા બધા લોકો સાથે જતા હોય તેથી નાની મોટી તકરારો પણ થતી. તેનું નિવારણ નગરશેઠ શાંતિદાસ કરતા. દિવસો સુધી પ્રવાસ કર્યા બાદ સંઘ પાલીતાણા પહોંચ્યો. શાંતિદાસે છૂટે હાથે ધન વાપર્યું હતું. શંત્રુજયની તળેટીમાં તંબુ નાખવામાં આવ્યા અને કેટલાંક દેરાસરોનાં જીર્ણોદ્ધાર પણ કરવામાં આવ્યો. શ્રી આદિશ્વર ભગવાનના મુખ્ય દેરાસરમાં આદિશ્વરજીની મૂર્તિની બંને બાજુ જે ગોખ છે તેમાં શુભ મુહૂર્ત જોઈ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી. આ સંઘ કાઢ્યો ત્યારે વય માંડ ૩૦ની જ હતી.

તેઓ ગરીબોને ગુપ્તદાન કરતા. વિશાળ હવેલી જેવું ઘર હંમેશાં મહેમાનોથી ભરેલું રહેતું. અમદાવાદનાં ભવ્ય મંદિરો ઉપરાંત સોરઠમાં આવેલાં સિદ્ધાચલજી તીર્થ, પાટણ પાસે આવેલ શંખેશ્વરજી તીર્થ, મેવાડમાં આવેલ શ્રી કેસરિયાજી તીર્થનો વહીવટ પણ શાંતિદાસજી જ કરતા.

નગરશેઠ શાંતિદાસને શ્રી મુક્તિસાગર સૂરિ પાસે જ ચિંતામણી મંત્ર પ્રાપ્ત થયો હતો. આ કારણે જ તેઓ જીવનમાં રિદ્ધિ-સિદ્ધિ મેળવી શક્યા હતા. શ્રી મુક્તિસાગરસૂરિને આચાર્યપદ મળે તે માટે તેમણે અસાધારણ પ્રયાસો કર્યા અને ત્યારબાદ મુક્તિસાગરજીને 'રાજસાગર સૂરિ' એવું નામ આપવામાં આવ્યું. આચાર્યપદ પ્રાપ્ત કર્યા બાદ શ્રી રાજસાગર સૂરિએ સાગર ગચ્છની સ્થાપના કરી. શ્રાવકોને ગચ્છમાં આકર્ષવા શાંતિદાસ શેઠે સોનાના વેઢ, વીંટીઓ, પાઘડીઓ, શેલાં વગેરેની છૂટથી પ્રભાવના કરી. પરિણામે લાખો લોકો ગચ્છમાં જોડાયા.

એ વખતે ઔરંગઝેબનું શાસન હતું. શાંતિદાસ શેઠને ઔરંગઝેબ સાથે સારો સંબંધ હોઈ સરકારી માણસો જૈનોનું માન જાળવતા. શાંતિદાસ શેઠના ગુરુ શ્રી રાજસાગર સૂરિ નિર્વાણ પામ્યા ત્યારે તેમના પાર્થિવ દેહને બડી ધામધૂમથી ઝવેરવાડામાં લઈ જવાયો અને બજારમાંથી પસાર થતી વખતે શહેરનો કોટવાલ બંદોબસ્ત માટે સાથે હતો.

મોગલોના શાસન દરમિયાન શાંતિદાસ શેઠ સરકાર અને પ્રજા વચ્ચે કડીરૂપ હતા. આજે ગુજરાતનું વેપારી મહામંડળ કે અન્ય કોઈ મહાજનો સરકારની કદમબોસી કરે છે ત્યારે એ જમાનામાં 'મહાજન' શબ્દની વ્યાખ્યા શાંતિદાસ શેઠ દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. **મહાજન કોને કહેવાય? તેનો જવાબ કંઈક આમ હતો : 'જે વ્યક્તિમાં સારાસારનો ભેદ સમજવાની વિવેકબુદ્ધિ હોય, ન્યાયપૂર્વક વિચારવાની દૃષ્ટિ હોય, સમાજના ઝઘડા ઉકેલવાની આવડત હોય, જરૂર પડે સામ, દામ, દંડ અને ભેદની નીતિ વાપરવાની સૂઝ હોય અને અંતે તો સમાજનું – પ્રજાનું હિત કરવાની ભાવના હોય તે વ્યક્તિને 'મહાજન' કહેવાય; અર્થાત્ 'મહાજનો જે પંથે જાય તે પંથે સામાન્ય પ્રજા પણ જાય' એ ઉક્તિમાં બધું જ આવી જાય છે. જે વ્યક્તિ મહાજન હોય તેણે એવો માર્ગ અને એવી જીવનરીતિ અપનાવવી જોઈએ કે તે માર્ગે સામાન્ય લોકો પણ જઈ શકે. મહાજનની એ ફરજ બને છે કે રાજ્યસત્તા સાથે સુમેળ રાખવો અને વખત આવ્યે રાજ્યના અન્યાય, અત્યાચાર કે અધર્મને વશ થવાના બદલે, એની સામે પડવાની તાકાત અને નિર્ભયતા બતાવવાની તાકાત પણ મહાજનોમાં હોવી જોઈએ.**

તે સમયે જૈન ધર્મના એક ગચ્છે બાદશાહ પાસે જઈ શાંતિદાસ શેઠ અને તેમના મહાજન વિરુદ્ધ ફરિયાદ કરી કે, 'શ્રી શાંતિદાસ શેઠ અને તેમનું મહાજન અમારી સાથે લગ્નસંબંધ બાંધતા નથી અને જમતા પણ નથી.'

બાદશાહે એવો ચુકાદો આપ્યો કે, 'લગ્નસંબંધ બાંધવો કે સાથે મળવું એ બંને પક્ષની ઇચ્છા પર આધાર રાખે છે. તેથી તે અંગે કોઈને બળજબરી કરી શકાય નહીં.'

એ જમાનામાં નગરશેઠનું કેવું મહત્ત્વ હતું તે માટે એ વાત પરથી સમજાય છે કે, એ વખતે બાદશાહ લોકો સુધી પોતાનો સંદેશો પહોંચાડવાનું કામ નગરશેઠને સોંપતા. વૃદ્ધ થઈ ગયેલા શાહજહાંના એ બીમારીના દિવસો હતા. શાહજહાંના પુત્રો વચ્ચે આંતરિક લડાઈ ફાટી નીકળી હતી. રાજકીય વ્યવસ્થા પણ ફેલાઈ હતી. ઈ.સ. ૧૭૫૭-૫૮ના વર્ષોમાં શાંતિદાસ શેઠ શાહજહાંના પુત્રો ઔરંગઝેબ, મુરાદ, દારા વગેરેના સતત સંપર્કમાં રહેતા હતા. એ વખતે તેઓ દિલ્હી આગરામાં વ્યસ્ત હતા. લડાઈઓના અંતે ઔરંગઝેબે દિલ્હીની ગાદી સર કરી હતી. બાદશાહ બનેલા ઔરંગઝેબે લાંબા સમય સુધી દિલ્હી રહેલા શાંતિદાસ શેઠને માદરે વતન અમદાવાદ જવાની રજા આપી હતી અને તેમના દ્વારા જ ગુજરાતની પ્રજાજોગ પોતાનો કલ્યાણ સંદેશ મોકલ્યો હતો. તા. ૧૦ ઓગસ્ટ, ૧૬૫૮ના રોજ જારી કરવામાં આવેલા એક ફરમાનમાં બાદશાહ ઔરંગઝેબ જણાવે છે, 'શ્રી શાંતિદાસ શેઠ અમદાવાદ જાય અને ત્યાં પહોંચી સર્વે વેપારી મહાજનને તથા પ્રજાને પોતપોતાના રોજિંદા કામો, વેપાર-ધંધો, શાંતિપૂર્વક અને સ્વસ્થ ચિત્તે કરવા પોતાનો સંદેશો પહોંચાડ્યો છે. અને રાજ્યના સરકારી માણસોને સૂચના આપવામાં આવે છે કે શાંતિદાસ ઝવેરી કે જેઓ અમદાવાદના જૂના સેવક છે તેમની સાથે સરકારી માણસોએ સારો વર્તાવ રાખવો.' ■

૨૦૨૫-૨૬નું બજેટ

# નાણામંત્રી નિર્મલા સીતારમણે ૮મી વખત બજેટ રજૂ કર્યું

ડૉ. મિહિર એમ. વોરા

નાણામંત્રી નિર્મલા સીતારમણે તા. ૧લી ફેબ્રુઆરીના રોજ ૮મી વખત દેશનું બજેટ રજૂ કર્યું. તેમણે ગોલ્ડન બોર્ડરવાળી ક્રીમ રંગની મધુબની પેઇન્ટિંગ સાડી પહેરી હતી. આ પહેલાં તેઓ રાષ્ટ્રપતિ ભવન ગયા હતા. અહીં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને દહીં ખવડાવીને શુભકામના પાઠવી હતી. આ પછી તેઓ ટેબ્લેટ લઈને સંસદ ભવન પહોંચ્યાં હતાં.

નિર્મલા સીતારમણે ૧૧.૦૧ મિનિટે બજેટ ભાષણની શરૂઆત કરી હતી. ૧ કલાક ૧૭ મિનિટના બજેટ ભાષણ દરમિયાન તેમણે સવારે ૧૧.૨૪ વાગે, ૧૧.૨૭ વાગે, ૧૧.૪૪ વાગે, ૧૧.૫૬ વાગે અને ૧૨.૧૬ વાગે – એમ ૫ વખત પાણી પીધું હતું.

આ બજેટમાં કોને શું મળ્યું તેનો ટૂંકો ચિતાર રજૂ કર્યો છે .

## મધ્યમ વર્ગ

★ નવી રીજીમમાં ૧૨ લાખ રૂપિયાની આવક પર કોઈ ટેક્સ નથી.

★ પગારદાર લોકો માટે ૧૨.૭૫ લાખ રૂપિયાની કર મુક્તિ છે અને સ્ટાન્ડર્ડ ડિડક્શન ૭૫ હજાર રૂપિયા છે.

★ સ્લેબ ૧: ૦ થી ૪ લાખ રૂપિયા સુધીની આવક પર ઝીરો ટેક્સ.

★ સ્લેબ ૨: ૪ થી ૮ લાખ રૂપિયા સુધી ૫% ટેક્સ.

★ સ્લેબ ૩: ૮ લાખ રૂપિયાથી ૧૨ લાખ રૂપિયા સુધી ૧૦% ટેક્સ, ૮૦ હજાર રૂપિયાનો લાભ. (નોંધ : ૮૭A હેઠળ બીજા અને ત્રીજા સ્લેબનો ટેક્સ માફ કરવામાં આવ્યો છે.)

★ સ્લેબ ૪: ૧૨ લાખ રૂપિયાથી ૧૬ લાખ રૂપિયા સુધી ૧૫% ટેક્સ, ૭૦ હજાર રૂપિયાનો લાભ.

★ સ્લેબ ૫: ૧૬ થી ૨૦ લાખ રૂપિયા સુધી ૨૦% ટેક્સ.

★ સ્લેબ ૬: ૨૪ લાખ રૂપિયા સુધી ૨૫% ટેક્સ, ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનો લાભ.

★ સ્લેબ ૭: ૨૪ લાખ રૂપિયાથી વધુ પર ૩૦% ટેક્સ, ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનો લાભ.

★ વરિષ્ઠ નાગરિકો માટે ટેક્સ મુક્તિ બમણી કરવામાં આવી.

★ TDS મર્યાદા વધારીને રૂા. ૧૦ લાખ કરવામાં આવી.

★ તમે ૪ વર્ષ માટે અપડેટેડ ITR ફાઇલ કરી શકો છો.

★ ભાડાની આવક પર TDS મુક્તિ વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી.

★ મોબાઇલ ફોન અને ઈ-કાર સસ્તા થશે.

★ લિથિયમ આયન બેટરી સસ્તી થશે.

★ LED-LCD ટીવી સસ્તા થશે. કસ્ટમ ડ્યુટી ઘટાડીને ૨.૫% કરવામાં આવી.

★ ૧ લાખ કરોડ રૂપિયાનું શહેરી પડકાર ભંડોળ બનાવવામાં આવશે.

★ શહેરી વિસ્તારોમાં ગરીબોની આવક વધારવા માટે એક યોજના શરૂ કરવામાં આવશે.

★ એક લાખ અધૂરા મકાનો પૂર્ણ કરવામાં આવશે. ૨૦૨૫માં ૪૦ હજાર નવા મકાનો સોંપવામાં આવશે.

★ દરેક ઘરને નળનું પાણી પૂરું પાડવા માટેનો જળ જીવન મિશન કાર્યક્રમ ૨૦૨૮ સુધી લંબાવવામાં આવશે

## ખેડૂત

★ કિસાન ક્રેડિટ કાર્ડ (KCC)ની મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવી છે.

★ પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાથી ૧૦૦ જિલ્લાના ૧.૭ કરોડ ખેડૂતોને લાભ.

★ ધન-ધાન્ય યોજના હેઠળ ૧૦૦ એવા જિલ્લાઓ પસંદ કરવામાં આવશે જ્યાં કૃષિ ઉત્પાદકતા ઓછી છે.

★ ડેરી અને મત્સ્ય ઉદ્યોગ માટે ૫ લાખ રૂપિયા સુધીની લોન.

★ તુવેર, અડદ અને મસૂર દાળ માટે ૬ વર્ષનું મિશન હાથ ધરવામાં આવશે.

★ કપાસ ઉત્પાદન મિશન શરૂ કરીને ઉત્પાદકતામાં વધારો કરવામાં આવશે.

★ શ્રીઅન્ન અને ફળો માટે રાજ્યો સાથે મળીને એક યોજના શરૂ કરવામાં આવશે.

★ દરિયાઈ ઉત્પાદનો સસ્તા થશે. કસ્ટમ ડ્યુટી ૩૦% થી ઘટાડીને ૫% કરવામાં આવશે.

★ આંદામાન અને નિકોબાર અને ઊંડા સમુદ્રમાં માછીમારીને પ્રોત્સાહન આપવામાં આવશે.

★ બિહારના ખેડૂતોને મદદ કરવા માટે મખાના બોર્ડની રચના કરવામાં આવશે.

★ કોસી નહેર પ્રોજેક્ટ મિથિલામાં શરૂ થશે. ૫૦ હજાર હેક્ટર વિસ્તારના ખેડૂતોને ફાયદો થશે.

★ કઠોળમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે ૬ વર્ષનું મિશન.

★ ગ્રામીણ યોજનાઓમાં પોસ્ટ પેમેન્ટ બેંક ચૂકવણી સેવાનો વિસ્તાર કરવામાં આવશે.

★ કપાસના ઉત્પાદન માટે ૫ વર્ષની કાર્યયોજના. ઉત્પાદન-માર્કેટિંગ પર ફોકસ.

★ આસામના નામરૂપમાં યુરિયા પ્લાન્ટ સ્થાપવામાં આવશે. તેની વાર્ષિક ક્ષમતા ૧૨.૭ લાખ મેટ્રિક ટન હશે.

★ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમને સહકારી ક્ષેત્રમાં લોન માટે સહાય આપવામાં આવશે.

## યુવા

★ સ્ટાર્ટઅપ્સ માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ફંડ બનાવવામાં આવશે.

★ ૫૦૦ કરોડ રૂપિયાથી ૩ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) એક્સિલેન્સ સેન્ટર બનશે.

★ તબીબી શિક્ષણમાં આગામી ૫ વર્ષમાં ૭૫ હજાર બેઠકોનો વધારો થશે.

★ દેશના ૨૩ IITમાં ૬૫૦૦ બેઠકો વધારવામાં આવશે.

★ મેડિકલ કોલેજોમાં ૧૦ હજાર બેઠકો વધશે.

★ પીએમ રીસર્ચ ફેલોશિપ હેઠળ ૧૦ હજાર નવી ફેલોશિપ આપવામાં આવશે.

★ દેશમાં જ્ઞાન ભારત મિશન શરૂ કરવામાં આવશે. ૧ કરોડ હસ્તપ્રતોનું ડિજિટલાઇઝેશન કરવામાં આવશે.

★ પટના IITમાં હોસ્ટેલ સુવિધાઓ વધારવામાં આવશે.

★ મેક ઇન ઇન્ડિયા, મેક ફોર વર્લ્ડને પ્રોત્સાહન અપાશે.

★ કૌશલ્ય વધારવા માટે ૫ રાષ્ટ્રીય સ્તરના કેન્દ્રો બનાવવામાં આવશે.

★ બધી સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સાથે બ્રોડબેન્ડ કનેક્ટિવિટી.

## નોકરી

★ નવી રીજીમમાં ૧૨ લાખ રૂપિયાની આવક પર કોઈ ટેક્સ નથી.

★ પગારદાર લોકો માટે ૧૨.૭૫ લાખ રૂપિયાની કર મુક્તિ છે અને સ્ટાન્ડર્ડ ડિડક્શન ૭૫ હજાર રૂપિયા છે.

★ સ્લેબ ૧: ૦ થી ૪ લાખ રૂપિયા સુધીની આવક પર ઝીરો ટેક્સ.

★ સ્લેબ ૨: ૪ થી ૮ લાખ રૂપિયા સુધી ૫% ટેક્સ.

★ સ્લેબ ૩: ૮ લાખ રૂપિયાથી ૧૨ લાખ રૂપિયા સુધી ૧૦% ટેક્સ, ૮૦ હજાર રૂપિયાનો લાભ. (નોંધ: 87A હેઠળ બીજા અને ત્રીજા સ્લેબનો ટેક્સ માફ કરવામાં આવ્યો છે.)

★ સ્લેબ ૪: ૧૨ લાખ રૂપિયાથી ૧૬ લાખ રૂપિયા સુધી ૧૫% ટેક્સ, ૭૦ હજાર રૂપિયાનો લાભ.

★ સ્લેબ ૫: ૧૬ થી ૨૦ લાખ રૂપિયા સુધી ૨૦% ટેક્સ.

★ સ્લેબ ૬: ૨૪ લાખ રૂપિયા સુધી ૨૫% ટેક્સ, ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનો લાભ.

★ સ્લેબ ૭: ૨૪ લાખ રૂપિયાથી વધુ પર ૩૦% ટેક્સ, ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનો લાભ.

★ ટૂંક સમયમાં દેશમાં નવું આવકવેરા બીલ રજૂ કરવામાં આવશે.

★ ૧ કરોડ ગિગ વર્કર્સને સામાજિક સુરક્ષા યોજના મળશે. (ગિગ વર્કર્સ એટલે છૂટક મજૂરી કરતા લોકો)

★ ગિગ કામદારોને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવવામાં આવશે.

★ આવકવેરા બીલમાં વર્તમાન કાયદા કરતાં લગભગ ૫૦% ઓછો ટેક્સ હશે. તે સમજવામાં સરળતા રહેશે, જેનાથી મુકદ્દમામાં ઘટાડો થશે.

## વેપારી

★ SME અને મોટા ઉદ્યોગો માટે ઉત્પાદન મિશન સ્થાપિત કરવામાં આવશે.

★ MSME માટે લોન ગેરંટી મર્યાદા ૫ કરોડ રૂપિયાથી વધારીને ૧૦ કરોડ રૂપિયા કરવામાં આવશે.

★ બધા MSME માટે રોકાણ અને ટર્નઓવર મર્યાદા અનુક્રમે ૨.૫ અને ૨ ગણી વધારવામાં આવશે.

★ આત્મનિર્ભર ભારત માટે ૨૭ ફોકસ સેક્ટરમાં ક્રેડિટ

ગેરંટી ફી ઘટાડીને ૧% કરવામાં આવી.

★ નિકાસ કરતા MSMEને ૨૦ કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન મળશે.

★ MSME માટે 'નિકાસ પ્રમોશન મિશન' સ્થાપવામાં આવશે.

★ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે હોમસ્ટે માટે મુદ્રા લોન મેળવી શકાય છે.

★ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ ટિયર-૨ શહેરોમાં બનાવવામાં આવશે.

★ દેશને રમકડાં ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે રાષ્ટ્રીય યોજના બનાવવામાં આવશે.

★ નવી ચામડાની યોજના ૨૨ લાખ લોકોને રોજગારી પૂરી પાડશે.

★ બિહારમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેક્નોલોજીની સ્થાપના કરવામાં આવશે.

★ સૂક્ષ્મ ઉદ્યોગો માટે ૫ લાખ રૂપિયાની મર્યાદાવાળા કસ્ટમાઇઝ્ડ ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવશે.

★ પ્રથમ વર્ષમાં ૧૦ લાખ કસ્ટમાઇઝ્ડ ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવશે.

★ શહેરી શેરી વિક્રેતાઓ માટે પીએમ સ્વાનિધિ યોજનાની લોન મર્યાદા વધીને ૩૦ હજાર રૂપિયા થશે.

★ KYC પ્રક્રિયાને સરળ બનાવવા માટે ૨૦૨૫માં સુધારેલી સેન્ટ્રલ KYC રજિસ્ટ્રી શરૂ કરવામાં આવશે.

★ જન વિશ્વાસ બિલ ૨.૦ હેઠળ ૧૦૦થી વધુ જોગવાઈઓને ગુનાના કાર્યક્ષેત્રમાંથી દૂર કરવામાં આવશે.

## કોર્પોરેટ

★ વીમા ક્ષેત્રમાં રોકાણ માટે FDI મર્યાદા ૭૪%થી વધારીને ૧૦૦% કરવામાં આવશે.

★ કોબાલ્ટ, લિથિયમ-આયન બેટરી સ્ક્રેપ, કાચ, ઝીંક અને ૧૨ અન્ય ખનિજોને બેઝ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

★ EV બેટરી ઉત્પાદન માટે ૩૫ અને મોબાઇલ ફોન બેટરી માટે ૨૮ વધારાના મૂડી માલ પર મુક્તિ.

★ આંતરરાષ્ટ્રીય વેપાર માટે ઇન્ડિયા ટ્રેડ નેટ સ્થાપિત કરવામાં આવશે.

★ ૫૦ નવા પર્યટન સ્થળો વિકસાવવામાં આવશે.

★ ઉડાન યોજના સાથે ૧૦૦ નવા શહેરો જોડાશે.

★ પહાડી વિસ્તારોમાં નવા નાના ઍરપોર્ટ બનાવવામાં આવશે.

★ મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન આપવામાં આવશે અને વિઝા નિયમો હળવા કરવામાં આવશે.

★ બિહારમાં નવા ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ બનાવવામાં આવશે.

★ પરમાણુ ઊર્જા સંશોધન અને વિકાસ માટે રૂ. ૨૦ હજાર કરોડનું ભંડોળ.

★ રાજ્યોમાં ખાણકામ સૂચકાંક સ્થાપિત કરવામાં આવશે.

★ વાણિજ્ય, MSME અને નાણાં મંત્રાલયો દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવતા 'નિકાસ પ્રમોશન મિશન'ની સ્થાપના કરવામાં આવશે.

## સ્ત્રીઓ

★ SC-ST MSME મહિલા ઉદ્યોગ સાહસિકો માટે એક ખાસ ટર્મ લોન યોજના શરૂ કરવામાં આવશે.

★ પહેલી વાર ઉદ્યોગ સાહસિક બનનારી મહિલાઓને ૨ કરોડ રૂપિયાની ટર્મ લોન મળશે.

★ મહિલાઓને ૫ વર્ષ માટે ૨ કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન. ૫ લાખ મહિલાઓને લાભ.

★ મહિલાઓને નાણાંકીય સહાય, તાલીમ અને માર્ગદર્શન આપીને આત્મનિર્ભર બનાવવી જોઈએ.

★ મહિલા ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ તાલીમ, માર્કેટિંગ સપોર્ટ અને સરકારી યોજનાઓ સાથે જોડાણ પણ પૂરું પાડવામાં આવશે.

★ સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ શરૂ કરવામાં આવશે.

## વૃદ્ધ

★ વરિષ્ઠ નાગરિકો માટે ટેક્સ મુક્તિ બે ગણી. ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ રૂપિયા કરવામાં આવી.

★ કેન્સર, દુર્લભ અને ગંભીર રોગોથી પીડિત લોકો માટે ૩૬ જીવનરક્ષક દવાઓ સંપૂર્ણપણે કરમુક્ત.

★ દેશમાં ૨૦૦ ડે-કેર કેન્સર સેન્ટર બનાવવામાં આવશે.

★ તબીબી ઉપકરણો અને કેન્સરની દવાઓ સસ્તી થશે.

★ ૬ જીવનરક્ષક દવાઓ પર કસ્ટમ ડ્યુટી ૫% ઘટાડી.

★ ૧૩ દર્દી સહાય કાર્યક્રમ મૂળભૂત કસ્ટમ ડ્યુટીની બહાર.

★ બજેટમાં આવકવેરાને લઈને મોટી રાહત આપવામાં

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૫ ઉપર)

વિટંબણા

# ઉકેલ માંગતો કોયડો : દેશમાં રહેવું કે પરદેશમાં?

ભવેન કચ્છી

**પરિવાર અને આત્મસન્માનને હોડમાં મૂકી વિદેશમાં ઘૂસણખોરી કરવા માંગતા ભારતીયોએ સોનમ વાંગચૂકના વિચારો જાણવા જોઈએ...**

અમેરિકા પછી હવે બ્રિટનમાં પણ હોટેલ, રેસ્ટોરાં અને દુકાનો પર દરોડા પાડીને ગેરકાયદેસર રહીશોને આતંકવાદી પકડ્યા હોય તે રીતે વર્તન કરતા ધરપકડ કરવામાં આવે છે.

અમેરિકામાં તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ક્યાં અને કેટલા કલાક નોકરી કરવા જાય છે તે હિલચાલ પર નજર રાખીને આ માટેની ખાસ પોલીસ દ્વારા પૂછપરછ કરાય છે.

અમેરિકાની નજરે ભારતીયો મેક્સિકન અને આફ્રિકી દેશો જેવા જ ઘૂસણખોર અને કાલી મજૂરી કરવા તૈયાર હોય તેવા ગરીબ છે.

થોડા દિવસો પહેલા મેક્સિકો સરહદ પર પકડાઈ ગયા પછી ભારતીયો જોડે કઈ રીતે ક્રૂર વ્યવહાર કરવામાં આવેલો તે આપવીતી પરત ફરેલા આવા ગેરકાયદેસર વસાહતીઓએ કરી હતી. લશ્કરના વિમાનમાં હાથમાં બેડી અને પગમાં સાંકળ પહેરાવીને તેઓને સ્વદેશ પહોંચાડ્યા હતા અને અમેરિકાની આવી પાશવી વર્તણુંક બદલ હોબાળો મચ્યો હતો. અમેરિકા, બ્રિટન અને કેનેડા કાયદા મુજબ વર્તી ન રહેલા ઘૂસણખોરોની ખેપ પશુઓની જેમ લશ્કરી વિમાનમાં ભારત પરત મોકલવા માટે હવે સક્રિય બની છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઘૂસણખોરોને માટે ભારે કઠોરતા સાથે 'એલિયન' એટલે કે અજાણ્યા ગ્રહના માણસો તેવો શબ્દપ્રયોગ કરે છે.

જે પણ ગેરકાયદેસર ઘૂસણખોરો ભારત પરત આવ્યા તેઓએ એક કરોડ રૂપિયા જેટલી રકમ એજન્ટને આપીને 'ડંકી રૂટ'થી અમેરિકા જવાનું દુઃસાહસ કર્યું હતું.

માની લો કે તેઓ અમેરિકા પહોંચવામાં સફળ થયા હોત તો પણ તેઓ સત્તાવાર રીતે જે તે વિઝા મેળવીને નોકરી કે ધંધો કરી શકે તે તો શક્ય જ નહોતું. તેઓ કોઈ પરિચિતના સ્ટોર, મોટેલ કે ગેસ સ્ટેશનમાં નોકરી કરી શક્યા હોત. અત્યારે પણ જે ગેરકાયદેસર ભારતીયો અમેરિકામાં ઘુસવામાં સફળ થઈ ગયા છે તેઓ વર્ષોથી આવી જ નોકરી કે મજૂરી ઉચ્ચક મહેનતાણું મેળવીને કરે છે. એટલે સુધી કે તેઓ બેંક એકાઉન્ટ પણ ન ખોલાવી શકે કે પછી ડ્રાઈવિંગ લાઈસન્સ પણ ન મેળવી શકે.

અમેરિકામાં કાયદા પ્રમાણે યોગ્ય વિઝા ધરાવતા કર્મચારી કે મજૂર કારીગરને કલાકના ૧૭-૧૮ ડોલર આપવા પડે છે. રોજના નવ કલાકનું કામ થાય. દુકાન, રેસ્ટોરાં, મોટેલ કે બાંધકામ કંપનીઓ આથી ગેરકાયદેસર વસાહતીઓને નોકરીએ રાખીને કલાક દીઠ દસેક ડોલર આપીને ખાસ્સી બચત કરી શકે છે. આથી અમેરિકન માલિકો પણ આવા કર્મચારી અને લેબરની વિઝા યોગ્યતાની ચકાસણી કરવાની પરવા કર્યા વગર તેઓને કામ આપે છે.

અમેરિકા જવાની આંધળી દોટ એ હદની છે કે ભારતમાં પ્રમાણમાં સુખથી અને તેના કરતાં પણ વધુ આત્મસન્માન અને આઝાદી સાથે રહેવાનું હોવા છતાં કેટલાક નાગરિકો તેમની અને આકા પરિવારની જિંદગી હોડમાં મૂકીને ઘૂસણખોરી કરવા માટે લાઈન લગાવીને બેઠા છે.

ઘૂસણખોરો યાતના વિતાવીને પરત આવ્યા તેઓની વિતક કથા જાણવા છતાં અને ટ્રમ્પ તેની ટર્મ દરમિયાન અતિ કડક વલણ અને ચાંપતી નજર રાખવાના છે તેનાથી પણ વાકેફ હોવા છતાં વિશેષ કરીને પંજાબ અને ગુજરાતના નાગરિકો ફરી ગેરકાયદેસર ઘૂસણખોરી કરવા સક્રિય બનશે જ. હાલ ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા આવા એજન્ટોને પણ આવી ખાતરી હોઈ કેટલાક મહિના પછી તેમના ગોરખધંધાનો પ્રારંભ કરશે જ.

ડોલર અને અમેરિકાની માનસિક બીમારી જેવી લાલસાને લીધે ગયેલા એક પરિચિતે કહ્યું કે, 'જેઓ શૈક્ષણિક રીતે ડિગ્રી ધારી કે એન્જિનિયર છે કે પછી યોગ્ય વિઝા ધરાવી નોકરી કરે છે તેઓને માટે સારું છે બાકી કાયદેસર કે ગેરકાયદેસર રીતે વર્ષોથી રહેતા ભારતીયો ગુલામની જેમ નોકરી કે મજૂરી કરે છે. અમેરિકાના સ્ટોરમાં એક પણ ગ્રાહક ન હોય તો પણ નવ કલાક ઊભા જ રહેવું પડે છે. બાંધકામ સાઈટ પર પણ કોન્ટ્રાક્ટર ગુલામ હોઈએ તેમ વંશીય અપશબ્દો બોલી અને સ્વદેશની હાંસી ઉડાવતા હોય છે. એક પછી એક વજનદાર બોક્સ કન્ટેનરમાં ચઢાવવાની ઝડપ એવી રીતે રાખવી પડે કે

શ્વાસ હેઠો બેસાડવાની કેટલીક સેકંડો પણ ન મળે. જો થોભો તો આખી અમારા જેવા મજૂરોની સાંકળ પણ અટકી જાય અને તે સાથે જ કોન્ટ્રાક્ટર ખરાબ રીતે અશ્લીલ ગાળ આપીને અપમાનિત કરી નાંખે.'

અમેરિકાની મોટેલોમાં કામ કરતા આપણા ગુજરાતીઓ જીવ પડીકે લઈને નોકરી કરતા હોય છે કેમ કે અડધી રાત્રે દારૂ ઢીંચીને ગોરાઓ અને અશ્વેતો આવતા હોય છે. કેટલાક યુવતીઓ લઈને આવે.

કોમ્પ્યુટરમાં એન્ટ્રી પાડવા માટે તેઓનું નામ પૂછતા પણ અંદરથી ધ્રૂજતા હોઈએ તેવો ડર અનુભવાતો હોય છે. તેઓ પાસે ગન હોઈ ગમે ત્યારે ગોળીથી વિંધી સકે. રૂમ સર્વિસ વખતે પણ અને પેમેન્ટ લેતી વખતે પણ ફફડાટ હોય છે.

મોટેલ કે હોટલમાં કામ કરતા આવા ભારતીયોને કાઉન્ટર સંભાળવા ઉપરાંત સર્વિસ અને સફાઈ સહિતના તમામ કામ કરવાના હોય છે. જાજરૂ-બાથરૂમ, કચરા પોતાં કરવાના, દારૂની બોટલો, બગડી ગયેલી ચાદરો બદલવાની હોય છે.

કોઈ કામ ખરાબ કે નાનું નથી હોતું. પ્રામાણિકતાથી કમાણી કરવામાં આવતું કોઈપણ કાર્ય ઊંચું કે નીચું નથી. પણ તે સાથે જ એવો તો વિચાર આવે જ કે આ જ ભારતીયો ભારતમાં આવી નોકરી તો શું તેમના ઘરની સ્વચ્છતા માટે પણ આવું કામ નથી કરતા. જેઓ ભારતમાં આવી નોકરી કરે છે તેઓને સમાજ જુદી - હીન નજરે જુએ છે.

ભારતમાં સારા પરિવારના પુરુષ કે મહિલા સ્ટોરમાં બેસીને નોકરી કરે કે રેસ્ટોરામાં વેઈટર બને તો સમાજમાં તેઓ આર્થિક રીતે કથળી ગયા હોય તે રીતે જોવાય છે.

ભારતમાં આપણા કોઈ ખાધે પીધે પરિચિત સુખી પરિવારના સંતાનને હોટલમાં રૂમ સર્વિસ કરતા, પીઝા કે મદ્યપાન પીરસતા કે પેટ્રોલ પંપ પર, જાહેર માર્ગો પર ઉકરડાને ટ્રકમાં ઠાલવતા કે સફાઈનું મશીન ફેરવતા જોઈએ તો આપણે તે પરિવાર અને તે યુવાન કે યુવતી પર ચોકડી લગાવી દઈએ છીએ અને સમાજમાં ગોસીપ ચાલે છે.

સમાજશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનીઓએ અભ્યાસ કરવો જોઈએ કે આપણે માત્ર સમાજના માપદંડોને લીધે કોઈપણ પ્રકારની કમાણી કે રોજી મેળવવા માટે તૈયાર નથી કે ભારતમાં રહેતા આત્મવિશ્વાસ અને ખુમારીનો અભાવ છે.

અગાઉ અમે બેકારીના સંદર્ભમાં એક લેખ લખ્યો હતો ત્યારે સોનમ વાંગચૂકે કહેલું વાક્ય યાદ આવે છે કે : "ભારતમાં બેકારીનો જે આંક છે તે અર્ધ સત્ય છે. ખરેખર જોબ તો ઘણી છે પણ તેને કરવા માટે એક બહોળો બેકાર વર્ગ તૈયાર નથી. ખરેખર તો કમાણી માટે પ્રામાણિક અને કાયદા મુજબના જે બૌધ્ધિક કે શારીરિક મહેનત અને કુનેહ માંગી લેતા કામ કરવા તમે તૈયાર હોવ અને છતાં તમને નોકરી કે મહેનતાણું ન મળે તો તે સાચી બેકારી કહેવાય. ભારતમાં યુવા પેઢી એવું મનમાં ધારીને બેઠી છે કે તેઓ કયા પ્રકારની નોકરી કે ધંધો વ્યવસાય કરવા માંગે છે. જો તે નહીં મળે તો પોતાને બેકાર માનશે. વિદેશમાં આવી સ્થિતિ નથી. ત્યાં કોઈ કામને હીન નથી મનાતું અને સમાજ તો કોઈ શું કરે છે તેની મૂલવણી કે પરવા જ નથી કરતો.'

હવે ગેરકાયદેસર માર્ગેથી વિદેશમાં જનારા વ્યક્તિ અને પરિવારે વિચારવું જોઈએ કે તેઓને આત્મસન્માન જેવું કંઈક છે કે નહીં? ચોરીછૂપીથી આજીવન રહેવાનો અર્થ શું? વિઝા સ્ટેમ્પ નહીં હોઈ ફરી ભારત આવી જ ન શકાય તેવું પણ બનતું જ હોય છે.

પરત આવેલા ઘૂસણખોરોમાંથી કેટલાકને તો ભારતમાં નોકરી કે નાનો મોટો ધંધો હતો. ખેતરો અને જમીન હતી. ઘર પણ ખરા. અમેરિકામાં એવા ભારતીયો છે કે જેઓને ભારતમાં નિશ્ચિત મોટી આવક હતી. આજે પણ જમીન અને ઘરોમાં રોકાણ છે. છતાં તેઓ અમેરિકામાં ગ્રોસરીમાં બેસે છે કે ગેસ સ્ટેશન પર નોકરી કરે છે.

અમેરિકામાં ગેરકાયદેસર કે પછી આંધળી દોટ હેઠળ ગયા છે તેવા ૬૦ પ્લસ વય ધરાવતા ભારતીય દંપતીઓને મોટેલમાં એક નાના બેડરૂમ જેવડી જગ્યા રહેવા માટે ફાળવેલી હોય તે રીતે જોયા છે. તેઓએ કહ્યું કે, 'અમે અમુક દિવસો રજા પાડીને પણ અમેરિકાની જે મજાની ભૌતિક લાઈફ અને સ્થળો, બીચ વગેરે ખાસ વર્ષોથી જોયા માણ્યાં નથી. કાર વગર તો દિવ્યાંગ જેવા બની જઈએ.'

આની સામે ભારતમાં વયસ્કોને જુઓ કેવી મજાની જિંદગી! બગીચામાં ભેગા થાય. ફિલ્મી ગીતોની જમાવટ કરે, સાથે બેસીને ભજીયા ખાય, પ્રવાસ ખેડે અને સાજે માંદે મિત્ર વર્તુળ અને પાડોશીઓ ખડે પગે ઊભા રહે.

અમેરિકામાં તમે ક્વોલિફાઈડ ન હોવ કે માલિકીની દુકાન ન હોય તો નરી મજૂરી, માનસિક બીમારી અને બચત ન થાય તેવી આવક હોય છે.

કેટલાક વર્ષો અમેરિકામાં રહીએ છીએ તેનો નશો કે અહંકાર પોષાતો હોય પછીથી આજીવન પગના જૂતાં બહારથી ચમકતા લાગે અને અંદરથી પહેરનારને ડંખતા હોય તેવી સ્થિતિ નિર્માણ પામતી હોય છે.

ગેરકાયદેસર ઘુસનાર વ્યક્તિ એક કરોડ જેટલી રકમ ખર્ચે

છે અને પછી તે પકડાય તો આખું જીવન કલંક સાથે જીવવું પડે છે. એક કરોડ રૂપિયા ગયા તે નુકસાન પણ કેટલું મોટું.

ભારતમાં એવા હજારો પરિવાર હશે જે એક કરોડની આખરી બચતની રકમ સાથે લહેરથી મધ્યમ વર્ગના પરિવારને નિભાવે છે.

એક કરોડ રૂપિયા લોભમાં આવ્યા વગર આઠ ટકાના વ્યાજના દરે બેંકમાં મૂકો તો પણ મહિને સાંઇઠ-સિત્તેર હજાર જેટલી રકમ વ્યાજની મળે અને જે પણ નોકરી મળે તે કરો... અમેરિકામાં ૧૨ કલાક કામ કરવા તૈયાર છો તો ભારતમાં બીજા ત્રણ કલાક કંઈક હુન્નર કે ધંધો કરો. પણ કોઈપણ હિસાબે કોઈપણ લાલચ કે યોજના હેઠળ એક કરોડને નહીં અડકવાનું. અમેરિકામાં તો પત્ની પણ નવ કલાક સ્ટોરમાં ઊભી રહીને નોકરી કરે છે. ભારતમાં પણ મહિલાએ તેવી કમાણીથી જોડાવું જોઈએ.

અમેરિકામાં બ્રિટન અને કેનેડામાં રહેતા ઘણા ભારતીયો પણ હવે કહેતા થયા છે કે, 'હવે અમેરિકા, બ્રિટન અને કેનેડા અગાઉ જેવું નથી રહ્યું. ભારત વધુ રહેવાલાયક બનતું જાય છે. અમે મહત્તમ સમય ભારતમાં વિતાવવા માંગીએ છીએ.'

આમ છતાં વિદેશ ચોક્કસ જાવ. જેઓ પાસે પ્રતિભા છે તેઓ તો અમેરિકામાં વધુ ખીલી ઊઠશે પણ જો કોઈ શૈક્ષણિક લાયકાત, ટેકનોક્રેટ નોકરી કે ત્યાં રોકાણ માટે ડોલર આપી શકે તેવા પરિવારજનો કે પીઠબળ ન હોય તો અમેરિકા જવા કરતાં ભારતમાં સન્માન, ગૌરવ અને સામાજિક વ્યવસ્થા જોતાં ભારત શ્રેષ્ઠ છે.'

ભારતમાં પણ યુવાનોની દૃષ્ટિ બદલાતી જાય છે. માસ્ટર ડિગ્રી ધારી યુવાનો ભેગા થઇ હેર સ્ટુડિયો કરે છે. કચરા વીણવાનો સ્ટાર્ટ અપ શરૂ કરે છે. ભારતમાં પણ ભવિષ્ય તો છે જ.

આપણે ઘુસણખોર બનીને વિદેશમાં જવા માટે બધું જ હોડમાં મૂકી દેતા પહેલા દસ વખત વિચારવું જોઈએ.

*"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી*

**મુખ અને સુખ**

*અરીસામાં 'મુખ' અને સંસારમાં 'સુખ' હોતું નથી, બસ દેખાય છે.*

## રેવડી કલ્ચરના કારણે દિલ્હીમાં ભાજપની જીત

દિલ્હીમાં આપ, કોંગ્રેસ અને ભાજપ – એમ ત્રણેય પક્ષોએ રેવડી કલ્ચર અપનાવી લીધું. એમાં ભાજપની જીત થઈ. ભાજપે રેવડી કલ્ચર સ્વરૂપે નીચે મુજબ જાહેરાતો કરેલ હતી.

★ મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ દર મહિને ગરીબ મહિલાઓના ખાતામાં રૂા. ૨૫૦૦/- જમા કરાવવાનું વચન. ભારતના કોઈ પણ રાજ્યમાં ૫૦ ટકા મતદારો મહિલાઓ હોય છે ને તેમાંથી ૬૦ ટકા મહિલા ગરીબ પરિવારની છે. તેથી દર મહિને ખાતામાં રકમ આવે એ તેમના માટે આશિર્વાદરૂપ છે.

★ ગેરકાયદેસર કોલોનીઓને કાયદેસર કરવી.

★ દલિત વિદ્યાર્થીઓને દર મહિને રૂા. ૧૦૦૦/- સ્કોલરશીપ.

★ ટેકનિકલ અને આઈ.આઈ.ટી.માં ભણતા વિદ્યાર્થીઓને મેટ્રો બસમાં મફત મુસાફરીની સાથે દર વર્ષે ખાતામાં રૂા. ૪૦૦૦/- જમા કરાવવા.

★ સિનિયર સિટીઝન્સ અને વિધવાઓનું માસિક પેન્શન વધારીને રૂા. ૩૫૦૦/- કરવું.

★ યુ.પી.એસ.સી.ની તૈયારી કરતા વિદ્યાર્થીઓને વર્ષે રૂા. ૨૦,૦૦૦/-ની સહાય કરવી.

આ ટ્રેન્ડ ખતરનાક છે અને લોકશાહીને ફારસરૂપ બનાવનારો છે. રાજકીય પક્ષો કોઈપણ વ્યક્તિના ખાતામાં દર મહિને રકમ જમા કરાવવાનું વચન આપે તેનો મતલબ રૂપિયા આપીને તેનો મત ખરીદવાની સીધી ઑફર એવો જ થાય.

ગરીબ મહિલાના ખાતામાં દર મહિને ૨૫૦૦ રૂપિયા જમા થાય એ હિસાબે પાંચ વર્ષમાં તેને રૂા. ૧.૫૦ લાખ મળે. તેથી તેનો એક વોટ રૂપિયા દોઢ લાખમાં પડે.

ખેડૂતોને વર્ષે ૬,૦૦૦ રૂપિયા અપાય. એટલે ૫ વર્ષમાં રૂપિયા ત્રીસ હજાર થાય. તેથી ખેડૂતનો એક વોટ રૂપિયા ત્રીસ હજારમાં પડે. વિદ્યાર્થીઓને વર્ષે ૪૦૦૦ રૂપિયા અપાય એટલે ૫ વર્ષના રૂપિયા ૨૦ હજાર થાય. તેથી તેનો એક વોટ રૂપિયા વીસ હજારમાં પડે.

આ ટ્રેન્ડ ભારતની લોકશાહી માટે ખતરનાક છે કેમકે તે લાંચનો એક પ્રકાર જ થયો. ■

॥ શુભેચ્છા સહ... ॥

**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**

**હ. જયંતીભાઈ નીસર**

માતૃભાષા

# ૨૧મી ફેબ્રુઆરી : માતૃભાષા દિન

મહેન્દ્ર દોશી

૨૧મી ફેબ્રુઆરી માતૃભાષા દિન તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્યની માન્ય ભાષા ગુજરાતીની સાથે કચ્છ જિલ્લામાં બોલાતી કચ્છી મા-બોલીની પણ માતૃભાષા દિન તરીકે ઉજવણી થઈ શકે કે નહીં તે વિષયક લેખ અગાઉ પ્રકાશિત થયેલ હોવાથી તેનું અત્રે પુનરાવર્તન કરવું અસ્થાને છે. આ પર્વની ઉજવણીના ઉદ્દેશ્યો સાથે કચ્છીના વિકાસ અને મોભા જેવા સંલગ્ન વિષયક લેખ એ વિષયાંતર નથી. કચ્છીને બંધારણીય મોભો મળે તે માટે ઘણા લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી છે. જે માંગણી કરનાર કચ્છી ભાષકના વર્ગ માટે ચેલેન્જ એવો પ્રયાસ માનનીયશ્રી શક્તિસિંહજી ગોહિલ સાહેબે તા. ૨-૨-૨૦૨૨ના રોજ સંસદમાં કચ્છીના બંધારણમાં આઠમા ક્રમની જોગવાઈ હેઠળના લાભ મળે તે માટેનો પ્રસ્તાવ સંસદમાં મૂકેલ હતો. અલબત્ત, આ પ્રસ્તાવ બંધારણની જોગવાઈનો અભ્યાસ તથા કાયદાના પૂરતા અભ્યાસ વગરનો હતો. પણ આ પ્રથમ પ્રયાસ કચ્છીને સંસદના પગલા સુધી પહોંચનાર તરીકેની નોંધ કચ્છીના ભાષાકીય ઈતિહાસમાં લેવાશે.

કચ્છીને ખરા અર્થમાં સૌપ્રથમ બંધારણીય મોભાની માંગણી માટેનું આ પ્રથમ પગથિયું છે. ગુજરાત સરકારે ડૉ. ગ્રિઅસન (૧૯૦૮) કચ્છીને બોલીમાં વર્ગીકૃત કરેલ. જેને ધ્યાનમાં લઈને ૧૯૭૧માં ગુજરાત સરકારે કચ્છીને બોલીમાં વર્ગીકૃત કરેલ છે. ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે લાંબો સમય વ્યતીત હોવા છતાં આ વર્ગીકરણને સુધારવા માટેના હજુ પ્રયાસ થયા નથી. ભાષાકીય મોભા માટે નિયત કરેલ નિયમોનું પાલન કચ્છીએ ૨૦૧૧માં કરેલ છે. આથી કચ્છીને ભાષામાં વર્ગીકૃત કરવા માટે સૌપ્રથમ લેખિત રજૂઆત ગુજરાત સરકાર સમક્ષ તા. ૧૫-૦૮-૨૦૨૧ના રોજ કરેલ છે. મુખ્યમંત્રીશ્રીએ આ રજૂઆતની ચકાસણી કરવા માટે વિભાગીય વડાઓને પાઠવેલ છે. પણ છેલ્લા પાંચ વર્ષથી વિભાગીય વડાઓ ખો-દાવ રમી રહ્યા છે.

કચ્છીને બંધારણીય મોભો આપવા માટેના ધારાધોરણો હેઠળના સમય થયો નથી અને આ માટેના પ્રયાસ રણમાં દેખાતી આભાસી મૃગતૃષ્ણા છે કારણકે બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૫૧ હેઠળ ઓફિશિયલ લેંગ્વેજ સિવાયની વૈકલ્પિક ભાષાનો સમાવેશ આ આર્ટીકલ હેઠળ કરવામાં આવે તો બંધારણનું કદ કેટલું મોટું થવા પામે જેને ધ્યાનમાં લઈને સરકારે બિન ઓફિશિયલ લેંગ્વેજને ભાષાના વિકાસ અને ઉત્કર્ષ માટે લાભ મળે તે માટે કમિટીનું આયોજન કરવામાં આવેલ હતું. પણ આ નિયુક્ત કરેલ કમિટીએ ભાષાના લાભને ધ્યાનમાં લેતાં આ અંગે કોઈ નિર્ણય કમિટી લઈ શકેલ નથી. કમિટી નિર્ણયાત્મક પગલા લેવા માટે કટીબધ્ધ થાય ત્યાં સુધી આ માટેનો પ્રયત્ન કરવો એ નિરર્થક છે.

આ કમિટી નિર્ણયાત્મક બને ત્યાં સુધીના સમયમાં આ કાર્યવાહી કરવા માટેનું પ્રથમ પગથિયું કચ્છીને ભાષામાં વર્ગીકૃત કરવા માટેના પ્રયત્ન કરવા એ અગત્યનું છે. કોઈપણ ભાષાના વિકાસ અને ઉત્કર્ષ માટે ભારત સરકારે ભારતીય ભાષા સંસ્થાનનું આયોજન કરેલ છે. આ સંસ્થા વિકાસ અને ઉત્કર્ષ માટે કાર્યરત છે. આ યોજના હેઠળ કચ્છીના સંશોધનાત્મક કાર્ય ભારત સરકારના ભાષા વિજ્ઞાનીઓના માર્ગદર્શન હેઠળ કચ્છીનું સંશોધનાત્મક કાર્ય થયું છે પણ કચ્છીને આ સિવાયના લાભ મેળવવા માટે કચ્છીને ભાષામાં વર્ગીકૃત કરવા અનિવાર્ય ગણાય. ભાષામાં વર્ગીકૃત થાય તો ભારત સરકારની નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે કચ્છ જિલ્લાનાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોને તેમની માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણનો લાભ મળી શકે. હાલમાં આ લાભથી પ્રાથમિક શિક્ષણ લેતા બાળકો માતૃભાષાના માધ્યમથી વંચિત છે અને લુપ્ત થતી ભાષાને લુપ્ત થવાની સંભાવના જીવંત નહિંવત રહેશે.

કચ્છને સન્માનનીય મોભો મળે તે માટે ઉત્સુક અને ઈચ્છુક કચ્છી ભાષકોએ કાયદાકીય ધોરણોને ધ્યાનમાં લઈને કાર્યવાહી કરવા માટે પ્રયત્ન કરવા માટે આવે તો આ પર્વની ગરિમા જળવાશે. ■

હાર્દિક શુભકામનાઓ સાથે...

**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**

**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

શિક્ષણ

# પ્રા.શિક્ષણ : ગઇકાલ અને આજ અનુભવની એરણે પરિવર્તનની પાંખે

જગદીશચંદ્ર છાયા

*હાલમાં શિક્ષક ઘટ, જિલ્લા ફેરબદલીની સમસ્યાની ચર્ચા ચાલે છે ત્યારે એક નિવૃત્ત શિક્ષકના નાતે શિક્ષણની ગઈકાલનાં સંસ્મરણો અને આજની બદલાયેલી પરિસ્થિતિની આંશિક ચર્ચા રસપ્રદ બની રહેશે એવી આશા છે.*

**અરજી કર્યા વિના નિમણુંક?!**

હું નિવૃત્ત થયો એને દોઢ દાયકો થશે ત્યારે મારી ૪૦ વર્ષની શિક્ષણ યાત્રા પર દૃષ્ટિ કરતાં, ગજબનું પરિવર્તન થયેલું દેખાય છે. મને અરજી કર્યા વિના શિક્ષકની નોકરીનો ઓર્ડર મળ્યો હતો! અરજી તો પછી જૂની તારીખમાં મેં લખી આપી હતી. આટલી હદે નિમણુંક સરળ હતી. આજે આજની પેઢી એ માનવા તૈયાર નહિ થાય, પણ છે સત્ય હકીકત. હા, પ્રથમ મુદ્દતી નિમણુંક મળતી – તા. ૨૮મી એપ્રિલ સુધી. એ વખતે '૨૮-૦૪' વાળા શિક્ષકોએ પણ યુનિયન રચ્યું હતું. તેઓ લડત આપતા.

આજે પ્રાથમિક શાળામાં, ધોરણ ૧ થી ૫ ના શિક્ષક બનવા માટે પી.ટી.સી., ઉચ્ચ પ્રાથમિક શિક્ષક બનવા ધોરણ ૬થી ૮માં બી.એસ.સી. બી.એડ. એટલે ગણિત વિજ્ઞાન શિક્ષક, બી.કોમ.બી.એડ. એટલે સામાજિક વિજ્ઞાન શિક્ષક, એમ.એ. બી.એડ. એટલે ભાષા શિક્ષક. આથી વિશેષ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકના શિક્ષક કે કૉલેજના પ્રોફેસરની લાયકાતોની ચર્ચા અહી અપ્રસુત છે. અહીં આપણે ફક્ત પ્રાથમિક શિક્ષણને ધ્યાનમાં રાખીને વિચારીશું.

આજે ઉચ્ચ ડિગ્રી ઉપરાંત ટાટ, ટેટ પાસ કરવી પડે. એમાં પણ ટકાવારી મુજબ લાંબી યાદી બને. અને જેમને નિમણુંક મળે એમના પર પણ 'લટકતી તલવાર!'

**પરિવર્તનની પાંખે...**

એક સમયે શાળામાં શાળાંત પાસ સ્ટાફ હતો. મારી નિવૃત્તિ પહેલાં મારી શાળામાં આવ્યો એમ.એસસી., એમ.એડ. સ્ટાફ. ક્યાંક તો એમ.ફિલ., પી.એચડી. પણ! કોલેજના પ્રોફેસર થવાની લાયકાત ધરાવતા શિક્ષકો મારા આસિસ્ટન્ટ! મને ક્ષોભ થતો. પછી વિચારતો, પરિવર્તન આમ જ આવતું હશે? હવે તો બી.ઈ. બી.ટેક. ડિગ્રીધારી ઈજનેરો પણ પ્રા. શિક્ષકો બનશે !

**એક ઓરડામાં બે વર્ગ!**

અગાઉ શિક્ષણનાં ખાનગીકરણને પ્રોત્સાહન આપવાની સરકારી નીતિ ન હતી. એટલે સરકારી શાળાઓમાં બાળકોની સંખ્યા બહુ ઘણી હતી. એટલે ઓરડા ઓછા પડતા. એક રૂમમાં 'અ' અને 'બ' એમ બે વર્ગો ચાલે. એટલે એક રૂમમાં શિક્ષકો બે હોય. મારો અનુભવ છે કે એક બેંચ પર અમે બે શિક્ષક ભાઈ-બેન બેસતા! એક રૂમ, બે વર્ગો, બંને શિક્ષકો 'બેંચસ્થ' અને ૮૦+ બાળક 'પટસ્થ!'

એ સમયે 'બાળકોને મારજો' એવો વાલીઓ આગ્રહ રાખતા! 'શિક્ષક પ્રધાન' વ્યવસ્થા હતી. આજે ભૂલેચૂકે હાથ ઉપડી જાય તો પોલીસ ફરિયાદ થઇ શકે છે, મીડિયા 'બ્રેકિંગ ન્યુઝ' બનાવી શકે છે. 'સોટી વાગે ચમચમ : વિદ્યા આવે રમઝમ' ભૂલી જઈએ. સમયને માન આપીએ. એમાં જ સૌનું હિત છે.

શાળા અને મેદાનની સફાઈ બાળકો હોંશે હોંશે કરતાં. એ રીતે એક સુટેવ કેળવાતી. આજે એ શક્ય નથી. બાળક રમતનું પ્યાદું નથી કે એને જેમ ગોઠવવું હોય એમ ગોઠવતા જઈએ. એ સમયે દૈનિક આંક પઠન થતું. એટલે બાળકોને ઘડિયા કડોકડ કંઠસ્થ થઇ જતા. ગુણાકાર, ભાગાકાર દાખલા ગણતી વખતે બાળકોને એનો સીધો લાભ થતો. ગણનમાં ઝડપ આવતી. કાવ્યગાનનો પણ ખૂબ મહિમા હતો.

હું ભણતો ત્યારે શાળામાં જ કચ્છનો ઈતિહાસ અને કચ્છની ભૂગોળ વિષયો શીખવવામાં આવતા. બંને વિષયનાં પાઠ્યપુસ્તકો હતાં. આ વ્યવહારુ જ્ઞાન જીવનમાં બહુ ઉપયોગી જણાયું છે. આવું સ્થાનિક શિક્ષણ ફરી અભ્યાસક્રમમાં દાખલ કરવું જરૂરી જણાય છે. **ઈજીપ્તનાં કેરો વિષે જાણતા હોઈએ પણ કચ્છની એક સમયની રાજધાની કેરા વિષે જાણકારી ન હોય એ કેમ ચાલે?**

**દૂરદર્શનના શૈક્ષણિક કાર્યક્રમો**

શૈક્ષણિક કાર્યક્રમો બાબતે દૂરદર્શનને વર્ષો જૂનો અનુભવ છે. હું તો પ્રારંભથી જ રસમય બાળભોગ્ય શૈલીમાં રજૂ થતાં એ કાર્યક્રમોનો ચાહક અને પ્રસંશક છું. ૧૯૮૭-૮૮માં મારી શાળાનો સમય ૧૧ વાગ્યાનો હોવા છતાં સમૂહમાં બાળકો એ કાર્યક્રમોનો લાભ લઇ શકે એ હેતુ સવારે ૧૦ વાગ્યે શાળા ખોલી નાખતો. એ વખતે ૧૦.૧૫ થી ૧૧ સુધી આ કાર્યક્રમો ટેલિકાસ્ટ થતા. ભુજમાં અમારી શાળામાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓનું પ્રમાણ દોઢ ગણું હોઈ, કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવાના

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૭ ઉપર)

વિચાર મંથન

# અંગ્રેજ સમયના જેલ સુધારણા કાયદો જ સુધારણા માંગે છે

ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં ૧૨ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ કરી ૨૫૭ નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારનાર અને ૭૧૩ લોકોને જખમી કરનાર યાકુબ મેમણને ફાંસી આપવાનો ચુકાદો ટાડા કોર્ટે વર્ષ ૨૦૦૭માં આપ્યો હતો. પણ આ દેશના પ્રામાણિક નાગરિકોનાં ટેક્સના પૈસા વસુલ કરવાનું હજુ બાકી હશે તો છેવટે ૨૨ વર્ષ પછી મેમણને નાગપુરની જેલમાં રૂા. ૨૧.૯ લાખના ખર્ચ ફાંસી આપવામાં આવી.

તારીખ ૨૬-૧૧-૨૦૦૮ના રોજ દરિયા રસ્તે મુંબઈ પહોંચી ૧૬૬ લોકોને હણી નાંખનાર અજમલ કસાબને જેલમાં સાચવવા મહારાષ્ટ્ર સરકારે રૂા. ૨૫ કરોડ ખર્ચવા પડયા!!! ભારતીય સંવિધાનનું રક્ષણ કરવા માટે પ્રવૃત્ત સંસદ ભવન ઉપર જ હુમલો કરનાર અફઝલ ગુરુનું જેલવાસ દરમિયાન જતન કર્યું અને તમામ બંધારણીય વિકલ્પોમાંથી પસાર થતા સુધી રાહ જોઈ છેવટે ૨૦૧૨માં તિહાર જેલમાં ફાંસી બજાવવામાં આવી.

વર્ષ ૧૮૯૪થી અમલી THE PRISONS ACT માં અંગ્રેજોએ નોંધ્યું કે, “A Society gets as many criminals as it deserves” અને આથી સ્વાતંત્ર્યની લડત સમયે આંદામાન નિકોબારમાં કાળા-પાણીની સજા આપતી સિતમ ગુજારતી સેલ્યુલર જેલ વિકસાવવામાં આવી. તે પછી ૬૧ વર્ષે ૧૯૫૫માં The Bombay Jail Manual દ્વારા જેલ સુધારણા અમલી બનાવવાનો પ્રયત્ન થયો.

વાલીયો લૂંટારો વાલ્મિકી બન્યો; તેવા પ્રાચીન પ્રમાણને મધ્યસ્થ રાખી બંદીજનો સમાજનું જ એક અવિભાજ્ય અંગ છે તેવી સામાજિક પ્રતીતિ આપવા રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્ન અને ખર્ચ પ્રારંભ્યો. જેલની સુધારણા સાથે ૧૯૯૩માં Human Right Protection Act નીચે જેલને માનસિક રોગના સારવાર કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યુ; એટલુ નહીં પણ જેલ ખાતાના ઉદ્દેશમાં લખાયુ કે, (૧) નામદાર કોર્ટ દ્વારા ગુનેગારોને કરવામાં આવતી સજાનું પાલન કરવું. (૨) જેલમાં આવેલ કેદીઓની સલામતી જાળવવી. (૩) કેદીઓના શારીરિક, માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરવી. (૪) શિક્ષાના ભાગરૂપે કેદીઓને રોજગારલક્ષી ઉદ્યોગની તાલીમ આપવી. ઉપરાંત (૫) જેલમુક્ત થાય પછી સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેવા સુધારાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવું.

જેલની બદલાયેલ વિભાવનાને આકાર આપવા ગુજરાત રાજ્યે અમદાવાદ વડોદરા ખાતે મધ્યસ્થ જેલ વ્યવસ્થા ઊભી કરી છે. જેમાં મોતની સજા પામેલા, પાંચથી વધુ વખત જેલવાસ મળેલ રીઢા ગુનેગારો તેમજ આજીવન કારાવાસના કેદીઓને રાખવામાં આવે છે. રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર પ્રકારે ૮ જિલ્લા કેન્દ્રોમાં તેમજ પોરબંદર-ભુજમાં ખાસ જેલ, તો અમરેલીમાં ખુલ્લી જેલ અને ૧૧ જિલ્લાઓમાં સબ-જેલ વિકસાવવામાં આવેલ છે. વર્ષ ૧૮૮૧માં સ્થાપિત વડોદરા જેલથી શરૂ કરી ૨૦૦૮માં સ્થપાએલ ગોંડલ સબ-જેલમાં ૭૧૩૧ કેદીઓને સમાવવાની ક્ષમતા છે. પણ જેલખાતાના વાર્ષિક અહેવાલ મુજબ ૧૩૪૬૪ કેદીઓને રાખવા પડે છે. ભારત સરકારના ૭૫% અને રાજય સરકારના ૨૫% ફાળા સાથે જેલ સુધારણા માટે સરકાર વાર્ષિક ૬૮.૮૮ કરોડનો ખર્ચ કરે છે.

જેલ નિવાસ દરમિયાન સવારે ૭ વાગ્યે પ્રાર્થના, યોગ બાદ ચા સાથે ૧૨૫ ગ્રામ નાસ્તો, બપોરે ૩૫૦ ગ્રામ વજનમાં પ્રત્યેક કેદીને દાળ, ભાત, શાક, રોટલી-રોટલા અને ગોળ પીરસવામાં આવે છે. કાચા કામના કેદીઓ સિવાયના બાકીના ઉત્પાદકીય શ્રમ સાથે જોડાય છે અને સાંજના ૪.૩૦થી ૬ દરમિયાન રમત-ગમત, વાંચન, પ્રવચન પ્રકારના કાર્યક્રમો બાદ સાદું ભોજન આપવામાં આવે છે.

વડોદરા જેવી મધ્યસ્થ જેલમાં ૧૨ થી ૧૮ વાહનો રાખવામાં આવ્યા છે. ૨૩૮ કર્મચારીઓ જેલમાં કેદીઓની વ્યવસ્થા કરે છે અને કેદીઓના પુનર્વસનના કલ્યાણકારી ખ્યાલથી જેલમાં સુથારી, વણાટ, બેકરી, પ્રિન્ટીંગ પ્રેસ, ગૌપાલન પ્રકારે ૧૮ થી ૨૦ તાલીમો આપવામાં આવે છે. ઉપરાંત આર્ટ ઓફ લિવિંગ, યોગ, નિરક્ષરતા નિવારણ, વ્યસનમુક્તિ, વાંચનાલય પ્રકારે કાર્યક્રમો સાથે ગુનેગારોને જોડવામાં આવે છે. આવી સાર-સંભાળ હોવા છતાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૯,૮૯૨ દર્દી અને ૨૦૧૩-૧૪માં લગભગ ૨૨,૦૦૦ કેદી દર્દીઓની લેપ્રસી, શ્વાસોશ્વાસ, ન્યુમોનિયા પ્રકારે રોગની સારવાર કરવી પડેલી.

ગુજરાત સહિત દેશના જેલ કાયદાઓમાં ૧૯૯૩ પછી કોઈ નવા સુધારા દાખલ થયા નથી. આથી ખોરાક, માંદગી સહાય, સ્ટાફ, બિલ્ડિંગ નિભાવ, વાહનો પ્રકારે કરોડો રૂપિયાના રોકાણ પછી પણ ગુજરાતની ૨૫ જેલોમાં કેદીઓ દ્વારા ચાલતા ઉદ્યોગો થકી રૂા. ૧.૮ કરોડનો નફો નોંધાયો છે. આ સ્થિતિ વચ્ચે જેલના કેદીઓ ઉપરના માનસ શાસ્ત્રીય અભ્યાસો પરથી ફલિત થાય છે કે માત્ર ૫% કેદીઓ ક્યારેય ગુનો નહીં આચરવાની માનસિકતાથી બહાર આવે છે.

પ્રવર્તમાન ન્યાયિક કાયદાઓની ખામી રહી છે કે ગુનેગાર સજા ભોગવે છે પણ ન તો તેના પરિવારની કાળજી લેવાય છે કે, ન તો ગુનેનારના અમાનવીય વર્તનનો ભોગ બનેલ પરિવારની કાળજી લેવાય છે!! આથી સરવાળે એક ખૂની, પોતાના અને મરનારના – તેમ બે પરિવારને ગરીબી અને લાચારીમાં ઢસડી જાય છે. ગુનેગાર જેલમાં મૃત્યુ પામે તો Human Right Violation હેઠળ જેલ અધિકારી ઉપર પગલા લેવાય છે. આથી રીઢા ગુનેગારો જેલને સુધારણા માટે નહીં, પણ જેલને સુવિધા તરીકે વાપરે છે અને સમાજમાં તંગદિલી ઊભી ને ઊભી જ રહે છે.

વાસ્તવિક્તા વચ્ચે ગુનેગારોની સુધારણાના વિચારને પડતો મૂકી ૨૧મી સદીમાં જેલ વ્યવસ્થાને ગુનેગારો માટેના કાયદાકીય નિવાસની વ્યવસ્થા તરીકે સ્થાપવા નવો કાયદો જરૂરી છે.

ગુનો આચરનાર વ્યક્તિની મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા છીનવી લેવા પૂરતી જેલ કાયદાને મર્યાદિત ન રાખતા ગુનેગારોએ જેલવાસ દરમિયાન પોતાનો ખર્ચ અને જેના ઉપર ગુનો આચરવામા આવ્યો છે તે પરિવારનો આર્થિક બોજો ઉઠાવવાની ફરજ પાડવી જોઈએ અને આથી જ અંગ્રેજોએ વિશાળ પરિસરમાં સ્થાપેલ જેલ ગ્રાઉન્ડમાં ટેક્સ ફ્રી ઝોન કરી લઘુ ઉદ્યોગોને નિમંત્રિત કરી ગુનેગારો ફરજિયાતપણે જાત કમાઈ કરે તેવો આગ્રહ રખાવો જોઈએ. મોટર વાઈન્ડિંગ, ઓટોમોબાઈલ રીપેરીંગ, હીરા ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ ઇન્સ્ટ્રુમેન્ટ રીપેરીંગ જેવા નવા ઉદ્યોગોને તાલીમ અને ઉત્પાદન સાથે જોડવા જોઈએ.

જેમ ધર્મના નામે પાખંડ પોષાઈ રહ્યું છે, તેમ જેલ વ્યવસ્થાના નામે ગુનેગારી પોષાઈ રહી છે જે ચિંતાકારી છે. ત્યારે ચીન સહિત દુનિયાના દેશો હવે જેલને સ્વાવલંબી બનાવી પ્રામાણિક નાગરિકોના ટેક્સને વેડફવાનો રસ્તો ક્રમશઃ બંધ કરી રહ્યા છે અને જેલના કેદીઓને જેલ પરિસરમાં કામઢા માણસ તરીકે પુરવાર કરવાની તક આપી તેને સમાજ ઉપર બોજારૂપ ન બનવાની ફરજ પાડી રહ્યા છે.

નામ 'જેલ સુધારણા' છે પણ ખરેખર ગુનેગારોની માનસિકતામાં ફરક પડતો જ નથી તે જેલ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું જ છે. ત્યારે જેલ સુધારણા કાયદાને ફરી વિચારણા હેઠળ મૂકવામાં આવે તે સમયની માંગ બને છે. Indian Penal Code હેઠળ ગુનેગારને સંરક્ષણ આપનાર પણ ગુનેગાર ઠરે છે. તો જેલ સુધારણાના નામે ગુનેગારોને કામચલાઉ વિસામો આપતી જેલ અને જેલની વ્યવસ્થાને ગુનેગાર ન કહેવી પડે? જેલ સુધારણા વિષયે ફેર વિચારણા કરીને કમ સે કમ પ્રામાણિક અને વફાદારીથી ભરપૂર દેશના નાગરિકોના અધિકારનું જતન થવું જોઈએ.

*મો. : ૯૯૯૯૪ ૬૩૪૯૯*

---

## પ્રા. શિક્ષણ : પરિવર્તનની પાંખે

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

હેતુસર ખાસ કિસ્સામાં અમારી શાળાને ૨૦૦૫માં કોમ્પ્યુટર ફાળવવામાં આવ્યું હતું. હું તો આ બાબતે અભણ હતો પણ ઝુંપડપટ્ટીની અમારી શાળાનાં બાળકોને કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન હતું. હું એમની પાસે બેસીને વિશ્રાંતિ સમયે કોમ્પ્યુટર શીખતો. પછી તો વડોદરાની એક કંપનીએ તમામ ધોરણના બધા જ પાઠ કોમ્પ્યુટર દ્વારા શીખવી શકાય એવા કાર્યક્રમો આપી કોડવર્ડ નાખતાં જ એ કાર્યક્રમો ખૂલી ગયા. મારા આનંદનો પાર ન રહ્યો. પછી તો મેં મારા સ્ટાફ બહેનોને ખાસ આગ્રહ કરીને અપીલ કરી હતી કે આવા સરસ કાર્યક્રમો આપણને મળ્યા છે તો નસીબદાર છીએ. બાળકોને એનો ભરપૂર લાભ અપાવજો.

સમય જતાં તો શાળામાં કોમ્પ્યુટર લેબ પણ આવી ગઈ હતી. આમ સરકારી શાળાઓ આધુનિક સુવિધાઓ ટેક્નોલોજીથી સાધન સંપન્ન છે. ખાનગી શાળાઓનું વળગણ છૂટે ત્યારે જ સરકારી શાળાઓનું મહત્ત્વ સમજાય. પણ વો દિન કહાં...!

જરા ફ્લેશ બેકમાં લઈ જાઉં. ૧૯૮૪માં ઉદયપુર ખાતે એનસીઈઆરટી દ્વારા ૨૧ દિવસીય શિક્ષણ તાલીમ શિબિરમાં ભાગ લેવાનો મને લાભ મળ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાની શિબિરમાં મિઝોરમ સહિત દેશભરમાંથી તાલીમાર્થીઓ જોડાયા હતા. તાલીમના અંતે અમને કેમેરા સમક્ષ અમને આદર્શ પાઠ ભણાવવાની તક મળી હતી. એ વીડિયો પછી શૈક્ષણિક કાર્યક્રમો અંતર્ગત ટેલિવિઝન દ્વારા ટેલિકાસ્ટ થવાનો હતો. જો કે એ વખતે બહુ ઓછાં ઘરોમાં ટીવી હતું એટલે અમે આપેલો પાઠ અમે જ જોઈ શક્યા ન હતા પણ ઓનલાઈન શિક્ષણ આપવાનો આ એક પ્રથમ અને અનોખો અનુભવ ચોક્કસ હતો. ૧૯૮૭-૮૮થી પ્રમાણમાં ઘણાં ઘરોમાં ટીવી આવ્યા.

**આ તો અજબ!**

શાળામાં ફરજના કલાક વધ્યાનો નિર્ણય વધાવ્યો !

મારા કાર્યને સમર્પિત રહેવાની મારી ટેવ છે. એ માટે ક્યારેય મેં ઘડિયાળ તરફ જોયું નથી.

શાળામાં ફરજના કલાક વધ્યા હોવાનો પરિપત્ર બહાર પડતાં એનો ખૂબ વિરોધ થયો હતો ત્યારે હું એક માત્ર શિક્ષક હતો જેણે આ પરિપત્રનું ખુલ્લું સમર્થન કરી, શિક્ષક સમાજની નારાજગી વહોરી લીધી હતી. પણ મારાં મનની વાત જાહેર કરતાં પ્રતિભાવની ચિંતા કરી ન હતી. ■

અડાલજ વાવ

# ગુજરાતમાં આવેલી રૂડીબાઈની વાવ

મનીષ જોશી 'મૌન'

## વાવને જો રીચાર્જ કરવામાં આવે તો પીવાના પાણીની સમસ્યા મહદ્ અંશે ઘટે

થોડા દિવસ પહેલા ગાંધીનગર જવાનું થયું. જે સજ્જનોને મળવાનું હતું તે પૈકી એક મળ્યા. બીજાને કદાચ કામ આવી ગયું હશે એટલે ફોન પણ રીસીવ ના કર્યો. પરંતુ તેને કારણે ગાંધીનગર જિલ્લામાં આવેલી અડાલજની વાવ સુધી પહોંચી શકાયું.

વાવને જોઈ મનને થોડી શાતા વળી. અગાઉ ચાલતા ચાલતા ગંતવ્ય સ્થાને જતા મુસાફરને વિસામો ખાવા વાવ ઉપયોગી બનતી. અડાલજની વાવ એવી જ એક અદ્‌ભુત વાવ છે.

*તેનું મૂળ નામ રૂડીબાઈની વાવ છે. આવો તેના વિશે જાણીએ....*

અમદાવાદ પાસેથી પસાર થતાં સરખેજ-ગાંધીનગર ધોરીમાર્ગ ઉપર ગાંધીનગર તાલુકાનાં અડાલજ ગામમાં આવેલી રૂડીબાઈની વાવને લોકો અડાલજની વાવ તરીકે વધુ ઓળખે છે.

અડાલજ ગામની સીમમાં વીરસંગ વાઘેલાએ પત્ની રાણી રૂડીબાઈ માટે વાવનું બાંધકામ શરૂ કરાવ્યું હતું. પરંતુ યુદ્ધ શરૂ થયું ત્યારે તે યુદ્ધમાં વીરસંગનુ મૃત્યુ થયું હોવાથી વાવનું બાંધકામ અટકી પડેલું. એટલે તેનું સ્વપ્ન અધૂરું રહ્યું હતું. ગાઈડ પાસેથી જાણવા મળ્યા મુજબ મહમદ બેગડો રાણી રૂડીબાઈના રૂપથી અંજાઈ ગયો હતો. તેથી બેગડાએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. પતિનું અધૂરું સપનું પૂરું કરવા માટે રાણી રૂડીબાઈએ શરત રાખી કે જો વાવનું કામ પૂર્ણ કરાવશે તો તે મહમદની સાથે લગ્ન કરશે. પ્રજા કલ્યાણનું કામ પૂર્ણ કરવું તે રાણી માટે મહત્ત્વનું હતું. મહમદ બેગડાએ વાવનું નિર્માણ ઈ.સ. ૧૪૯૯માં પૂર્ણ કરાવ્યા પછી રાણી રૂડીબાઈને જાણ કરી હતી. રાણી વાવનું બાંધકામ જોવા ગયા હતા. રાણીને વાવ બાંધકામનો ઉદ્દેશ્ય પૂર્ણ થઈ ગયાનું જાણતા વાવમાં ઝંપલાવીને આત્મહત્યા કરી હતી. તેથી વાવને રૂડીબાઈની વાવ કહેવામાં આવે છે.

આ વાવનાં નિર્માણમાં તે સમયના અંદાજે ૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

ચુના પથ્થરથી નિર્મિત હિંદુ-મુસ્લિમ સ્થાપત્યકળાના ઉત્કૃષ્ટ નમુના સમાન વાવ પાંચ માળ ઊંડી છે. આ વાવના સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમાના દીકરા મારન હતા. વાવમાં ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર છે. ઉત્તર દક્ષિણ ધરી પર ગોઠવાયેલી આ વાવની કુલ લંબાઈ ૨૫૧ ફૂટ છે, જ્યારે ઉત્તર દિશામાં આવેલા કૂવાની ઊંડાઈ ૫૦ ફૂટ છે. પાંચ માળની આ ઈમારત જમીનમાંના પાણીના પ્રથમ ઝરણા સુધી બનાવવામાં આવી છે. જેના દ્વારા ગરમ અને સૂકા પ્રદેશમાં પાણીનું બાષ્પીભવન થયા વગર પાણી મળતું રહે. પાણીની અછતવાળા પ્રદેશમાં અતિ ઉપયોગી એવા આ પ્રકારનાં સ્થાપત્ય વિશ્વમાં માત્ર ગુજરાત અને રાજસ્થાનમાં જ જોવા મળે છે. જમીનમાં ઊંડા ખોદકામથી માટી ધસી ન પડે તે માટે પથ્થરની દીવાલ ચણવામાં આવી છે, જેને સિમેન્ટ કે સળિયા વગર માત્ર પથ્થરના જ થાંભલા વડે ટેકવવામાં આવી છે. પાંચસો વર્ષ પહેલાં બંધાયેલી આ ઈમારત ધરતીકંપ, પૂર જેવી કુદરતી હોનારતો સામે અડીખમ ઉભી રહી. જે તેના બાંધકામના ઇજનેરી કૌશલ્યનો સચોટ ખ્યાલ આપે છે. વાવમાં પગથિયાં દ્વારા ૫૦ ફૂટ ઊંડા પાણીના કૂવા સુધી પહોંચાય છે, જ્યારે પશુને પાવા માટે તથા સિંચાઈને લગતા પાણી માટે ૧૭ ફૂટ વ્યાસના ગોળ કૂવામાંથી ગરગડી દ્વારા પાણી ખેંચી શકાય તેવી વ્યવસ્થા છે. પગથિયાનાં કૂવાની ફરતે ગેલેરી સ્વરૂપે પથ્થરના ચોતરાઓ અને બેઠકો વિસામા માટે રચવામાં આવી છે. ભારત સરકાર દ્વારા તેને સુરક્ષિત સ્થળ ઘોષિત કરવામાં આવી છે.

વાવ પર માતાજીનું સ્થાનક સ્થાપિત છે. જેમાં પૃથ્વીના ગર્ભમાં જવાના ભાવરૂપે વાવનાં ગોખમાંની માતાજી, ત્રિશુળ, વાઘ, ગાગર વગેરે અને છેક છેવાડેના કૂવાની દીવાલ પરનું ગણેશજીનું શિલ્પ છે. કેટલાક કુટુંબમાં નવ દંપતીને આશીર્વાદ લેવા વાવમાં દર્શન અર્થે લાવવામાં આવે છે.

આવી ઐતિહાસિક ધરોહર સમાન વાવનું પાણી અત્યારે લીલુ જોવા મળે છે. આ વાવ સહિત રાજ્યની વાવોને જો રીચાર્જ કરવામાં આવે તો રાજ્યમાં પાણીની સમસ્યા રહે જ નહીં તે સત્ય છે. પરંતુ પોતાના અંગત સ્વાર્થને છોડી લોકોના હિત માટે કાર્ય કરનાર વીરસંગ વાઘેલા અને તેમના રાણી રૂડીબાઈ જેટલા વિચારશીલ આજે કેટલા છે?

- **સંવેદના :**

*લાકડાંના કીડા આખી ખુરશી ખાઈ જાય છે...*
*અને ખુરશીના કીડા આખા દેશને...*

***'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,***
***સાંઇ મંદિર અને બગીચાની પાછળ,***
***વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.***
***મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮***
***ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in***

સંસ્થા પરિચય

# અધ્યાત્મથી કૌશલ્યતા મેળવવાનું શિક્ષણ : શ્રી રામકૃષ્ણ સેવા ભવન, શ્રી શારદા નિકેતન : બીદડા

નરેશ અંતાણી
સંજય પી. ઠાકર

શ્રી રામકૃષ્ણ પરમહંસ, મા શારદા દેવી અને સ્વામી વિવેકાનંદના વિચારોને ચરિતાર્થ કરવા ગુજરાતમાં શ્રી રામકૃષ્ણ ભાવધારા પ્રચાર પરિષદ કાર્ય કરી રહી છે. આ પરિષદમાં ગુજરાતમાં આ વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતી અનેક જોડાયેલી સંસ્થાઓ પૈકી કચ્છના માંડવી તાલુકાના બીદડા ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થા રામકૃષ્ણ સેવા મંડળ પણ એક છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ અને આપણા વારસાના જતન અને સંરક્ષણની સાથે સ્વામી વિવેકાનંદે આપેલો જીવનમંત્ર 'શિવ ભાવે જીવ સેવા'ને ચરિતાર્થ કરી વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક્તાના સંસ્કાર રેડવાની સાથે સાથે તેઓ જીવનમાં કોઈ પણ કૌશલ્યતા કેળવી આત્મનિર્ભર બને એવી કેળવણી આપવાનો છે.

● **સંગીતના મધુર સ્વરો દ્વારા સ્વાગત :**

સંસ્થાના સંકુલમાં પ્રવેશતા જ એક અલૌકિકતાનો સંચાર થાય એવા શાંત, નીરવ વાતાવરણમાં મંદ મંદ સંગીતનો ગુંજારવ આપણને તરબતર કરી દે છે. તપાસ કરતા જાણવા મળ્યું કે, અહીં સંકુલમાં સવાર - બપોર અને સાંજે પ્રહર પ્રમાણેના સંગીતથી વાતાવરણને ગુંજતું રાખવામાં આવે છે. અહીં અભ્યાસ કરતા બાળકોમાં તેનો ધ્વનિ અવિરત ગુંજતો રહે અને સંગીતના સંસ્કાર મળે અને તેનું મન પ્રફુલ્લિત રહે એ માટે આ પ્રયોગ સફળ રહ્યો છે.

● **નાના અંકુરમાંથી વટવૃક્ષ :**

આ શૈક્ષણિક સંકુલના જનક, નિર્માતા અને નિયામક શ્રીનંદન મુખર્જી પશ્ચિમ બંગાળથી છેક લંડનની ઉચ્ચ શૈક્ષણિક ઉપાધી મેળવી ત્યાંથી મોટા દરમાયાવાળી પ્રાધ્યાપકની નોકરી છોડી સ્વામી વિવેકાનંદના ઉચ્ચ કેળવણીની સાથે કર્મ કૌશલ્યતાના સિદ્ધાંતો અને વિચારોને અમલમાં મૂકવા શોધતા શોધતા છેક દેશના છેવાડાના આ કચ્છ જિલ્લામાં આવ્યા અને આરંભમાં કોડાય સ્વામિનારાયણ ગુરૂકુળ એમ.બી.એ. કોલેજમાં 'હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ' તરીકે જોડાયા અને કચ્છની સર્વપ્રથમ એમ.બી.એ. કોલેજની સ્થાપના કરવાનું માન મેળવ્યું. પરંતુ બાલ્યકાળથી જ રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના વિચારોથી રંગાયેલા હોવાને કારણે કંઈક નવું કરવાની ધૂન સાથે નાનાપાયે બીદડામાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળની સ્થાના સાથે નાની શાળાની સ્થાપનાથી પ્રવૃત્તિનો આરંભ કર્યો અને આ નાના આયામને સ્વ. કાંતિસેનભાઈ શ્રોફ, દીપેશભાઈ શ્રોફ, પ્રીતિબહેન શ્રોફ (એગ્રોસેલ પ્રા.લિ.), દેવેન્દ્રભાઈ શાહ (લીલાધર પાસુ), પ્રમેશભાઈ વેદ (રોયલ પેટ્રો સ્પે. પ્રા.લિ.) સહિત અનેક અગ્રણીઓનું પીઠબળ મળ્યું ને એક નાનું બીજ આજે વિશાળ વટવૃક્ષ બની ઊભું છે. આ શાળા સંકુલને શ્રી શારદા નિકેતન નામ આપવામાં આવ્યું છે.

● **પાયાથી જ અધ્યાત્મ સંસ્કાર :**

શાળા સંકુલમાં પ્રવેશતા જ એક નાનું પણ અતિ સુંદર શ્રી રામકૃષ્ણ દેવનું મંદિર નજરે પડે છે. અહીંથી બાળકોની નિત્ય પ્રવૃત્તિનો આરંભ થાય છે. સવાર-સાંજ નિયમિત પૂજા-આરતી કરવામાં આવે છે. અહીં રામકૃષ્ણ દેવની સાથે મા શારદાદેવી અને સ્વામી વિવેકાનંદજીની પણ પૂજા કરવામાં આવે છે. મંદિરમાં શ્રી રામકૃષ્ણ મઠ અને મિશનમાં ઉજવાતાં દરેક તહેવાર અને તિથિને મનાવવામાં આવે છે.

હકીકતોનો સંગ્રહ, ચારિત્ર્ય નિર્માણ અને આત્મ સાક્ષાત્કાર, આત્મવિશ્વાસ, મજબૂત ચારિત્ર્ય અને જવાબદાર નાગરિકની વિભાવના અહીંની શિક્ષણ પછવાડેના મુખ્ય બિંદુ છે. અનુભવજન્ય કેળવણી અહીંનું હાર્દ છે. આદર્શ વિદ્યાર્થીના ઘડતર માટે ૧૬ મુદ્દાની ફોર્મ્યુલા અપનાવાઈ છે જે મૂલ્ય શિક્ષણ અને મનુષ્ય ઘડતરનો પાયો બને છે. દરેક બાળક આગવું વ્યક્તિત્વ ધરાવે છે અને તેને સમજીને માવજત લેવામાં આવે છે.

અહીં બાલ મંદિર તેમજ ધોરણ-૧થી ૧૦ સુધી શિક્ષણ આપવામાં આવે છે. દરેક વર્ગમાં માત્ર અઢાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો એક ચોક્કસ હેતુ સાથે નિયમ બનાવાયો છે જેથી દરેક બાળક પર વ્યક્તિગત ધ્યાન આપી શકાય. અહીં માત્ર ૧૮૦ બાળકો અભ્યાસ કરે છે. જે પૈકી બન્ની, પચ્છમ અને લખપત જેવા દુર્ગમ વિસ્તારોમાંથી આવતાં પચાસ બાળકો અહીં શાળા સંકુલમાં જ નિર્માણ કરાયેલા કુમાર તથા કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. અહીં અભ્યાસ કરતા બાળકોને બીદડા તથા આસપાસના નાના ભાડિયા, મોટા ભાડિયા, ગામોમાંથી લાવવા-મૂકવા માટે સંસ્થા દ્વારા જ શાળા બસની સુવિધા કરવામાં આવી છે. એમાં પણ સ્થાનિક બાળકોને સાઈકલ ચલાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

● **અનોખી શિક્ષણ પદ્ધતિ :**

શાળાની અભ્યાસ પદ્ધતિ પણ અનોખી છે. ધોરણ પાંચથી ધોરણ દસ સુધીના વર્ગોમાં તાસ બદલાય ત્યારે શિક્ષકો વર્ગમાં નથી જતા પરંતુ દરેક વિષયના જુદા જુદા વર્ગખંડ બનાવાયા

છે. એટલે જે વિષયના તાસ હોય એ ખંડમાં વિદ્યાર્થીઓ જાય છે. શિક્ષક એ જ ખંડમાં હોય છે. એટલે વિદ્યાર્થીઓને એક ખંડમાં આખો દિવસ બેસાડી રાખવાને બદલે જુદા જુદા વિષયના વર્ગમાં જવાનું હોવાથી વાતાવરણનો બદલાવ મળે છે. વળી દરેક વિષયના વર્ગમાં તે વિષય મુજબનું વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું છે. સાથે વિષય ઉપયોગી સ્માર્ટ બોર્ડ સહિતની શૈક્ષણિક સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવાઈ છે. એટલે વિદ્યાર્થીઓની અભ્યાસમાં રૂચિ પણ કેળવાય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. દરેક વર્ગમાં બેઠક વ્યવસ્થા પણ જુદી જુદી રાખવામાં આવે છે. દરેક વર્ગની પાટલીઓના રંગ જુદા જુદા રાખવામાં આવ્યા છે. જેથી તેમાં પણ વિદ્યાર્થીઓ પરિવર્તન અનુભવી શકે. સંસ્કૃત વિષયમાં પરંપરાગત ભારતીય બેઠકમાં બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**● કલા-સંસ્કૃતિનો પરિચય :**

શારદા નિકેતન શાળામાં વિવિધ તહેવારો અને છ ઋતુઓની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવે છે. જેથી બાળકો આપણી સભ્યતા, સંસ્કૃતિ અને પરંપરાને જાણે. આ ઉપરાંત શાળામાં હેરીટેજ વીક, ભૂગોળ મેળો, કલા અને હસ્તકલા મેળા વગેરેની ઉજવણી કરવામાં આવે છે. અહીં અભ્યાસ કરતાં બાળકો આપણા પ્રાચીન દેશને ઓળખે, તેની સંસ્કૃતિ, ઇતિહાસ, પુરાતત્ત્વ, શિલ્પ-સ્થાપત્ય, ભાષા, રહેણીકરણી વગેરેથી પરિચિત થાય એ માટે શાળાના તમામ બાળકોને વર્ષમાં એકવાર ભારત દર્શન માટે દેશના વિવિધ રાજ્યોના પ્રવાસે લઈ જવામાં આવે છે.

**● પર્યાવરણનું જતન અને સંવર્ધન :**

શાળા સંકુલમાં પર્યાવરણના જતનનું પણ પૂરું ધ્યાન આપવામાં આવે છે. આ માટેના સંસ્કારો બાળકોને પાયાથી જ મળે એ માટે તેના ખાસ વર્ગો લેવાય છે. તેની સાથે સાથે તેના સફળ પ્રયોગો પણ કરાયા છે. શાળાના દરેક વર્ગ તથા દરેક ઈમારત પર પડતાં વરસાદના પાણીનો પૂરો સંગ્રહ કરવા માટે દરેક ઈમારત અને વર્ગની નીચે વરસાદી પાણીના સંચય માટે વિશાળ ટાંકા નિર્માણ કરાયા છે. આથી વર્ષ દરમિયાન વરસાદી પાણીનો ઉપયોગ કરવામાં આવે. શાળા સંકુલમાં આવેલ કીચન ગાર્ડન, વૃક્ષો અને ફૂલછોડને પાણી આપવા માટે સંકુલના ગંદા કે વપરાશમાં લીધેલા પાણીના વ્યવસ્થાપનની પણ ખાસ વ્યવસ્થા કરાઈ છે.

**● પ્રાચીન અને અર્વાચીનતાનો પરિચય કરાવતું સ્થાપત્ય :**

શાળાના વિદ્યાર્થીઓ આપણા પ્રાચીન અને આધુનિક બંને સ્થાપત્યનો પરિચય મેળવી શકે એ માટે શ્રીનંદન મુખર્જીએ ખાસ ખ્યાલ રાખ્યો છે. શાળા સંકુલના દરેક ભવનના નિર્માણ માટે વાપરવામાં આવેલું લાકડું જૂની ઈમારતોમાંથી નીકળેલાં લાકડાનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. આખાય કચ્છમાં ફરી ફરીને જૂની હવેલી તથા ઈમારતોનું લાકડું ખરીદી શાળા સંકુલમાં ખાસ તૈયાર કરવામાં આવેલા વર્કશોપમાં તેને ઉપયોગમાં લેવાય તેવા બનાવવામાં આવે છે. સંકુલના દરેક ભવન તથા વર્ગખંડમાં જૂના કલાત્મક અને નકશી ધરાવતાં બારી દરવાજાનો ઉપયોગ એક તરફ, તો બીજી તરફ આધુનિક બારી દરવાજા લગાવી બંનેનો સમન્વય કરવામાં આવ્યો છે.

**●પ્રબુદ્ધ કચ્છ :**

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ દ્વારા બીદડા ખાતેના શાળા સંકુલ ઉપરાંત 'પ્રબુદ્ધ કચ્છ' નામનો એક ખાસ પ્રોજેક્ટ પણ કાર્યરત છે.

સ્વામી વિવેકાનંદના વિચારો, ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન વારસાને કચ્છના છેવાડાના અને દુર્ગમ પ્રદેશના બાળકોને પરિચય કરાવી શકાય એ માટે ખાસ પ્રબુદ્ધ કચ્છનો આરંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દ્વારા કચ્છના બન્ની, પચ્છમ અને લખપત વિસ્તારની (૫૦) પચાસથી વધારે શાળાઓના આઠ હજારથી વધુ વિદ્યાર્થીઓને આવરી લેતા આ પ્રોજેક્ટ અંતર્ગત આ શાળાઓમાં સંસ્થાના ખાસ નિમણુંક પામેલા તાલીમબદ્ધ શિક્ષકોને મૂકવામાં આવે છે અને તેઓ આ બાળકોની વચ્ચે જઈને વિજ્ઞાન પ્રવૃત્તિ, પર્યાવરણનું શિક્ષણ, સંગીત તથા ચિત્રની તાલીમ તથા તેની સ્પર્ધાઓ, ભારત દર્શન માટે પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો, કલા અને સંસ્કૃતિને લગતી તાલીમ તથા વર્કશોપ, રમતગમત, આપણા પરંપરાગત તહેવારોની ઉજવણી અને તેની પાછળ રહેલા હેતુની સાચી સમજ આપવાની સહિતની અનેક પ્રવૃત્તિઓ કરે છે.

આમ, ભારતીય સંસ્કૃતિ, કલા વારસાનો પરિચય, આધ્યાત્મિક સંસ્કાર તથા કલા કૌશલ્યના વિકાસ માટે આવા અનેક આયામો આ પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરવામાં આવે છે.

**● શિવ ભાવે જીવ સેવા :**

શ્રી રામકૃષ્ણ પરમહંસ, મા શારદા દેવી તથા સ્વામી વિવેકાનંદે ચીંધેલા શિવભાવે જીવ સેવાના મંત્રને ચરિતાર્થ કરવા આ સંસ્થા દ્વારા જનસેવાની પણ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. એ અંતર્ગત જરૂરિયાતમંદ પરિવારોને દર માસે રાશન કીટ આપવામાં આવે છે. હાલ તેનો લાભ પંદરથી વધારે પરિવારોને આપવામાં આવે છે. આ ઉપરાંત જરૂરિયાતમંદોને સ્વેટર, ધાબળા વગેરે પણ આપવામાં આવે છે. ■

વ્યક્તિ વિશેષ

## અંધત્વ નિર્મૂલન માટે અડધી સદીથી કાર્યરત
# ડૉ. બી.કે. જૈન (બુધેન્દ્ર વોરા)ને પદ્મશ્રી સન્માન

રોહિત શાહ

સંસારમાં સાચું સન્માન એ છે, જેમાં વ્યક્તિને જ્યારે કોઈ સન્માન એનાયત થાય ત્યારે એ સન્માન સ્વયં ભોંઠપ કે ઝાંખપ અનુભવે; પરંતુ એ સન્માનનું પણ સન્માન વધે! જ્યારે કોઈ સાચી અને યોગ્ય વ્યક્તિને કોઈ સન્માન એનાયત થતું હોય છે, ત્યારે સન્માનની છાતી પણ ગજગજ ફૂલતી હોય છે

૨૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભારત સરકાર દ્વારા કેટલીક વિરલ અને વિશિષ્ટ વ્યક્તિઓ માટે પદ્મ પુરસ્કારનું એનાઉન્સમેન્ટ થયું. એમાં એક નામ હતું ડૉ. બી. કે. જૈન (બુધેન્દ્ર દલસુખભાઈ વોરા)નું.

આધુનિક ઑપ્થેલ્મિક મોડ્યુલર ઑપરેશન થિયેટર્સમાં દર વર્ષે દોઢ લાખથી વધુ નેત્ર-શસ્ત્રક્રિયા દ્વારા લાખો દૃષ્ટિહીન લોકોને નેત્રજ્યોતિ આપવાની સંનિષ્ઠ સેવાઓ આપી રહેલા ડૉ. બી. કે. જૈનને પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ ભારત સરકાર તરફથી પદ્મશ્રી સન્માનથી પુરસ્કૃત કરવાની જાહેરાત થઈ છે. આગામી એપ્રિલ માસમાં રાષ્ટ્રપતિના હસ્તે તેમને આ ઍવૉર્ડ એનાયત થશે.

**કોણ છે આ ડો. બી. કે. જૈન? સમગ્ર કચ્છ જિલ્લાનું ગૌરવ બનેલા ડો. બી. કે. જૈનનો વિસ્તૃત પરિચય આપવા માટે તો સ્વતંત્ર ગ્રંથ લખવો પડે!** અહીં એમના પરિચયની નાનકડી ઝલક પ્રસ્તુત છે.

ડૉ. બી.કે. જૈનનો જન્મ ૫મી ડિસેમ્બર ૧૯૪૮ના રોજ મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. તેમનો ઉછેર સતના, મધ્યપ્રદેશમાં થયો હતો. તેમના પિતા સ્વ. દલસુખલાલ જૈન વેપારી હતા અને માતા ગૃહિણી હતા. તેમના વડવાઓ કચ્છ, ગુજરાતમાંથી સ્થળાંતર કરીને સતના મધ્યપ્રદેશ ખાતે સ્થાયી થયા હતા. ત્યાં એમણે વ્યવસાય શરૂ કર્યો. દલસુખભાઈ વોરાનો સમગ્ર પરિવાર રણછોડદાસજી મહારાજ 'ગુરુદેવ'નો પરમ ભક્ત હતો અને દર વર્ષે ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુનાં દર્શને અચૂક જતો.

સંત રણછોડદાસજી દ્વારા ચિત્રકૂટના જાનકી કુંડમાં સ્થાપિત, સદગુરુ નેત્ર ચિકિત્સાલયના નિર્દેશક અને ટ્રસ્ટી ડૉ. બી. કે. જૈન અડધી સદીથી નિષ્ઠાપૂર્ણ નેતૃત્વ કરી રહ્યા છે. **મૂળ બેલાના વતની ડો. બી. કે. જૈન (બુધેન્દ્ર દલસુખભાઈ વોરા)એ એસ.એસ. મેડિકલ કોલેજ - રેવા ખાતે અભ્યાસ કર્યો. ૧૯૬૮થી ૧૯૭૩ દરમિયાન એમ.બી.બી.એસ. પૂર્ણ કર્યું અને ૧૯૭૪માં શ્રી સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટમાં જોડાયા.** અહીં ગ્રામીણ ક્ષેત્રના પુઅર પેશન્ટોની તદ્દન મફત સેવા-સારવાર કરવાનું શરૂ કર્યું. ૧૯૭૭માં તેઓ ડી.ઓ.એમ.એસ. માટે મુંબઈની કૉલેજ ઑફ ફિઝીશિયન એન્ડ સર્જનમાં જોડાયા. ૧૯૭૯માં તબીબી શિક્ષણ પૂર્ણ કરી ચિત્રકુટ પાછા ફર્યા અને પુનઃ સેવાયજ્ઞ શરૂ કર્યો. **આમ તો એમણે ગાંધીધામમાં વ્યવસાયિક પ્રેક્ટિસ કરવાનું આયોજન કર્યું હતું, પરંતુ ધર્મગુરુ જૈનાચાર્ય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર એમણે ચિત્રકુટમાં સેવાઓ આપવાનો સંકલ્પ કર્યો હતો.**

૧૯૮૭માં તેઓ સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા. શસ્ત્રક્રિયાઓ, હોસ્પિટલનું સંચાલન તેમજ અન્ય સેવાઓની જવાબદારી એમણે નિભાવી. તે સમયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગરીબ અને સંત સેવા, શિક્ષણ વગેરે જેવા અન્ય કાર્યો સાથે ટ્રસ્ટ સામેલ હતું . શ્રી સદગુરુ સેવા સંઘ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેઓ આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, ડેરી ફાર્મિંગ, રાહતકાર્યો અને કૃષિ વગેરે પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયા.

**મધ્યપ્રદેશના ચિત્રકુટમાં ૧૪૦ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો છે અને ૨૬ મોડેલ ઓપરેશન થિયેટરમાં સર્જરી થાય છે. મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં કુલ ૧૩૦ પ્રાથમિક નેત્ર-ચિકિત્સા કેન્દ્રો અંતર્ગત દર વર્ષે ૪૫૦૦થી વધુ નેત્ર કેમ્પો યોજવામાં આવે છે. આંખના સૌથી વધુ ઓપરેશન કરવા બદલ આ સંસ્થાનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયેલું છે.**

ડૉ. બી. કે. જૈન ઉત્કૃષ્ટ અને સેવાભાવી નેત્રચિકિત્સા અને અન્ય સેવાઓ બદલ ઑલ ઇન્ડિયા ઑપ્થેલ્મિક સોસાયટી તરફથી 'લાઇફ ટાઇમ એચિવમેન્ટ ઍવૉર્ડ' મેળવી ચૂક્યા છે. એમણે અનેક પ્રેઝન્ટેશન અને સંશોધનપત્રો રજૂ કર્યા છે. નેત્રચિકિત્સા માટે સદગુરુ નેત્ર ચિકિત્સાલયને તેઓ વૈશ્વિક ફલક પર મૂકવા માગે છે.

એમની નિઃસ્વાર્થ સેવા આઈ કેર, જનરલ હેલ્થ કેર, શિક્ષણ, પશુસંભાળ અને ડેરીવિકાસ, મહિલા સશક્તિકરણ, કૃષિ અને પૃથ્વી સંરક્ષણ સુધી વિસ્તરી છે. જે અહીં ચિત્રકુટ અને આસપાસના વિસ્તારમાં આશીર્વાદરૂપ પુરવાર થઈ છે.

ગુરુવાણીએ એમને ચારિત્ર્યવાન અને વિનમ્ર વ્યક્તિ બનવા માટે પ્રભાવિત કર્યા હતા. અર્થોપાર્જન કરવું એ તો

સાવ સામાન્ય વાત છે, કોઈ મજૂર પણ રોટલા તો રળી ખાતો હોય છે! પણ ઉત્કૃષ્ટ માનવસેવા અને જીવદયા ધર્મ નિભાવીને પુણ્યનું ઉપાર્જન કરવું એ બહુ મોટી વાત છે એવું ગુરુ પાસેથી એમણે જાણ્યું. તેઓ ગુરુના સાંનિધ્યમાં માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બિહારનાં ગામડાઓમાં નેત્રસંભાળ શિબિરોમાં સેવાઓ આપીને ઉછર્યા હતા. બાળપણથી જ એમણે નેત્ર-ચિકિત્સક બનવાનું નક્કી કર્યું હતું. જ્યારે તેઓ એમબીબીએસ પૂર્ણ કરીને ગુરુદેવને મળવા ગયા ત્યારે ગુરુદેવે કહ્યું કે 'ચિત્રકુટની શિબિરો તબીબી સેવા માટે તમારી રાહ જોઈ રહી છે. એ માટે તમારી જાતને તૈયાર કરો. એટલું જ નહીં યથાશક્ય સંનિષ્ઠ સેવાઓ આપીને તમારી જાતને પુરવાર પણ કરો!' ગુરુજીના આ આદેશે એમનું જીવન બદલી નાખ્યું. એ માત્ર આદેશ નહોતો, પ્રેરણાનો ધોધ હતો. એમણે ગરીબ માનવકલ્યાણ અને માનવસેવાના ઉમદા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને સેવા પ્રવૃત્તિઓ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું. રાત-દિવસ જોયા વગર, ઠંડી-ગરમી કે વરસાદની ઋતુની પરવા કર્યા વગર એમણે માત્ર સેવાયજ્ઞને પ્રાધાન્ય આપ્યું.

૨૦૦૧માં અનેક સંશોધનો બાદ ડૉ. જૈને સેન્ટર ફોર કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજી ડિપાર્ટમેન્ટનો પ્રારંભ કર્યો. અનેક તબીબો તૈયાર કર્યા. એમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી ટીમ દ્વારા **આ સેન્ટરના ઉપક્રમે ૩૫૦૦ વાર્ષિક શિબિરો દ્વારા ૯૦,૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવી છે.** ગરીબ દર્દીઓ માટે આ સેન્ટર આશીર્વાદરૂપ છે.

ડૉ. બી.કે. જૈન વિવિધ પ્રકારના મોતિયા અને પીડિયાટ્રિક ઓપ્થેલ્મોલોજી, ગ્લુકોમા સારવાર મેનેજ કરવામાં અત્યંત કુશળ છે. **નેત્ર ચિકિત્સામાં વિશેષતા પ્રાપ્ત કર્યા પછી તેણે આંખનાં ૧,૫૦,૦૦૦થી વધુ ઓપરેશનો કર્યા છે.**

જાનકીકુંડ ચિકિત્સાલય નામની જનરલ હૉસ્પિટલની સ્થાપના કરીને દલિત સમુદાય માટે ચિત્રકુટ નજીકના પ્રદેશના ગરીબ દર્દીઓ માટે તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. એટલું જ નહીં, સ્ત્રી રોગ વિજ્ઞાન વિભાગ, ઓર્થોપેડિક, બાળરોગ, ENT, હોમિયોપેથી, આયુર્વેદ, નેચરોપેથી, ફિઝિયોથેરાપી, ડેન્ટલ, પેથોલોજી અને ડાયગ્નોસ્ટિક્સ, બ્લડ બેંક, પીસીઆર લેબ વગેરે સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી છે.

નેત્રચિકિત્સા કરતાં-કરતાં ત્યાંના લોકોની સમસ્યાઓનો અભ્યાસ પણ કર્યો. મુખ્ય સમસ્યા શિક્ષણના અભાવની હતી. એટલે નેત્ર ચિકિત્સાની સાથે સાથે ગ્રામીણ સમુદાયનાં બાળકોના શિક્ષણ માટે હિંદી અને અંગ્રેજી માધ્યમની, પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક સુધી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી. એમની સેવાઓ પર હજી પૂર્ણવિરામ આવ્યું નહોતું. એમણે ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન અને નર્સિંગ, પેરા મેડિકલ ક્ષેત્રે ડિપ્લોમા કાર્યક્રમો અને ગ્રામીણ યુવાનો માટે કોમ્પ્યુટર વિજ્ઞાન વગેરેની પણ સ્થાપના કરી. ૪૦૦૦થી વધુ લોકોને શિક્ષિત કરી રહ્યા છે. જેમ જેમ સેવાકાર્ય આગળ વધતું ગયું તેમ તેમ નવી દિશાઓ પણ ખૂલતી ગઈ. હવે વિદ્યાર્થીઓ તેમજ અશિક્ષિત ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે ડૉ. જૈને કૌશલ્ય પ્રદાનનો કાર્યક્રમ શરૂ કર્યો. એમાં સીવણ કળા, સ્ટીચિંગ, બ્યુટિશિયન, ફૂડ પ્રોસેસિંગ, હાઉસહોલ્ડ પ્રોડક્ટ વગેરે આધારિત વ્યવસાયિક તાલીમ આપવાનું શરૂ કર્યું અને ઉત્પાદન માટે પ્રોત્સાહન આપીને ઉત્પાદનમાં મદદ અને સમર્થન પ્રદાન કરવાનો પ્રારંભ કર્યો. આજે ૫૦૦થી વધુ મહિલાઓ પ્રશિક્ષિત છે અને સ્વ-રોજગાર દ્વારા પોતાના પરિવારનો નિર્વાહ કરે છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ કર્યો છે, એવો સંકલ્પ બી. કે. જૈને તો વર્ષોથી અમલમાંય મૂકી દીધો છે! હજી વિશેષ આનંદ થાય એવી એક વાત સાંભળો. એમના અથાગ પ્રયાસોથી ગૌસેવા કેન્દ્રની સ્થાપના પણ થઈ છે જ્યાં તરછોડાયેલી અને દૂધ ન આપતી ૧૨૦૦થી વધુ ગાયોને આશ્રય સાથે આહાર અને આરોગ્ય સહાય મળે છે. સૌર ઊર્જા ઉત્પાદન, જૈવિક ખેતી, વૃક્ષારોપણ, વરસાદી પાણી જેવી બબતોમાં એમણે નોંધપાત્ર કામ કરીને સાચા અર્થમાં ગ્રામોદ્ધાર કર્યો છે. ગ્રામીણ ગરીબો માટે ઈશ્વરનું સ્વરૂપ બનેલા ડૉ. બી. કે. જૈન જેવા મહાનુભાવને પદ્મશ્રી મળે એમાં પદ્મશ્રીનું પોતાનું ગૌરવ વધ્યું છે. ■

## ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર ૩ વર્ષની ઉંમરનો થાઈલેન્ડનો 'કિંગકોંગ' પાડો ૬ ફૂટ ૮ ઇંચની ઊંચાઈને કારણે દુનિયાનો સૌથી ઊંચો પાડો બનેલ છે. એટલે જ તેને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન આપવામાં આવ્યું છે. તે રમવાની સાથે કેળા ખાવાનું ખૂબ પસંદ કરે છે.

ગીનીસ બુકના જણાવ્યા અનુસાર, થાઈલેન્ડના નિનલાની ફાર્મનો રહેવાસી આ પાડો સામાન્ય કરતા ૨૦ ઇંચ લાંબો છે. જ્યારે ૧ એપ્રિલ ૨૦૨૧ના રોજ તેનો જન્મ થયો ત્યારે જ તે સામાન્ય પાડા કરતાં મોટો હોવાનું સામે આવ્યું હતું.

તેની સારસંભાળ રાખનાર વ્યક્તિએ જણાવ્યું કે 'કિંગકોંગ' ભલે જાયન્ટ હોય પરંતુ તેનો સ્વભાવ પાલતુ ડોગ જેવો હોય છે.

વ્યક્તિ વિશેષ

# રજવાડી માણસ : બુદ્ધિચંદભાઈ મારૂ

વસંત મારૂ

તાજેતરમાં જ ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી થઈ. આજે વાત કરવી છે બુદ્ધિચંદભાઈ મારૂની કારણકે ગુજરાતી ભાષા ને વિશ્વના ઘરે ઘરે પહોંચાડનાર “શેમારૂ”ના સ્થાપક બુદ્ધિચંદભાઈ ગુજરાતી ભાષાના મશાલચી છે. આજે ગુજરાતી નાટકો, ગુજરાતી ફિલ્મો, કે શેમારૂ OTT પર ગુજરાતી સિરીયલ્સને મૂકી, વિસરાતી ભાષાને સાચવવાનું - પોંખવાનું કામ શેમારૂ કરે છે.

પહાડી અવાજ, ફિલ્મી હિરોને ટક્કર મારે એવો શારીરિક બાંધો, તીવ્ર યાદ શક્તિ અને સંગીત અને ગુજરાતી સાહિત્યની ઉંડી સમજ – એ બુદ્ધિચંદભાઈની પર્સનાલિટીના મુખ્ય અંશ છે.

પિતા હીરજીબાપાએ માત્ર હાલાપુરનાજ નહીં સમગ્ર કચ્છના પંચાયત રાજ્યમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. કદાચ આઝાદીની લડાઈમાં પણ સક્રિય હશે. આર્થિક રીતે સધ્ધર પિતા હીરજીબાપાએ બુદ્ધિચંદભાઈને નાનપણમાંજ મુંબઈ - માટુંગા બોર્ડિંગમાં દાખલ કર્યા. આ વાત કદાચ સિત્તેર વર્ષ પહેલાની હશે. ત્યારે અને ત્યારબાદ માટુંગા બોર્ડિંગે કચ્છના વિદ્યાર્થીઓની માવતર બની જીવન કંડારવા ચાવી રૂપ ભૂમિકા ભજવી છે.

બુદ્ધિચંદભાઈને નાટક, સંગીત, સાહિત્યમાં પહેલેથી સમજ હશે અને બોર્ડિંગમાં એને ધાર મળી. એમના માટે બોર્ડિંગ કળાને ખીલવાનું ઉપવન બની ગયું. અને દેવયોગે અનાયાસે એ સાહિત્યના વ્યવસાય સાથે જોડાઈ ગયા. સાહિત્યનો વ્યવસાય એટલે પુસ્તકાલય/લાઈબ્રેરી. ભુજપુરના મનુભાઈ અને ગાંગજીભાઈ શેઠિયા સાથે લાઈબ્રેરી શરૂ કરી!

‘શેઠિયા‘ અને ‘મારૂ’ના શબ્દો લઈ “શેમારૂ” નામની લાઈબ્રેરી સાઉથ બોમ્બેમાં શરૂ કરી. આજથી પચાસ સાઠ વર્ષ પહેલા ભારતમાં ટી.વી. નું આગમન થયું નો’તું. લોકો ચિક્કાર વાંચતા હતા. એમની વાંચન ભૂખ સંતોષવા શેમારૂ દેશ વિદેશના પુસ્તકો મંગાવી લોકોને આપતા.

પછી દેશમાં ટેલિવિઝન અને વિદેશમાં વીડિયોનું આગમન થયું. હજી દેશમાં વીડિયો કેસેટ અને પ્લેયર આવ્યા નહોતા. એવા સમયે સંખ્યાબંધ વિદેશી ફિલ્મોની વીડિયો કેસેટ મંગાવી મોટા ફિલ્મ નિર્માતા, લેખકો અને સાહિત્યકારોને આપતા અને એમાંથી ફિલ્મો બનવા લાગી અને આધુનિક ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પાયો નખાયો.

પછી તો કચ્છી કંપની શેમારૂએ સંખ્યાબંધ હિંદી ફિલ્મોના રાઈટસ મેળવી દેશભરમાં વિતરણ કરવા લાગી. શેમારૂએ હરણફાળ ભરી દેશ વિદેશમાં ડંકો વગાડ્યો. મોટા ભાગના ગુજરાતી નાટકો, સંગીત ઈત્યાદિનું શૂટિંગ કરી, વિશ્વભરમાં ગુજરાતી ભાષાના રસિયાઓને જલસો કરાવી દીધો.

બુદ્ધિચંદભાઈ સાથે એમના ભાઈઓ રમણભાઈ અને અતુલભાઈએ ખૂબ જહેમત કરી હિંદી ફિલ્મો, ગુજરાતી નાટકો અને સંગીતને ઘરે ઘરે પહોંચતું કર્યું. બુદ્ધિચંદભાઈ નિવૃત્ત તો થયા પણ કચ્છના દરેક નામી અનામી કલાકારોને આર્થિક પીઠબળ પૂરું પાડી એમને ઉગવાનો અવસર આપ્યો.

બુદ્ધિચંદભાઈ રજવાડી સ્વભાવના મોજીલા માડુ. કોઈ પણ સારું પુસ્તક પ્રકાશિત થાય તો જથ્થાબંધ કોપીઓ મંગાવી મિત્રો, રસિકોને ભેટ મોકલે. સંગીત અને નાટકો માટે વિશેષ ભાવ. એટલેજ કચ્છ યુવક સંઘની શેમારૂ એકાંકી સ્પર્ધા માટે લાગલગાટ ત્રણેક વર્ષ સ્પોન્સર કરી આયોજક પરેશભાઈ શાહને છૂટો દોર આપ્યો. કમનસીબે કોરોનાને કારણે સ્પર્ધા બંધ થઈ અને સમય પણ ૩૬૦ ડિગ્રીએ ફરી ગયો.

આ રજવાડી માણસને મળવાનો અવસર પણ ભાષા દિવસની પૂર્વ સંધ્યાએ એક રજવાડી લગ્નમાં જ મળ્યો. હાલાપુરના હેમંતભાઈ અને હર્ષાબેનના દિકરા પરીનના લગ્ન નાની ખાખરના છાયાબેન વિરેનભાઈ દેઢિયાની દિકરી હિલોની સાથે યોજાયા હતા. લગ્ન પણ સાચા અર્થમાં રજવાડી હતા. સહારા ઈન્ટરનેશનલ હોટેલના પાંચ સાત હજાર સ્કવેરફૂટના સફાયા બોલરૂમનું વાતાવરણ દિલના તારને ઝણઝણાવી દે એવું હતું. કારણકે ત્યાંનું ઑરકેસ્ટ્રા, વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટ વગાડતા કલાકારોના હાવભાવ, ઈન્સ્ટ્રુમેન્ટ પર ફરતી આંગળીઓ, કલાકારોની મસ્તીથી વાતાવરણ ખુશનુમા બની ગયું હતું.

આવા વાતાવરણમાં સ્વજનોને મળવાનો ઉમળકો ઉભરાઈ આવતો હતો. એમાંય પંગત સિસ્ટમથી ગોઠવાયેલ ડિનર ટેબલ અને એના પર મૂકેલ મેનુ વાંચી વેઈટ્રેશોના હસતા મુખે આગ્રહ કરીને પીરસવાની અદા રજવાડી ઠાઠમાઠનો અનુભવ કરાવતી હતી. વર વધુના હસતા ચહેરા સ્ક્રીન પર જોઈ તાજગીનો અનુભવ થતો હતો. શબ્દોના આડંબર વગર સીધી સાદી કંકોતરીમાં એક નામ બહુ હૃદયસ્પર્શી હતું. સામાન્ય રીતે કંકોત્રીમાં દિકરી જમાઈ અને દોહિત્રનું નામ હોય પણ હેમંતભાઈ અને હર્ષાબેને વેવાઈનું નામ પણ લખી “આંધરા વેરાયા”ની કહેવત સાચી પાડી.

હેમંતભાઈનો વિકાસ પણ રજવાડી માડુ બુદ્ધિચંદભાઈના હાથ નીચે થયો છે એટલે આ શુભભાવના આવે એ સહજ છે.

સરવાળે, ગુજરાતી ભાષાના મશાલચી બુદ્ધિચંદભાઈને મળવાનો કેફ હજી ઉતર્યો નથી. એટલે આ બ્લોગ લખાયો.

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૧૦

દૃષ્ટિ મહેતા
યેશા મહેતા

***પ્રશ્ન*** *: નવી પેઢી માટે નોકરી કે ધંધો – શું વધારે યોગ્ય વિકલ્પ છે? અથવા યુવાનોએ પોતાની કેડી સ્વયં કંડારવી જોઈએ કે પિતાના વ્યવસાયમાં સેટ થવું જોઈએ?*

***જવાબ*** :

*મારા અસ્તિત્વનો ઓછાયો નથી મને,*
*કેમકે હું યુવાન છું જે પરિશ્રમના કુળમાં પાકે છે.*
*મારે શક્યતાઓના સમુદ્રમાં નથી જીવવું,*
*કેમકે હું યુવાન છું જે હંમેશાં સફળતાઓ જ ઝંખે છે.*
*મારે અસામાન્ય ઉછળતા મોજા નથી બનવું,*
*કેમકે હું જંગલોના ગર્ભમાં પાકતી નદી સમાન છું.*
*મારા ઉકળતા લોહીમાં કોમળતા નથી,*
*કેમકે હું તો પરિશ્રમને પારસમણિ માનતો યુવાન છું.*
*– સ્વામી વિવેકાનંદ*

તરવરાટ, તાજગી, સ્ફુર્તિ, ઉત્સાહ – આ બધાનો સમન્વય એટલે યુવાન. યુવાન એટલે શક્તિનો ધોધ, પ્રચંડ ઉર્જાનું મોજું, જેની પાસે સમગ્ર દેશ અને વિશ્વને બદલવાની તાકાત છે. આવા દેશના યુવાન સમક્ષ બહુ જ મોટો પડકારરૂપ પ્રશ્ન છે – "નોકરી કે ધંધો કરવો?" આ પ્રશ્નનો ઉત્તર વ્યક્તિની વૈચારીક ક્ષમતા પર નિર્ભર કરે છે. ઉદા. તરીકે એક ગરીબ પિતા બાળકને કહે, 'શાળામાં જા, સારું પરિણામ લાવ, સારી નોકરી કરીને ખૂબ પૈસા કમાવ.' જ્યારે બીજી તરફ એક ધનવાન પિતા તેના બાળકને કહે, 'શાળામાં જા, સારા મૂલ્યો શીખ, પછી જાતે વ્યવસાય ઉભો કરીને લોકોની સેવા કર અને સારા લોકોની સેવા લે (અર્થાત્ લોકોને નોકરીએ રાખ.)' આમાં પિતા ગરીબ કે ધનવાન હોવાથી કોઈ જ ફરક પડતો નથી. ગરીબ પિતા દ્વિતીય શીખ અને ધનવાન પિતા પ્રથમ શીખ આપી જ શકત! પરંતુ ગરીબ પિતા તેના પૈસાથી નહીં તેના વિચારો અને કર્મથી ગરીબ બની ગયા હતા. આથી ઉચ્ચ નોકરી કરવી હોય કે વ્યવસાય બંને માટે વિચારો ઉચ્ચ અને મક્કમ હોવા જોઈએ.

જમવા બેસો ત્યારે લાડવો અને પેંડા બંને પડ્યા હોય તો?

કોઈ કહે, લાડવો ખા. કોઈ કહે પેંડો ખા. તો આપ શું કરશો?

ક્યારેક ખીર અને બાસુંદી પડી હોય તો?

તો ક્યારેક કોઈવાર ગુલાબજાંબુ અને રસગુલ્લા પડ્યા હોય તો?

અર્થાત્ પરિસ્થિતિ કેવા પ્રકારની છે, નોકરી કે ધંધાનો પ્રકાર કેવો છે? તદ્ઉપરાંત આપણા સમય, સંજોગ, પરિસ્થિતિને ધ્યાને લઈને નિર્ણય લેવા જોઈએ. કારણકે નોકરી અને બિઝનેસ – બંનેના પોતાના ફાયદા અને ગેરફાયદા બંને જ છે. ખરા અર્થમાં નોકરી કે બિઝનેસ એ વ્યક્તિનાં પ્રભુત્વ પર નિર્ભર કરે છે.

જેને સત્તા, સંપર્કો, રોફ અને ખાસ ચિંતા વિનાની જિંદગી જીવવી હોય, નીતિને નેવે મૂકવાની તૈયારી હોય તેવા લોકો નોકરી કરે છે. પછી ભલે તે સરકારી હોય કે ખાનગી. ઘણા લોકો સરકારી નોકરીને સેવાનું માધ્યમ નહીં, અંગત સગવડ અને સમૃદ્ધિ વધારવાનું માધ્યમ ગણે છે. જ્યારે બીજી તરફ એક એવો વર્ગ છે જે ખરેખર સમાજસેવા કરવા ઇચ્છે છે, દેશની સેવા કરવા ઇચ્છે છે. તેમના માટે સરકારી નોકરી ઉત્તમ છે. નોકરીમાં ફિક્સ કલાક, ફિક્સ સેલેરી અને રીસ્ક ઝીરો હોવાના કારણે આજના યુવાનો કોલેજ પ્લેસમેન્ટ દ્વારા તે માર્ગ પસંદ કરે છે. પરંતુ તેમાં પણ જો પ્રાઈવેટ નોકરી છે તો પણ રીસ્ક તો છે જ – Terminationનું!

આપણા વડીલો કહે છે : 'કરી કરી પણ નો-કરી.' સ્વયં માટે કશું જ ન કર્યું. જ્યાં સવારથી સાંજ સુધી માણસ નોકરી નામના એક ખાનામાં પૂરાઈને તેને સોંપેલા કાર્યની માળા ગુંથ્યા કરે છે. આ કાર્ય પ્રભુના મણકાં ગણવા બરાબર છે. સંપૂર્ણ લગન જોઈએ તો જ 'બોસ' નામનો ઈશ્વર પ્રસન્ન થાય, ને દર મહિને મોક્ષ નામનો પગાર મળતો રહે અને આપણું ઘર સ્વર્ગસમ બનતું રહે. પૈસાને ગમે તેટલો હાથનો મેલ ગણીએ, તો પણ તે આપણી પ્રાથમિક જરૂરિયાત છે. તેના વિના ચાલવાનું જ નથી. નોકરીમાં પૈસા કમાવવા આકાશ-પાતાળ એક કરીને ગધ્ધાવૈતરું કરવું પડે છે. તેની કિંમત મધ્યમવર્ગની વ્યક્તિ વધુ સમજી શકશે કારણકે સમગ્ર પરિવારનો બોજ નોકરી નામની કાવડમાં ભરીને ઊંચકવાનો હોય છે. તેમાં માત્ર એકલા નથી ચાલવાનું, અનેકવિધ જવાબદારીઓનું વહન કરીને ચાલવાનું છે.

નોકરીમાં પોતાનો મહિમા જળવાય, જે પગારમાંથી સેવિંગ્સ થઈ શકે તેમ હોય, તો કોઈની જીહજૂરી કરવાનું વિચારવું! ગમે તેટલી મોટી સેલેરી હોય પણ તેના થકી

સેવિંગ્સ થઈ શકે, બાળકનો જીવન નિર્વાહ કરી શકાય તે પણ આજના મોંઘવારીના જમાનામાં ખૂબ જ કઠિન છે, તે વાત ગઝલકાર દિલીપ શ્રીમાળી પોતાની ગઝલમાં પરોવે છે.

*જીવું અને મરું છું ટૂંકા પગારમાં...*
*હું નોકરી કરું છું, ટૂંકા પગારમાં!*
*શ્રદ્ધા અતૂટ મને તારામાં છે પ્રભુ,*
*તારો દીવો ધરું છું, ટૂંકા પગારમાં!*
*આંસુ, દગો, ઉદાસી ને દર્દ છે ઘણું,*
*સૌને પૂરું કરું છું, ટૂંકા પગારમાં!*
*જે સ્વપ્ન લોન પર લીધા હતા દિલીપ,*
*જીવનના હપતા ભરું છું, બધા ટૂંકા પગારમાં.*

*– દિલીપ શ્રીમાળી*

આ તમામ પરિસ્થિતિઓની વચ્ચે આજના યુવાનોનું નોકરી માટેનું દૃષ્ટિકોણ એ શીખવા માટેનું હોવું જોઈએ. અને તે શીખી પોતાના દમ પર કંઈક સ્ટાર્ટ-અપ, નાનો પણ બિઝનેસ કરવાનો હોવો જોઈએ. યુવાનોનો દૃષ્ટિકોણ ક્યારેય જિંદગીભર જીહજુરી (નોકરી) કરવાનો ન હોવો જોઈએ. તેઓએ સ્વયં પોતાની કેડી કંડારવી જોઈએ.

ભારત એક વિકાસશીલ દેશે છે, વિકસિત નથી. આથી રોજગારીની તકો વિકસાવવા ઘણા જ રસ્તા મળી રહેશે. બસ જરૂર છે, 'સાહસ' અને 'હિંમતની.' તો જ તેઓ વિકાસશીલ દેશોને વિકસિતની શ્રેણીમાં લઈ જઈ શકશે. તે સમયે યુવાનોના વલણને સમજાવતાં નવલકથાકાર અને ગઝલકાર શેખાદમ આબુવાલા કહે છે :

***"અમને નાખી દો આગમાં, આગને પણ ફેરવીશું બાગમાં,***
***સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં."***

*– શેખાદમ આબુવાલા*

આજનો યુવાન આપદા (દરેક ક્ષણમાં) અવસર શોધનારો હોવો જોઈએ. બાકી, નોકરીમાં જે મહેનત અન્યના 'Vision' અને 'Mission'ને આગળ વધારવા કરો છો, તે પોતાના ધંધાને આગળ ધપાવવા કરો. બાકી તો ધનભંડોળ માટે ભારત સરકાર આપણી પડખે છે કારણકે ભારત સરકારના 'Make in India', 'Skill India' પ્રોજેક્ટ અનુસાર નવીન Ideas ધરાવતા લોકોને નાણાકીય ધનભંડોળ પણ પૂરું પાડે છે. બિઝનેસમાં રીસ્ક છે તો હર્ષદ મહેતા કહે છે : "Risk હૈ તો Ishq હૈ." બસ! નોકરીમાં ખોટો નિર્ણય લેવાય તો Value ડૂબે અને બિઝનેસમાં Value સાથે પૈસા પણ ડૂબે. પરંતુ કાયમ લીલું જંગલ તો નોકરીમાં પણ નથી ને બિઝનેસમાં પણ નથી.

બિઝનેસના બહુવિધ ફાયદાઓ પણ રહેલા છે. કવિ નર્મદ કહે છે : "પેટ તો કાગડાં, કૂતરા પણ ભરે છે." નોકરી કરીને સ્વનું પેટ તો બધા જ ભરે છે, પણ ખરા ગુજરાતી જૈન તરીકે અન્યને નોકરી આપવી, અન્યનું પેટ ભરીએ, ઘર ચલાવીએ તેવો બિઝનેસ કરીએ તો જીવન સાર્થક છે. "Be Job Giver, Not seeker." યુનિક આઇડિયા, સુબદ્ધ આયોજન, ઈચ્છાશક્તિ, ફંડની વ્યવસ્થા અને માર્કેટ રીસર્ચ હોય તો બાકીની અનુકૂળતા આપમેળે થઈ જશે. બિઝનેસમાં જે કંઈ પણ કરો તે પોતાના માટે કરવાનો આત્મસંતોષ છે, પોતાનું ઈમાન જાળવી શકાય છે કારણકે સ્વધંધામાં 'Exploitation' ના સ્થાને 'Exploration' વધારે છે. બિઝનેસમાં 'Security' અને 'Productivity' પણ છે. 'Criticism' ઓછું અને 'Creativity' વધારે છે. બિઝનેસમાં 'Leg pulling' ઓછું અને 'Hand giving' વધારે છે.

દુનિયાનાં ધનિક લોકોની યાદી જોઈએ તો માઈક્રોસોફ્ટનાં સ્થાપક બીલ ગેટ્સ, એમેઝોનના CEO જેફ બેઝોસ, ફેસબુકના કો-ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગ કે જેઓ પોતાનાં બિઝનેસથી જ ધનવાન બન્યા છે. તેમના એક વિચારને તેમણે ધંધાથી અબજ ડોલરના નસીબમાં ફેરવ્યા છે. ધંધામાં તમે માલિક છો, નોકર નહીં! તમારે પારિવારિક સમય નીકાળવા, સંબંધો માણવા કોઈની રજા લેવાની જરૂર નથી. જાતે પોતાનો સમય ફાળવી શકો છો. બિઝનેસ દરિયા સમાન છે, જ્યારે નોકરી ઝાંઝવા સમાન છે. બિઝનેસરૂપી દરિયો જેટલો ઈચ્છો તેટલો ખેડી શકાય છે કારણકે બિઝનેસ કરવામાં સમસ્યા આવશે તો સમાધાનની સંભાવના બંધાશે અને સંભાવના ઉકેલાય તો સફળતા ચોક્કસથી મળશે જ! આથી નાનો પણ સ્ટાર્ટ-અપ કે બિઝનેસ કરો અને પિતાનો Established Business હોય તો તમારા અભ્યાસ, આવડત અને સુઝબુઝ થકી તેને સફળતાના એક અલગ મુકામ પર લઇ જાવ અને સ્વયં પોતાની કેડી કંડારો.

- **સાર :**

*કોઈ પાડતું કેડી તે પર કોઈ ચરણ દઈ ચાલે.*

*– બકુલ રાવળ*

કોઈના ચરણે ચાલવાના બદલે સ્વયં પોતાની કેડી કંડારો.

***૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,***
***સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮***

અવિસ્મરણીય પાઠ

# સાધુનો ઇન્ટરવ્યુ

પ્રેષક : નવનીત પટેલ

એક મોટો પત્રકાર ન્યુયોર્કમાં 'સાધુ'નો ઈન્ટરવ્યુ લઈ રહ્યો હતો.

***પત્રકાર:*** સર! તમે છેલ્લા પ્રવચનમાં 'સંપર્ક' ('Contact') અને જોડાણ ('Connection') પર વાતો કરી પરંતુ એ વાતો બહુ જ 'મૂંઝવણ'માં મૂકનારી છે. શું તમે સમજાવી શકશો?

સંન્યાસીએ સ્મિત કર્યું અને તેમણે કંઈક અલગ જ બીજા પત્રકારો સાથે પ્રશ્નો પૂછવાનું ચાલુ કર્યું.

***પત્રકારને પૂછ્યું :*** તમે ન્યુયોર્કમાં રહો છો?

***પત્રકાર :*** હા.

***સંન્યાસી :*** તમારા ઘરમાં કોણ કોણ છે?

પત્રકારને લાગ્યું કે સાધુ એનો સવાલ ટાળવાની કોશિશ કરી રહ્યો છે કારણકે સાધુનો સવાલ બહુ જ વ્યક્તિગત અને તેણે પૂછેલા સવાલના જવાબથી અલગ હતો. છતાં પણ પત્રકાર બોલ્યોઃ મારી મા હવે નથી, પિતા છે અને ૩ ભાઈઓ અને એક બહેન છે. બધા જ પરણેલા છે.

સંન્યાસીએ ચહેરા પર સ્મિત લાવી પૂછ્યુંઃ તમે તમારા પિતા સાથે વાત કરો છો?

પત્રકાર ચહેરાથી ગુસ્સે થતો લાગ્યો.

***સંન્યાસીએ પૂછ્યું :*** તમે તમારા પિતા સાથે છેલ્લે ક્યારે વાત કરી હતી?

પત્રકારે પોતાના ગુસ્સાને દબાવતા જવાબ આપ્યોઃ કદાચ એક મહિના પહેલા.

***સંન્યાસીએ પૂછ્યું :*** શું તમે ભાઈ બહેન કાયમ મળો છો? તમે બધા જ એક પરિવારની જેમ છેલ્લે ક્યારે મળ્યાં હતા?

એ સવાલ પર પત્રકારના માથા પર પરસેવો આવી ગયો, ઈન્ટરવ્યૂ હું લઉં છું કે આ સાધુ? એવું લાગ્યું જાણે સાધુ પત્રકારનો ઈન્ટરવ્યુ લઈ રહ્યા છે! એક ઉદાસીભર્યા ઉદ્‌ગાર સાથે પત્રકાર બોલ્યોઃ બે વર્ષ પહેલાં ક્રિસમસ પર.

***સંન્યાસીએ પૂછ્યું :*** કેટલા દિવસ તમે બધા સાથે રહ્યા?

પત્રકાર પોતાની આંખોમાંથી નીકળેલા આંસુઓ લૂછતાં બોલ્યોઃ ફક્ત ૩ દિવસ!

***સંન્યાસીએ પૂછ્યું :*** કેટલો સમય તમે ભાઈ-બહેનોએ તમારા પિતાની એકદમ નજીક બેસીને પસાર કર્યો?

પત્રકાર હેરાનગી અને શર્મિંદગી અનુભવવા લાગ્યો અને એક કાગળ પર કંઈક લખવા લાગ્યો.

***સંન્યાસીએ પૂછ્યું:*** શું તમે તમારા પિતા સાથે નાસ્તો કર્યો? બપોરે કે રાત્રે સાથે જમ્યા છો? શું તમે તમારા પિતાને પૂછ્યું કે કેમ છો? તેમની તબિયત કેવી છે? માતાના મૃત્યુ પછી તેમનો સમય કેવી રીતે પસાર થઈ રહ્યો છે?

સંન્યાસીએ પત્રકારનો હાથ પકડ્યો અને કહ્યુંઃ શરમાશો કે દુઃખી ના થશો. મને અફસોસ છે કદાચ મારાથી તમને અજાણતાં દુઃખ પહોંચાડ્યું હોય તો! પરંતુ આ જ તમારા સવાલનો જવાબ છે 'સંપર્ક' અને 'જોડાણ' (Contact and Connection).

તમે તમારા પિતા સાથે ફક્ત સંપર્ક (Contact)માં છો પણ તમારું એમની સાથે કોઈ જ 'Connection' નથી. તમે તેમની સાથે જોડાયેલા જ નથી. You are not connected to him. તમે તમારા પિતા સાથે ફક્ત સંપર્કમાં છો, જોડાયેલા જ નથી.

'Connection' હંમેશાં આત્માનું હોય છે. હૃદયથી હૃદયનું હોય છે. એકસાથે બેસવું અને ભોજન લેવું, એકબીજાની સારસંભાળ કરવી, સ્પર્શ કરવો, હાથ મિલાવવો, આંખોનો સંપર્ક થવો, કેટલોક સમય એકસાથે વિતાવવો – આ જરૂરી છે.

તમે તમારા પિતા, ભાઈ અને બહેનોના સંપર્કમાં (Contact) છો પરંતુ તમારું એકબીજા સાથે કોઈ જોડાણ (Connection) નથી.

પત્રકારે આંખો લૂછી અને બોલ્યો : મને એક સારો અને અવિસ્મરણીય પાઠ શીખવવા બદલ ધન્યવાદ!

આજે પણ લોકોની આવી જ પરિસ્થિતિ થઈ રહી છે. બધાના હજારો સંપર્ક (Contact) છે પણ કોઈને એકબીજા સાથે લગાવ 'જોડાણ' (Connection) નથી. કોઈ જ વિચાર વિમર્શ નહીં. પ્રત્યેક વ્યક્તિ પોતાની નકલી દુનિયામાં ખોવાયેલી છે.

એ સંન્યાસી બીજા કોઈ જ નહીં પરંતુ સ્વામી વિવેકાનંદ હતા.

***સંપર્કમાં રહો અને જોડાયેલા રહો અને મસ્ત રહો.***

**ઇર્ષ્યા અને સંસ્કાર**

*હું બીજાથી સારું કરું એ ઈર્ષ્યા*
*અને હું બીજાનું સારું કરું એ સંસ્કાર.*

માનવતા

# જેટલું આપશો તેના કરતાં વધુ પાછું મેળવશો

• સંકલન •
રીતેશ અરવિંદ પોલડિયા

વિન્સ્ટન ચર્ચિલે કહ્યું છે, આપણે કમાઈએ છીએ એનાથી જિંદગી ચાલે છે. જયારે આપીએ છીએ ત્યારે જીવન જીવીએ છીએ. ગણિતના નિયમો કરતાં થોડું ઉલટું લાગશે પણ જીવનમાં જેટલું વધુ આપશો એટલો વધુ તમારી ખુશી અને નાણાંનો ગુણાકાર થતો જોશો. સમગ્ર દુનિયાની મોટા ભાગની સંસ્કૃતિમાં આપવું એ મહત્ત્વનો ભાગ બની રહ્યો છે. હિંદુઓમાં દાન, ક્રિશ્ચિયનમાં દશાંશ, શીખ લોકોમાં સેવા અને ઈસ્લામમાં જકાત. અહીં વાત માત્ર નાણાંના દાનની નથી થઈ રહી પરંતુ રોજબરોજના વ્યવહારમાં આપણે કઈ કાર્યપદ્ધતિ દ્વારા કેવી રીતે કામ કરીએ છીએ તેમજ આપણા આચરણ થકી અન્યો સાથે કેવી કૃતજ્ઞતા દર્શાવીએ છીએ તેની થઈ રહી છે. પ્રસ્તુત છે એક નામાંકિત ઉદ્યોગપતિ અને એક સામાન્ય ટેક્સી ડ્રાઈવરના અનુકરણીય પ્રસંગો... (આશુ પટેલ લિખિત પુસ્તક ‘જીવન ચલને કા નામ’માંથી સાભાર)....

૨૦૧૫ ની ઘટના છે. પૂનાના જાણીતા ઉદ્યોગપતિ ઝવેર પૂનાવાલા કોઈ કામથી મુંબઈ આવ્યા હતા ત્યારે તેમને સમાચાર મળ્યા કે ૩૦ વર્ષોથી ફરજ બજાવનાર તેમના વફાદાર ડ્રાઈવર ગંગા દત્તાનું અચાનક મૃત્યુ થયું છે. ઝવેર પૂનાવાલાને આઘાત લાગ્યો અને તેમણે તરત જ બે કામ કર્યા. પહેલા તો તેમની આગળની મીટિંગ કેન્સલ કરી અને પછી તેમના ડ્રાઈવર ગંગા દત્તાના પરિવારના સભ્યોને ફોન કરી સાંત્વન આપ્યું અને એક વિનંતી કરી કે હું આવું ત્યાં સુધી તમે અંતિમવિધિ માટે રાહ જોજો. એ પછી તેમણે એક હેલિકોપ્ટર બુક કરાવ્યું અને વહેલી તકે તેઓ પૂના પહોંચ્યા. પૂના જઈને તેમણે પોતાની લિમોઝીન કાર શણગારવાનો આદેશ આપ્યો જે ડ્રાઈવર ગંગા દત્તા વરસોથી ચલાવતો હતો. એ કારમાં ગંગા દત્તાનો પાર્થિવ દેહ રાખીને એ કારને તેઓ જાતે ચલાવીને સ્મશાનગૃહ સુધી લઈ ગયા. ઉદ્યોગપતિ ઝવેર પૂનાવાલાના એ ઉષ્માભર્યા વ્યવહારથી ગંગા દત્તાના પરિવારજનોની આંખો છલકાઈ ઉઠી. તેમણે પૂનાવાલાનો આભાર માન્યો ત્યારે એમણે એટલું જ કહ્યું કે **તમારી સફળતામાં સહભાગી બનનારી નાની-મોટી દરેક વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા બતાવવી જોઈએ અને મેં ફક્ત એજ કર્યું છે. માણસે માત્ર શબ્દો થકી નહીં, પણ વ્યવહાર થકી પણ આભારની અભિવ્યક્તિ દર્શાવવી જોઈએ.**

પ્રખ્યાત મોટીવેટર શિવ ખેરાએ પોતાના પુસ્તકમાં તેમના જીવનનો એક કિસ્સો લખ્યો હતો. શિવ ખેરા એકવાર સિંગાપોર ગયા. ઍરપોર્ટની બહાર નીકળીને એક ટેક્સી પકડીને તેમણે ટેક્સી ડ્રાઈવરને એડ્રેસ આપ્યું કે મારે આ જગ્યાએ જવું છે. ટેક્સી ડ્રાઈવરે તેમને એ જગ્યાએ પહોંચાડી દીધા પણ એ અગાઉ તેણે એક વિશાળ ઈમારતને ફરતે ચકરાવો માર્યો અને તેમને જયાં જવું હતું ત્યાં ગેટ આગળ ટેક્સી ઉભી કરી દીધી. તેની ટેક્સીનું મીટર અગિયાર ડોલર ભાડું દર્શાવતું હતું એટલે શિવ ખેરાએ તેને અગિયાર ડોલર આપ્યા. પરંતુ એ ટેક્સી ડ્રાઈવરે તેમની પાસેથી ફક્ત દસ જ ડોલર લીધા! શિવ ખેરાએ તેનું કારણ પૂછ્યું તો તેણે જવાબ આપ્યો : ‘સર, હું ટેકસી ડ્રાઈવર છું અને તમે જે સ્થળનો એડ્રેસ આપ્યો ત્યાં મારે તમને સીધા જ પહોંચાડવા જોઈએ. પણ મને તમે આપેલ એડ્રેસ વિશે ચોક્કસ માહિતી નહોતી એટલે મારે આ મોટી ઈમારતનો ચકરાવો મારીને તમારું એડ્રેસ શોધવું પડયું. (એ જમાનામાં ગૂગલ મેપ્સ જેવું કાંઈજ નહોતું). જો હું મીટર પ્રમાણે તમારી પાસેથી અગિયાર ડોલર લઈશ તો એ અનૈતિક ગણાય. તમને ખબર નથી કે મારા કારણે એક ડોલર ભાડું વધી ગયું છે પણ મને એ ખબર છે માટે હું દસ ડોલર લઈ રહ્યો છું! શિવ ખેરાએ તેની પ્રામાણિક્તા અને નૈતિકતાની પ્રશંસા કરી ત્યારે એ ટેકસી ડ્રાઈવરે નમ્ર સ્વરે કહ્યું કે સર, મેં એવું કોઈ મોટું કામ નથી કર્યું! સિંગાપોર એક ટુરિસ્ટ સ્પોટ છે અને હું માત્ર એક ટેક્સી ડ્રાઈવર નથી, પરંતુ હું કોઈ ડિપ્લોમેટીક પાસપોર્ટ વગરનો સિંગાપોરનો એમ્બેસેડર છું! એ ટેકસી ડ્રાઈવર ફક્ત ૮ ધોરણ સુધી જ ભણ્યો હતો પણ તેની સમજણમાં તેની કાર્યકુશળતા અને ઉમદા વ્યક્તિત્વની ઝાંખી થતી હતી.

વ્હાલા મિત્રો, આપવું અને લેવું એ આપણા શ્વાસની અંદર-બહાર સતત થતાં લય જેટલું સ્વભાવિક છે. સફળ વ્યવસાયિક બનવા માટે માણસના વ્યવહારમાં માનવતા અને ઉચ્ચ જીવનમૂલ્યો હોય એ ખૂબજ જરૂરી છે. વર્તમાન સમયના ફાસ્ટ ફોરવર્ડ ટેકનોલોજીના યુગમાં આપણું પ્રોફેશનલિઝ્મ આપણે જે કામ કરીએ છીએ એના પર નહીં, પરંતુ જે - તે કામ કેવી રીતે કરીએ છીએ એના પર – આપણી કાર્ય પદ્ધતિ પર નિર્ભર કરે છે.

***“તમારી જિંદગી જીવવાના બે રસ્તા છે. એક, જાણે કે કાંઈ જ ચમત્કાર જેવું નથી તેમ અને બીજો, જાણે કે દરેક વસ્તુ એક ચમત્કાર છે તે રીતે...”***

*– આલ્બર્ટ આઈન્સ્ટાઈન*

## સત્ય ઘટના : ઋણાનુબંધ

હું વી. એસ. અમદાવાદ હોસ્પિટલના ICU વોર્ડમાં મારા મિત્રના નાના કાકા પણ મારા સલાહકાર તુલસી કાકાના બેડ પાસે બેઠો હતો... તુલસીકાકાને આજે સવારે છાતીમાં દુખતું હતું એટલે દાખલ કર્યા હતા..

આ હોસ્પિટલમાં એ સારું હતું કે એક અંગત વ્યક્તિને દર્દીની બાજુમાં બેસવા એક ભલામણથી છૂટ આપવામાં આવી હતી.

હું સવારથી જોતો હતો... એક ૫૦ વર્ષની આજુબાજુ લાગતી દેખાવડી સ્માર્ટ પેન્ટ ટી-શર્ટ પહેરેલ સ્ત્રી દેખવામાં આધુનિક છતાં પણ વાતો કરવામાં શાલીનતા વિવેક ચૂક્યા વગર દાદાની સેવા કરી રહી હતી. ઘડીકમાં નાક સાફ કરે, તો ઘડીકમાં મોઢું સાફ કરે. થોડીવાર થાય એટલે ચમચીથી ખોરાક મોઢામાં આપે... ઘડીકમાં માથે હાથ ફેરવે તો ઘડીકમાં પગ પણ દબાવે...

આધુનિક કપડાંમાં સ્ત્રી હોય એ સારું લાગે પણ જ્યારે આધુનિકતા તેમના વ્યવહાર વર્તનમાં આવે ત્યારે એ આકરું લાગે. આધુનિકતાનો મતલબ સ્વચ્છંદીપણુ નથી, માત્ર બદલતી દુનિયા સાથે કદમ મેળવવું એ આધુનિકતાનો અર્થ છે...

મારી ઉંમરના અનુભવ પ્રમાણે તેના ચહેરાના ભાવ ઉપરથી વગર સ્વાર્થ કે અપેક્ષાએ પોતનું કાર્ય કરતી હતી એ સ્પષ્ટ હતું...

મારાથી રહેવાયું નહિ. મેં કીધું, 'બેન, તમારા પપ્પા છે?' એમણે કીધું, 'હા, મારા પપ્પા છે...!'

મેં કીધું, 'તમારી સેવાને હુ વંદન કરું છું. ઈશ્વર છે કે નહીં એ શ્રદ્ધાનો વિષય છે પણ જાગતો દેવ મારી સામે છે...!'

'સાચી વાત ભાઈ ખૂબ જ પ્રેમાળ છે મારા પપ્પા. મારી તકલીફના સમયે પહાડની જેમ ઉભા હતા, મારી આંખોનાં આંસુ તેમણે ઝીલ્યા છે... મારી રાતના ઉજાગરા સમયે એ મારી સાથે બેઠા છે... મારું પાકિટ જ્યારે ખાલી રહેતું ત્યારે નોટોની થપ્પી તેમણે મારા પાકિટમાં મૂકી છે. તેમનો ઉપકારનો બદલો શબ્દો માત્રથી હું ચૂકવી શકું તેટલી સમર્થ નથી... મારી મુસીબત સમયે ઘણા હાથ છોડાવી ભાગ્યા તો ઘણા નજર ચૂકાવી ભાગ્યા પણ આ મારા પપ્પાએ મારો હાથ મજબૂતીથી પકડી રાખ્યો. ભાઈ ..તોફાન તો પસાર થઈ ગયું. એક સુંદર સવાર પણ ઊગી.... આ સુંદર સવારના હક્કદાર આ મારા પપ્પા છે. ફરીથી તેમના માથે આ બહેને હાથ ફેરવ્યો...!!

મેં કીધું, 'બહેન, તમને વાંધો ન હોય તો આપનું નામ કહેશો?'

'ભાવના.'

મેં કીધું, 'તમારી ભાવના પણ શુદ્ધ છે... ભાવનાબહેન, ઈશ્વર તમને તેનું ફળ જરૂર આપશે.'

હું ખુશ થયો. વાહ... બાપ દીકરીનો પ્રેમ જોરદાર છે. ત્યાં અચાનક ડોકટર વિઝીટમાં આવ્યા.... બધાને ચેક કરતા કરતા ડોકટર સાહેબ બાજુવાળા દાદા પાસે ગયા... થોડીવાર ચેક કરી, બધા રિપોર્ટ જોઈ ભાવનાબહેન સામે જોઈ ડોકટર બોલ્યા, 'મમ્મી, ચિંતા જેવું નથી... દાદાને સારું થઈ જશે.'

ભાવનાબહેને આંખ બંધ કરી ઈશ્વરનો આભાર માન્યો.

પણ હું મૂંઝાઈ ગયો... આ ડોકટર ભાવનાબહેનને મમ્મી કહે છે?

મેં ભાવનાબહેનને કીધું, 'દાદાને દીકરો નથી...?'

ભાવનાબહેનની આંખો ભીની થઇ. એ બોલ્યા, 'પુત્ર હતો. મેં લવ મેરેજ કરેલા પણ કાર અકસ્માતમાં ઘણી નાની ઉંમરે ગુજરી ગયા. હું તેમની વિધવા પુત્રવધૂ છું અને હમણાં જે ડોકટર ચેક કરવા આવ્યા હતા એ મારો પુત્ર ડો. પ્રણવ શાહ હતો!'

હું ઉભો થઇ ભાવનાબહેનને હાથ જોડી પગે લાગ્યો. બહેન, તમે દીકરીને શરમાવે તેવી સસરાની સેવા કરો છો...

અરે મારા મોટાભાઈ, મારે કોઈ ભાઈ નથી એટલે તમને ભાઈ કહુ છું. તમને કોઈ તકલીફ તો નહીં ને?

મેં કીધું, અરે બેન, એમાં તકલીફ શાની..!!?

"મારા પતિ ગુજરી ગયા ત્યારે મારા પિયર પક્ષે સિફતાઈથી અંતર બનાવી લીધું હતું. મારો પુત્ર પ્રણવ આઠ વર્ષનો. ત્રીજા ધોરણમાં હતો. હું ત્યારે નોકરી કરતી ન હતી. આવા વિપરીત સંજોગોમાં આ મારા બાપથી પણ જેને હું ઊંચો દરજ્જો આપું છું, એ મારા સસરાએ મારો હાથ પકડી કીધું, બેટા, દીકરો ગુમાવ્યો છે... તેનો મતલબ તું મારી નજરમાં પારકી નથી... તું મારી દીકરી છે... આજથી ઘરનો આર્થિક વ્યવહાર તારે સાચવવાનો છે. આ પકડ ચેક બુક. રૂપિયાની ચિંતા કરતી નહીં. પ્રણવને તારી ઈચ્છા મુજબ ભણાવ.' ઈશ્વર કૃપાથી મેં પણ નોકરી શોધી લીધી. પણ ઘર ખર્ચ, પ્રણવનો ભણવાનો ખર્ચ આ મારા સસરાએ નૈતિકપણે ઉપાડી લીધો હતો. પરિણામ સ્વરૂપ તમે જોયું મારો પુત્ર ડોકટર બની ગયો! આવી મહાન વ્યક્તિની સેવા કરવાનો મોકો મને મળે એતો પુણ્યનું કામ છે...."

મેં કીધું, 'ભાવના બહેન, આજે તમે આ દુનિયાને - સંસારને એક સંદેશ આપ્યો... તમે તમારા સસરાની દીકરી બનીને આજે ઉભા રહ્યા છો.'

ભાવનાબહેનની સજ્જનતા તો જુઓ. એ પણ હસીને બોલ્યા, 'ભાઈ મારા સસરા પણ મારી મુસીબત વખતે બાપ બનીને ઉભા રહ્યા મોઢું છુપાવી ભાગ્યા નથી. આજે મને એક તમારા જેવા ભાઈ પણ મળ્યા છે.

સંસારનો નિયમ છે... જેવું વાવો તેવું લણો... ભાવનાબહેન દાદાની સેવામાં ફરી પડી ગયા..

પણ હું એક કુળવધૂને એના અલગ સ્વરૂપથી નતમસ્તક બની જોતો રહ્યો..

મિત્રો, સંબધો કોઈ પણ હોય... એ સબંધ પાસે અપેક્ષાઓ રાખતા પહેલા આપણે તેને લાયક બનવું પડે.

*– બકુલ પ્રજાપતિ (મો. ૭૮૭૮૨ ૨૨૨૧૮)*

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૨

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક તથા નકારાત્મક સ્ટ્રેસ, સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે જાણકારી મેળવી. ૨૧મી સદીમાં માનસિક સ્ટ્રેસનું પ્રમાણ વધ્યું છે. મનની દુભાયેલી લાગણીઓ સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે તથા શારીરિક બીમારીનું કારણ બને છે અને શારીરિક બીમારી હોય તો આ શારીરિક બીમારીનું પ્રમાણ વધારે છે. બ્લડ પ્રેશર વધી જાય છે, બ્લડ સુગરનું પ્રમાણ વધઘટ થયા કરે છે તથા પ્રમાણ વધી જાય છે. થાઈરોઈડ હોરમોન્સનું પ્રમાણ વધી જાય છે.

આ લેખમાં વધારે જાણકારી મેળવીએ.

### માનસિક સ્ટ્રેસનું નિર્માણ ક્યાં થાય છે?

રાણીબાગમાં આપણે હિંસક જંગલી પ્રાણીઓ જોવા જઈએ છીએ. સિંહ પીંજરામાં હોય છે. આપણને ભયની લાગણી (સ્ટ્રેસ) થતી નથી. સ્ટ્રેસનું નિર્માણ આપણા શરીરમાં થતું નથી.

આ જ હિંસક પ્રાણી (સિંહ) ખુલ્લામાં હોય, પાંજરામાં બંધ ન હોય તો ભયની લાગણી નિર્માણ થાય છે. સ્ટ્રેસની પ્રક્રિયા શરીરમાં આપમેળે થાય છે.

બંને ઘટનામાં હિંસક જંગલી પ્રાણી (સિંહ) એ જ છે પરંતુ એક ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થતું નથી જ્યારે બીજી ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વના છે.

- **૧૦% તથા ૯૦% સમીકરણ :**

સ્ટ્રેસની પ્રક્રિયા માટે બાહ્ય ઘટના / પ્રસંગ ફક્ત ૧૦% ભાગ ભજવે છે. ઘટના / પ્રસંગ પ્રત્યેનો વ્યક્તિગત પ્રતિભાવ - પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે.

આપણે રસ્તા પરથી આપણા કામે જતા હોઈએ ત્યારે જો સામેથી થોડાક માણસો શબ (Dead Body)ને સ્મશાન ગૃહમાં લઈ જતા હોય તો આપણને ક્ષણિક નકારાત્મક અસર થાય છે. આપણે આપણા કામે જઈએ છીએ. રોજિંદુ કામકાજ અટકતું નથી. (સ્ટ્રેસની લાગણી)

પરંતુ જો શબ આપણા ખૂબ જ નજીકના કુટુંબીજનનું હોય, જેની સાથે લાગણીનો સંબંધ હોય તો આપણને નકારાત્મક અસર થાય છે. (સ્ટ્રેસની પ્રક્રિયા)

કુટુંબીજનોમાં દરેકને એકસરખી નકારાત્મક અસર થતી નથી. મોટાભાગના કુટુંબીજનોને એક કે બે દિવસ અસર થાય છે. ત્યારબાદ પોતાના રોજિંદા જીવનના કામકાજમાં જોડાઈ જાય છે (સ્ટ્રેસની પ્રક્રિયા).

બે-એક કુટુંબીજનને આ નકારાત્મક અસર વધારે થાય છે, ઊંડી અસર થાય છે. જેમાંથી પોતાની જાતે જલ્દીથી બહાર આવી શકતા નથી. મૃત્યુ પામેલ વ્યક્તિની યાદ વારંવાર આવ્યા કરે છે, ઊંઘ આવતી નથી. વારંવાર રડવું આવે છે, રોજિંદા કામકાજમાં મન લાગતું નથી. પરાણે કામકાજ કરે છે. આ અસર જો બે અઠવાડિયાથી વધારે વખત રહે તો આ સ્ટ્રેસની બીમારી છે.

સ્ટ્રેસની પ્રક્રિયા માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. સામાન્ય રીતે આપણે આંતરિક પરિબળ પર ધ્યાન આપતા નથી.

*બાહ્ય પ્રસંગ*

૧. સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે?

૨. સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે? કે

૩. સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે? – એ આંતરિક પરિબળ (અ) આનુવંશિકતા, (બ) શરીરની – ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના ન્યુરોટ્રાન્સમિટર્સ, (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ, (ઇ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ ૯૦% ભાગ ભજવે છે.

### સ્ટ્રેસની બીમારી (Stress Disorder) :

સ્ટ્રેસની બીમારી થવા માટે આંતરિક પરિબળ મુખ્ય ઘટક છે, જે નીચે પ્રમાણે છે.


**૧. આનુવંશિકતા :**

સ્ટ્રેસની બીમારી એ વારસાગત બીમારી છે. સ્ટ્રેસની બીમારીથી પીડાતા દર્દીના ભાઈ-બહેન, માતા-પિતા કે દર્દીના સંતાનોને આ રોગ હોવાની અને આ રોગ થવાની શક્યતા વધુ હોય છે. લોહીનો સંબંધ ધરાવતા અન્ય પરિવારજનોમાં પણ સ્ટ્રેસની બીમારીનું પ્રમાણ વધારે હોય છે.

**૨. મનના અવયવોમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સના (રાસાયણિક) ફેરફારો :**

અમેરિકન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ તથા

## સ્ટ્રેસની પ્રક્રિયા




અન્ય ન્યુરોસાયન્ટીસ્ટોએ છેલ્લા ત્રણ દાયકામાં સંશોધનો દ્વારા પુરવાર કર્યું છે કે, સ્ટ્રેસની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના, કાર્યશક્તિ તથા (ન્યુરોટ્રાન્સમિટર્સ) રસાયણોમાં નકારાત્મક ફેરફારો થાય છે. જેના લીધે સ્ટ્રેસની બીમારીના લક્ષણો જોવા મળે છે.

મગજમાં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો આપણી લાગણી / સંવેદનાનું કેન્દ્ર છે. એમાં આવેલ બદામ આકારનું એમિગડેલા સંવેદનાનું મુખ્ય કેન્દ્ર છે.

સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારી વ્યક્તિને થશે કે નહીં એ એમિગડેલામાં થતા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.

**૩. વ્યક્તિત્વ (Personality)**

વ્યક્તિના ગુણદોષ સ્ટ્રેસ ડીસઓર્ડર થવામાં એક મહત્ત્વનું ઘટક છે.

૩.૧ ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ.

૩.૨ નિરાશાજનક લાગણીઓ / ભાવનાને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ.

૩.૩ યોગ્ય સમયે તથા યોગ્ય પદ્ધતિથી “ના” કહેવાની અસમર્થતા.

૩.૪ વાસ્તવમાં હોય એના કરતાં વધારે અપેક્ષાઓ.

૩.૫ અસમાધાનકારક જીદ્દી વલણ.

૩.૬ અન્યો જોડે અયોગ્ય સરખામણી.

**૪. અણગમતી / નકારાત્મક સામાજિક ઘટનાઓ :**

અણગમતા કે નકારાત્મક પ્રસંગો સ્ટ્રેસ ડીસઓર્ડર બીમારીને પ્રદર્શિત કરે છે.

૪.૧ અંગત સ્વજનનું અકાળે કે આકસ્મિક મૃત્યુ અથવા ગંભીર બીમારી.

૪.૨ માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ.

૪.૩ પ્રિય પાત્ર સાથે કટુતા, અણબનાવ કે ઝઘડો.

૪.૪ અપેક્ષિત સફળતા ન મળવી.

૪.૫ દીકરા કે દીકરીઓને અપેક્ષિત સફળતા ન મળવી.

આનુવંશિક તથા મનના અવયવોમાં થતાં ફેરફારો વ્યક્તિને સ્ટ્રેસની બીમારી તરફ દોરે છે.

વ્યક્તિત્વનું પરિબળ સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારી થવાની શક્યતા ખૂબ જ વધારી દે છે.

અણગમતી સામાજિક ઘટનાઓ વ્યક્તિમાં સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારી લાવે છે.

*(ક્રમશઃ)*

તંદુરસ્તી

# હર્નીયા (Hernia)

ડૉ. તપન શાહ

Hernia એ કોઈ અંગનો રોગ નથી અને ઘણી વખત તેને ગાંઠ, કેન્સરગ્રસ્ત અથવા બિન કેન્સરગ્રસ્ત માનવામાં આવે છે પરંતુ તે પેટના અને પેટની બહારના સ્નાયુઓની નબળાઈ છે, જેના કારણે પેટમાંથી આંતરડા અથવા ઓમેન્ટમ (પેટની ચરબી) જેવા અવયવો બહાર આવે છે અને ચોક્કસ conditionsમાં પાછા જાય છે. જો તે જાતે જ પાછું ન જાય, તો તે શક્ય તેટલી વહેલી તકે સારવાર લેવાનો સંકેત છે. શરીરમાં ઘણા પ્રકારના હર્નીયા (આંતરિક અને પેટની દિવાલ) હોઈ શકે છે- Inguinal હર્નીયા, Umbilical - નાભિ હર્નીયા, Epigastric હર્નીયા, Incisional હર્નીયા, Lumber હર્નીયા, Femoral હર્નીયા, Hiatus હર્નીયા, વગેરે. Inguinal હર્નીયા એક પ્રકાર છે જે પેટના નીચેના ભાગમાં જોવા મળે છે અને સામાન્ય રીતે પુરુષોમાં જોવા મળે છે. પેટના નીચેના ભાગના સ્નાયુઓની સંખ્યા ઘણી હોય છે પરંતુ તે dependent ભાગ છે જે વિવિધ પ્રવૃત્તિઓ પર weight bearing છે. Umbilical હર્નીયા નાભિ પર થાય છે જે સ્ત્રીઓમાં વધુ સામાન્ય છે. ત્રીજું સૌથી સામાન્ય રીતે જોવા મળતું હર્નીયા છે Incisional હર્નીયા, જે ત્યારે થાય છે જ્યારે કોઈ કારણસર સ્ટીચ (ટાંકા) લાઈન ઢીલી થઈ જાય છે અને પેટની સામગ્રી ત્વચાની નીચે બહાર આવે છે.

ચોક્કસપણે હર્નીયામાં ક્યારેય emergency હોતી નથી પરંતુ જ્યારે તે સર્જાય છે ત્યારે તે જીવલેણ હોય છે. દર્દી અને સર્જન બંને માટે nightmare હોય છે.

*તે emergency ક્યારે બનશે?*

હર્નીયા, એ સ્નાયુઓમાં weakness થી થાય છે જેમાં આંતરડા અથવા તેની ચરબી જે તેમાંથી બહાર નીકળે છે, સામાન્ય રીતે તે તેની જગ્યાએ પાછા જાય છે અને કોઈ સમસ્યા ઊભી કરતી નથી પરંતુ જો તેઓ પાછા ન જાય તો - તે એક emergency છે. કાં તો તેઓ irreducible છે (પાછળ ન જાય, તે માત્ર તીવ્ર પીડા આપે છે અથવા daily routineમાં ખલેલ પહોંચાડે છે), obstructed (જો હર્નીયામાં આંતરડા હોય, તો તેઓ આંતરડાના કાણાંને દબાવશે અને તેથી સ્ટૂલ/ખોરાક/ગેસ તેમાંથી પસાર થઈ શકશેનહીં) અથવા strangulated (આંતરડાની સાથે blood vessels ને પણ દબાવશે). Obstructed અથવા strangulated હર્નીયાના પણ પોતાના complications છે. જેમ કે, આંતરડાના ગેંગરીનને કારણે આગળ આંતરડામાં કાણું પડે, Peritonitis (પેટમાં પરૂ), sepsis (લોહીમાં પરૂ). દર્દીઓમાં સામાન્ય રીતે પીડા, સોજો જે પાછો ન જાય, સોજો પર લાલાશ, severe કબજિયાત, કેટલાક કિસ્સાઓમાં પેશાબ બંધ થવો અથવા high ગ્રેડનો તાવ અને શ્વાસ લેવામાં તકલીફ (સેપ્સિસ) અથવા પેટના ફૂલવાની જેવા લક્ષણો સાથે જોવા મળે છે. નિદાન માટે સૌથી અગત્યનું હર્નીયા/સોજો આવવાની history છે અને પછી સોનોગ્રાફી મદદરૂપ થશે. તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે અને દર્દીને operation માટે લઈ જવામાં આવે છે, જે ભાગ આંતરડામાં obstruct અથવા અવરોધરૂપ હોય તેને દૂર કરવામાં આવે છે અને પછી આંતરડા જે તેમાં involve હોય છે તેની viability માટે તપાસ કરવામાં આવે છે. અમુક સમયે માત્ર obstruction દૂર કરવાનું હોય છે પરંતુ જો ગેંગરીન થયો હોય તો affected આંતરડાના ભાગને દૂર કરીને ફરીથી જોડવો પડે છે.

અને જો major operation દરમિયાન complications થયા હોય, તો હોસ્પિટલમાં વધારે રોકાણ, વેન્ટીલેટર સપોર્ટ, ICU રોકાણની જરૂર પડી શકે છે. Obstructed અથવા strnagulated હર્નીયામાં, કેટલીકવાર સર્જન શરીરના infected local atmosphereના કારણે weaknessને મજબૂત કરવા માટે જાળી- mesh લગાવી શકતા નથી.

***Take Home Messege : હર્નીયામાં ક્યારેય ઈમરજન્સી હોતી નથી, પણ ઈમરજન્સી બને તેની રાહ ન જુઓ. હોતી નથી પરંતુ જ્યારે તે સર્જાય છે ત્યારે તે જીવલેણ હોય છે, દર્દી અને સર્જન બંને માટે દુઃસ્વપ્ન હોય છે.***

## અંગદાનના શપથનો ઇતિહાસ રચાયો

બુધવાર, તા. ૧૨-૨-૨૦૨૫ના રોજ અમદાવાદના મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ત્રીજી વન-ડે મેચ દરમિયાન બી.સી.સી.આઈ. અને આઈ.સી.સી. દ્વારા તથા કે.ડી. હોસ્પિટલના સહયોગથી અંગદાનના શપથ લેવા સ્ટેડિયમમાં ઉપસ્થિત લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા અને આ એક જ દિવસે ૩૦ હજારથી વધુ લોકોએ અંગદાનના શપથ લઈ જરૂરી ફોર્મ ભર્યા હતા.

તંદુરસ્તી

# ન્યુરોપથી (Neuropathy)

ડૉ. કમલેશ એન. શાહ
F.I.C.A. (USA)

ન્યુરોપથી એ ચેતાઓને નુકસાન પહોંચાડતી એક સ્થિતિ છે. આ કારણે શરીરના વિવિધ ભાગોમાં દુઃખાવો થવો, સંવેદનાશીલતા ઘટવી, ટિંગલિંગ સોજો અથવા સ્નાયુઓ નબળા પડવા જેવા લક્ષણો દેખાઈ શકે છે. ન્યુરોપથી સામાન્ય રીતે પગમાં શરૂ થાય છે ને પછી શરીરના અન્ય ભાગમાં ફેલાઈ શકે છે.

**ડાયાબિટીક ન્યુરોપથી :** ડાયાબિટીસ કાબૂમાં ન હોય તો મોટે ભાગે આ આડઅસર શરીરમાં જોવા મળે છે. સામાન્ય રીતે હાથ અને પગની ચેતાઓને અસર કરે છે. સંવેદનાઓ તો આખા શરીરમાં ફેલાય છે. સંશોધન મુજબ ડાયાબિટીસના ૫૦% દર્દીઓ ડાયાબિટીક ન્યુરોપથીથી પીડાય છે. જો બ્લડ સુગરને ચુસ્ત રીતે નિયંત્રણમાં રાખવામાં આવે તો આ આડઅસર જલ્દી થતી નથી.

**ન્યુરોપથીના લક્ષણો :**

(૧) ધ્રુજારી, બળતરા અને અંગોમાં દુઃખાવો સામેલ છે. (૨) અંગો સુન્ન થઈ જાય છે. (૩) થાપા, જાંઘમાં દુઃખાવો, જાંઘના સ્નાયુઓમાં નબળાઈ, ઉઠવા બેસવામાં મુશ્કેલી, (૪) અંગોની નિષ્ક્રિયતા, પીડા પ્રત્યે ઓછી સંવેદનશીલતા, અંગોનું કળતર (૫) તાપમાનમાં ફેરફાર (૬) ત્વચામાં અલ્સર, ચેપ, ફંગસ, હાડકા, સાંધાને નુકસાન.

- **ન્યુરોપથીના કારણો :**

ડાયાબિટીસ, વિટામિનોનું અસમતોલપણું, દારૂનું વ્યસન, કેટલાક ખરાબ તત્ત્વો જે, ચેતનાઓને નુકસાન પહોંચાડે છે.

- **ન્યુરોપથી અટકાવવાના ઉપાયો :**

૧. ૭ ખોરાક જે ચેતનાઓને નુકસાન થતું અથવા રૂઝ લાવવામાં મદદ કરે છે. લીલાં પાંદડાવાળી ભાજી, નટ્સ અને સીડસ, એવોકાડો (હેલ્ધી ફેટ અને પોટેશિયમથી ભરપૂર), લસણ (સોજો દૂર કરવાનું કુદરતી સાધન), ડાર્ક ચોકલેટ.

૨. ૭ વિટામિન્સ જે ચેતાઓને રીપેર કરી શકે છે : મેગ્નેશિયમ, બી-૧૨, આલ્ફા લીપોઈડ એસીડ, ઓમેગા ૩, ફેટી એસિડ, વિટા બી-૧ અને બી-૬, વિટામિન ડી.

૩. ડાયાબિટીસવાળા દર્દીઓ માટે પગની સાર સંભાળ
(૧) પગની રોજિંદી તપાસ, ચાંદુ, ફંગસ, ચેપ વગેરે.
(૨) કસરત – ૩૦ મિનિટ રોજ ચાલવાનું.
(૩) બીડી, સિગારેટ, દારૂનો ત્યાગ
(૪) ડાયાબિટીસની ચુસ્તતા,
(૫) કુદરતી ખોરાકનો (હેલ્ધી) ઉપયોગ

**ન્યુરોપથીમાં થતા દુઃખાવાની અસરકારક દવાઓ**

(1) Amitriptyine
(2) Duloxetine
(3) Pregabalin
(4) Gabapentin

**ન્યુરોપથીના અચાનક દુઃખાવામાં રાહત માટેના ઉપાયો**

(૧) Cold ice packs : જે દુઃખાવો અને સોજામાં મદદ કરે છે.
(૨) Heating pad : ઉપરોક્ત થેરાપી પછી ૭ દિવસ કરવી.
(૩) કસરત : પગ ઊંચા નીચા, સ્ટ્રેચીંગ, ચાલવાનું.

**ન્યુરોપથીનું નિદાન**

(૧) લોહીના રીપોર્ટ - ડાયાબિટીસ, B12, Vit. D3, લીવર, કિડની પ્રોફાઈલ
(૨) NCS/EMG – /NCV
ઈલેક્ટ્રીકલ એક્ટીવિટી - સ્નાયુની નબળાઈ, ચેતાઓની નબળાઈ / MRI Spine
(૩) NERVE Biopsy / Skin Biopsy
નાની ચેતાની તપાસ. ચેતાના કેટલા છેડામાં અસર થઈ છે તેની તપાસ.

- **ન્યુરોપથીની સારવાર :**

ઉપર જણાવેલ ન્યુરોપથીના કારણો શોધવાના જેવા કે ડાયાબિટીસ, વિટામિનની ઉણપ, કિડની, લીવરના કારણોની યોગ્ય સારવાર.

ન્યુરોપથી દ્વારા થતી ચેતાઓની નબળાઈ માટેની નવી દવાઓની શોધખોળ ચાલુ છે. જેમાં Javiana સારું કામ કરે છે. Javiana Plus – આ દવાઓ માટે તમારા ડૉક્ટરનો સંપર્ક કરવો.

*વો મેરે ભીતર અબ ભી કરવટેં બદલતા હૈ શાયદ*
*યે ચાદર કી સલવટે બયાં કર રહી હૈ સબ.*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૭૨

### શ્રી નાકોડા તીર્થ
### (શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાન)



આ પવિત્ર તીર્થધામ બાલોતરા રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર અને મેવાડનગરથી ૧ કિ.મી. દૂર જંગલમાં પર્વતોની વચ્ચે આવેલું છે. અત્યંત રમણીય પ્રાકૃતિક વાતાવરણ ધરાવતા આ તીર્થમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૫૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. પાર્શ્વપ્રભુની આ પ્રાચીન પ્રતિમા અત્યંત મનોરમ અને ચમત્કારિક છે. અહીંના અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજી મહારાજના ચમત્કારો પણ સર્વત્ર વિખ્યાત છે. નાકોડાનું પ્રાચીન નામ વીરમપુર હોવાનો ઉલ્લેખ મળે છે. એમ કહેવાય છે કે વિક્રમની પૂર્વે ત્રીજી સદીમાં શ્રી વીરસેન અને શ્રી નાકોરસેન નામના બે ભાઈઓએ વીસ માઈલના અંતરે વીરમપુર અને નાકોરનગર ગામ વસાવ્યા અને તેમાં અનુક્રમે શ્રી ચંદ્રપ્રભ ભગવાન અને શ્રી સુપાર્શ્વ ભગવાનના મંદિરનું નિર્માણ કરાવ્યું. પ.પૂ.આ. શ્રી સ્થૂલિભદ્રસ્વામીજીના સુહસ્તે એની પ્રતિષ્ઠા કરાવી અને તે આ તીર્થની એક વિશેષતા ગણાય. અનેક સમર્થ આચાર્યો અને રાજવીઓએ વખતોવખત આ તીર્થની યાત્રા કરી અને જરૂર જણાઈ ત્યારે જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ પણ મળે છે. એ પછી મુસલમાનોના આક્રમણોને કારણે આ મંદિરને ઘણી ક્ષતિ પહોંચી. વિ.સં. ૧૪૨૯માં એની ફરી પ્રતિષ્ઠા કરવામાં આવી. વિ.સં. ૧૫૧૧ના જીર્ણોધ્ધાર સમયે પ્રગટ પ્રભાવી અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજીની સ્થાપના કરવામાં આવી. વિ.સં. ૧૫૬૪, વિ.સં. ૧૬૩૮માં આ તીર્થના જીર્ણોધ્ધારની વિગત મળે છે. એ પછી પણ વખતોવખત આવશ્યક જીર્ણોધ્ધાર થતા રહ્યા છે. આ જ મંદિરમાં લગભગ ૧૬મી-૧૭મી સદીના શ્રી આદિશ્વર ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનનાં મંદિરો પણ આવેલા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૭૩

### શ્રી સાચોર તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)




રાજસ્થાનના રાણીવાડા રેલવે સ્ટેશનથી ૪૮ કિ.મી. દૂર આવેલા શ્રી સાચોર (સત્યપુર) તીર્થ જવા માટે જાલોર, ભિન્નમાલ, બાડમેર, જોધપુર તેમજ શિરોહીથી બસની સગવડ છે. સાચોર ગામની મધ્યમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની ચમત્કારિક પ્રતિમા બિરાજમાન છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમયનું આ તીર્થ હોવાથી તેમજ ગૌતમ સ્વામીએ રચેલા 'જગચિંતામણિ' સ્તોત્રમાં આ તીર્થનું વર્ણન હોવાથી એની પ્રાચીનતા અને મહિમા વિશેષ છે. મૂળનાયક ભગવાન શ્રી મહાવીર સ્વામિની પ્રતિમા ખૂબ જ મનોહર અને ભાવવિભોર કરે તેવી છે. એ જીવંત સ્વામિના નામથી પણ પ્રસિદ્ધ છે. એક સમયે આ તીર્થ જાહોજલાલી ધરાવતું હતું અને ૧૩૦ જેટલા જિનાલયોથી સુશોભિત હતું. સમયના પરિવર્તનની સાથોસાથ આજે અહીં માત્ર છ જિનાલય મળે છે. આ નગરનું પ્રાચીન નામ સત્યપુર કે સત્યપુરી હતું. વળી આ નગર કવિવર્ય ઉપાધ્યાય શ્રી સમયસુંદર મ.ની જન્મભૂમિ પણ છે. ૧૪મી સદીમાં પૂ. શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલાં 'વિવિધ તીર્થ કલ્પ'માં એવો ઉલ્લેખ છે કે પરાક્રમી શ્રી નાહડ રાજાએ વિ.સં. ૧૩૦ની આસપાસ ગગનચુંબી મંદિરનું નિર્માણ કરીને ભગવાન મહાવીર સ્વામીની સુવર્ણમયી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. વિક્રમની ૧૩મી સદીમાં કનોજના રાજા દ્વારા ભગવાન મહાવીરનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. અહિયા વર્તમાનમાં જે મસ્જિદ છે તે પ્રાચીનકાળમાં જૈન મંદિર હતું. એમ કહેવાય છે કે એના જૂના પથ્થર પરના શિલાલેખોમાં વિ.સં. ૧૩૨૨ વૈશાખ વદ ૧૩ના દિવસે ભંડારી શ્રી છાડા શેઠ દ્વારા મહાવીર ભગવાનનાં મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યાનો લેખ મળે છે. અલ્લાઉદ્દીન ખિલજી જે સુવર્ણમયી પ્રતિમા દિલ્હી લઈ ગયો હતો તેની ભાળ મળતી નથી. આ મંદિરનો અંતિમ જીર્ણોધ્ધાર વિ.સં. ૧૯૬૩માં થયો હતો.

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૫

મહેન્દ્ર લખમશી મોતા
(નલિયા, અમદાવાદ)
ફોન : (૦૭૯) ૨૬૮૫ ૫૧૧૦

*'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી-૨૦૨૫ના અંકમાં આપણે મુંદ્રા શહેર અને મુંદ્રા તાલુકામાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવી. 'મંગલ મંદિર'ના આ અંકમાં આપણે અંજાર શહેર, અંજાર તાલુકા અને ગાંધીધામ શહેરમાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવીએ.*

## અંજાર શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ. શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર - નયા અંજાર.
શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત શ્રી મહાવીર વિવિધ લક્ષી હોલના મેનેજર : શ્રી જેઠાલાલ : ફોન : ૨૪૧૧૧૧.
સાંઇબાબા મંદિર પાસે, જૈન કોલોની.
સંચાલન : શ્રી શિરીષભાઈ. મો. ૯૪૨૬૯ ૧૬૧૭૦, શ્રી હરીશ : મો. ૯૪૨૬૪ ૯૨૨૫૦

**૨.** વર્ધમાન નગર શ્રી વાસુપૂજ્ય સ્વામિ જૈન દેરાસર.

**3.** કલાપૂર્ણ જેસીસ નગર, રેલવે સ્ટેશન સામે, શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન દેરાસર.
આ બે દેરાસર અલગ અલગ વિસ્તારમાં છે. તપગચ્છ સંઘ એક છે.
શ્રી અતુલભાઈ વોરા - પ્રમુખ. મો. ૯૮૨૫૪ ૨૧૭૭૩. શ્રી વનેચંદભાઈ ગઢેચા : મો. ૯૭૧૨૦ ૭૮૫૭૯

**૪.** ચંપક નગર. શ્રી વિમલનાથ પ્રભુજી. શ્રી ધીરેન્દ્રભાઈ વોરા : મો. ૯૮૨૫૨ ૬૯૯૬૮,
શ્રી નીતિનભાઈ વોરા : મો. ૯૯૦૯૩ ૭૬૭૫૬, શ્રી પરેશભાઈ : મો. ૯૭૨૭૭ ૪૭૫૯૧

**૫.** દાદાવાડી ખરતરગચ્છ શ્રી અભિનંદન સ્વામિ પ્રભુજી.
શ્રી જયેન્દ્રભાઈ - ટ્રસ્ટી. મો. ૯૪૨૬૯ ૭૬૮૬૦, શ્રી જતીનભાઈ પારેખ - ટ્રસ્ટી મો. ૯૬૦૧૨ ૫૬૦૧૨
વર્ધમાન જૈન ભોજનાલય, દાદાવાડી ગ્રાઉન્ડ, વરસામેડી નાકા બહાર, કુશલ નગર.
શ્રી મનસુખભાઈ દેવરાજ શાહ - પ્રમુખ. મો. ૯૩૭૭૭ ૨૫૪૧૧
શ્રી અતુલભાઈ ગુલાબચંદ વોરા - મંત્રી. મો. ૯૮૨૫૪ ૨૧૭૭૩
દાદાવાડી અતિથિગૃહ. શ્રી જયેન્દ્રભાઈ પારેખ મો. ૯૪૨૬૯ ૭૬૮૬૦, શ્રી જતીનભાઈ પારેખ : મો. ૯૬૦૧૨ ૫૬૦૧૨

## અંજાર તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** **નવી દૂધઈ (ઇન્દ્રપ્રસ્થ).** શ્રી વાસુપૂજ્ય સ્વામિ.
શ્રી રમેશભાઈ : મો. ૯૪૨૭૯ ૭૬૦૨૯, શ્રી જીગરભાઈ : મો. ૯૮૨૫૪ ૭૪૨૨૨

**૨.** **ભુવડ.** શ્રી અજિતનાથ પ્રભુજી. શ્રી પ્રવીણભાઈ : મો. ૯૮૨૫૫ ૫૯૩૯૦

## ગાંધીધામ શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** અંતરજાળ : શ્રી વિમલનાથ પ્રભુજી. શ્રી મહેશભાઈ લોડાયા. પેઢી ટેલિફોન : (૦૨૮૩૬) ૨૬૨૧૮૦

**૨.** આદિપુર : શ્રી આદિનાથ પ્રભુજી. આ બે દેરાસર અલગ અલગ ગામમાં વિસ્તારમાં છે. સંચાલનકર્તા એક છે.
શ્રી મહેશભાઈ લાલકા : મો. ૯૮૨૫૨ ૮૭૫૫૫, શ્રી મિતેશભાઈ એમ. ધરમશી : મો. ૯૮૨૫૨ ૨૬૫૫૭
નોંધ : પાછળથી જાણવા મળ્યા મુજબ ધ્વજા ચડાવવા સહિત તમામ વિધિ થાય છે. આ બે દેરાસર શિખરબંધી નથી.

**3.** મેઘપર બોરીચી આદિપુર. શ્રી જીરાવલ્લા પ્રભુજી.
શ્રી ચંપાલાલભાઈ પારેખ : મો. ૯૮૨૫૨ ૪૧૫૬૨, શ્રી મૂલચંદ વોરા : મો. ૯૮૨૫૨ ૪૧૫૬૨

૪. (૧) ડી.બી.ઝેડ નોર્થ - ગાંધીધામ. ૧૨૧ વર્ષ જૂનું દેરાસર. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી.

૫. (૨) પ્લોટ નં. ૧૩૬, વોર્ડ ૧૨-બી, ચાર રસ્તા, પોલીસ સ્ટેશન પાસે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી.
(૩) શ્રી જૈન શ્વે.મૂ. સંઘ ગાંધીધામ સંચાલિત વિવિધલક્ષી મહાજનવાડી. પ્લોટ નં. ૨૨૪, વોર્ડ ૧૨-બી, ગાંધીધામ પોલીસ સ્ટેશન સામે. આ ત્રણેય સંસ્થાના સંચાલનકર્તા એક છે.
શ્રી ચંપાલાલભાઈ પારેખ : મો. ૯૪૨૬૨ ૧૮૦૫૧, શ્રી જિતેન્દ્રભાઈ છેડા : મો. ૯૪૨૬૯ ૫૬૨૧૨

૬. ભારતનગર. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી મહેશભાઈ લાલકા : મો. ૯૮૨૫૨ ૮૭૫૫૫, શ્રી મિતેશ ધરમશી : મો. ૯૮૨૫૨ ૨૬૫૫૭

૭. નાકોડાનગર. શ્રી નાકોડા પાર્શ્વનાથ પ્રભુજી. મેનેજર શ્રી ભગવાનભાઈ : મો. ૯૭૨૩૫ ૦૩૨૭૨
શ્રી મનસુખભાઈ અમુલખભાઈ પુંજ મો. ૯૮૭૯૭ ૪૭૨૦૭, શ્રી સંદીપ કિશોરભાઈ શાહ : મો. ૯૮૭૯૫ ૯૮૨૨૬

૮. શ્રી અખિલ ગચ્છ દિગંબર જૈન સમાજ ગાંધીધામ શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી. પેઢી મો. ૭૫૭૪૦ ૬૧૦૦૯,
શ્રી રાકેશભાઈ અજમેરા : મો. ૯૪૨૬૪ ૯૭૧૫૧, શ્રી હિતેન્દ્રભાઈ જૈન : મો. ૯૮૭૯૫ ૮૩૧૫૧
શ્રી રાજસ્થાન જૈન ભોજનશાળા, ડી.બી.ઝેડ નોર્થ ૭૮, અગ્રવાલ ભવન પાસે.
શ્રી ખુશાલભાઈ મોમાયા : મો. ૭૪૩૫૮ ૬૮૭૮૯, ટ્રસ્ટી શ્રી દેવેન્દ્રભાઈ : મો. ૯૪૨૬૯ ૯૦૬૦૬
શ્રી રાજેન્દ્ર લુકર : મો. ૯૮૭૯૫ ૩૦૨૪૭
શ્રી ક.દ.ઓ. જૈન મહાજનવાડી (અતિથિ ગૃહ). પ્લોટ નં. વોર્ડ ૯એ.
શ્રી લહેરચંદ ખોના : મો. ૯૮૨૫૧ ૩૮૧૦૩, શ્રી મહેશભાઈ લાલકા : મો. ૯૮૨૫૨ ૨૬૫૫૫

૯. શ્રી ક.વી.ઓ. જૈન અતિથિ ગૃહ, રેલવે સ્ટેશન સામે. શ્રી મયુરભાઈ : મો. ૬૩૫૬૨ ૨૦૮૩૫

## "રાઈટ ટુ ડાઈ"નો અધિકાર

ભારત દેશના અનેક રાજ્યોમાંથી કર્ણાટક એવું પ્રથમ રાજ્ય છે કે જેણે લોકોને 'રાઈટ ટુ ડાઈ'નો અધિકાર આપ્યો. (તા. ૧૬-૨-૨૦૨૫ના વર્તમાનપત્રના સમાચાર)

કાયદાના આધારે વ્યક્તિ લિવિંગ વિલ તૈયાર કરાવીને સ્વમાન સાથે મૃત્યુને પસંદ કરી શકશે.

આ કાયદાનો સાર મુજબ જીવનનો અંત નહીં પણ પીડાનો અંત લાવવાનો છે.

'પેસિવ યુથનેસિયા' અને 'રાઈટ ટુ ડાઈ'માં તફાવત છે.

'રાઈટ ટુ ડાઈ'નો અધિકાર જુદો છે. તેને ઈચ્છા મૃત્યુ સાથે સરખાવી શકાશે નહીં. બંનેની કાયદાકીય જોગવાઈઓ જુદી છે.

બંધારણીય અધિકાર હેઠળ જ આ અધિકાર અપાયો છે.

ગંભીર બીમારીથી પીડાતા અને અસાધ્ય બીમારીથી પીડાતા લોકોને મુક્તિ મેળવવાનો કાયદાકીય વિકલ્પ આ અધિકાર બની રહેશે.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં નવા સુધારા સાથે કર્ણાટકે આ રીતે પહેલ કરેલ છે. ■

## ભૂલ સુધાર ● 'મંગલ મંદિર' ફેબ્રુઆરી-૨૦૨૫

★ *પાના નંબર-૬૮ ઉપર ક્રમ નં.-૧૩માં*
શ્રી બગડા આઠ કોટી જૈન સંઘના પ્રમુખ તરીકે
**શ્રી ચેતન ભવાનજી છેડા - મુંબઈ**
(મો. ૯૮૨૦૮ ૦૮૬૮૧)નું નામ ઉમેરીને વાંચવું.

## કાડજો પિરભાવ (સમયનો પ્રભાવ)

જિંધગી કર્મેજો કાવ આય
જેડા ભાગ તેડો ભાવ આય.

ગમંધો ઉત જપાટે વરાબો
પસનગી મિઠડી આવ આય.

જામીન નઈ ડેરાય મુગતી
નયો કાયધો નઉં ડાવ આય.

મનફાવે માડુ ખીલા ઠોકિંધા
ચિઠ ખોધણું સુભાવ આય.

ટેમ ટેમ તે અછેરા થિયે પ્યા
'કેતુ' કાડજો પિરભાવ આય.

***કેતના છેડા 'કેતુ' ● મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

જો પોતાનાથી નજીક રહેવું હોય
તો મૌન રહેવું;
અને
પોતાનાને નજીક લાવવા હોય
તો મનમાં ન લેવું.

માણસને બોલતા શીખતા
બે વર્ષ લાગે છે.
પણ શું બોલવું, ક્યારે બોલવું,
કેટલું બોલવું શીખવામાં
આખી જિંદગી નીકળી જાય છે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi
VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



*Book Shelf*

English & Gujarati books

**For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362**

e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com

16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009

Like Us On | Book Shelf | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

★ Conditions apply



SKYBLUE STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી,
કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**